# પ્રકરણ બીજું

# શ્રીમન્નૃસિંહાચાર્યજી

# અને

# શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ

## પ્રકરણ ૨

## શ્રીમન્નૃસિંહાચાર્યજી અને

## શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ

### સાત પેઢીનો સંસ્કારવારસો

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આદ્ય સંસ્થાપક અને આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીનો પ્રાદુર્ભાવ સંવત્ ૧૯૧૦ના કાર્તિક માસની કૃષ્ણચતુર્દશીએ (ઇ.સ. ૧૮૫૩માં) પવિત્ર તીર્થરૂપ મનાતી તાપી નદીના કિનારે સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ નામના નાના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ દુર્લભરામ દેવેશ્વર યાજ્ઞિક અને માતાનું નામ મહાલક્ષ્મી. જ્ઞાતિએ વીસનગરા નાગર. અસલ અટક બીજી હશે. પરંતુ ચારપાંચ પેઢીથી વેદાધ્યયન અને યજ્ઞનારાયણની ઉપાસના અવિરત ચાલુ હોવાથી, યાજ્ઞિક અટક પડી હોવાનું અનુમાન થાય છે.

શ્રી કૃષ્ણ-બળદેવનું નામકરણ કરનાર જ્યોતિષાચાર્ય શ્રી ગર્ગાચાર્યજીના પવિત્ર કુલગોત્રમાં શ્રી સુંદરેશ્વર યાજ્ઞિક પ્રેમાનંદના સમયમાં વિસલનગરમાં થઇ ગયા. તેઓ ધુરંધર પંડિત અને વૈદિક કર્મકાંડમાં નિષ્ણાત હોવા ઉપરાંત કુશળ કવિ હતા. ઉત્તરાવસ્થામાં સંન્યાસી બનેલા સુંદરેશ્વર પ્રતિ ગુજરાતના મહાકવિ પ્રેમાનંદ પૂજ્યભાવ રાખતા. નંદરબારમાં જ "શ્રી સુંદરેશ્વર સ્વામીની દેરી" તરીકે આજે પણ તેમનું સમાધિસ્થાન પ્રસિધ્ધ છે. "સુંદર સુરા, વેદે પૂરા" એ પ્રચલિત લોકોક્તિ અનુસાર, સુંદરેશ્વરના પુત્ર સુરેશ્વર પણ પિતાની પેઠે વેદશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. તેમણે રચેલ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના ભાષાન્તર ઉપરાંત અન્ય કૃતિઓ આજે ઉપલબ્ધ નથી. તેમના પુત્ર સોમેશ્વર પણ ત્રણ ભાષાના જાણનાર બહુશ્રુત વિદ્વાન હતા. હિંદીમાં અને ગુજરાતીમાં રચેલી તેમની કેટલીક કૃતિઓ અત્યંત જીર્ણાવસ્થામાં દુર્લભરામને મળી હતી પણ

તેને ઉકેલીને તેનું સંસ્કરણ ન થતાં હાલમાં તે પ્રાપ્ય નથી. સોમેશ્વરના પુત્ર ઉદયચંદ્ર તો ગુજરાતી, સંસ્કૃત, ફારસી, હિંદી તેમ જ પ્રાકૃત, ગ્વાલી (!) વગેરે ભાષાઓના જ્ઞાતા હતા. તેઓ સારા કવિ અને રસમીમાંસાના પણ અભ્યાસી હતા. તેમના નામે ગણાતી છટાદાર હિંદી ગ્વાલી ભાષામાં લખાયેલી "શ્રી રાધામાધોકેલી-પચ્ચીસી" નામની શૃંગારરસની મધુર કૃતિને "કેલાપચીસ" નામથી પણ ઓળખવામાં આવે છે. આ કૃતિનાં પાત્રોનાં નામ રાધા અને માધવ હતાં કે પછી ઉદયચંદ્રના "માધવ" નામના સુપુત્રે "કેલાપચીસ" નામની એક કૃતિ રચી, એ નિર્ણીત થઇ શક્યું નથી. ધર્માનુરાગી ઉદયચંદ્રે તો દિલ્હીમાં રહીને ધર્મઝનૂની ઔરંગઝેબની અસહિષ્ણુ કડક નીતિની સામે પણ પોતાના પરંપરિત યાજ્ઞિક કુલોપચાર અને વિદ્યાપ્રકાશનું ગૌરવ અક્ષુણ્ણપણે જાળવ્યું હતું. તેમના પુત્ર સર્વેશ્વર પણ સુરતમાં અગ્નિહોત્રી આચાર્ય તરીકે પંકાયા હતા. સર્વેશ્વરના પુત્ર દેવેશ્વરે યાજ્ઞિકવૃત્તિનો પરિત્યાગ કરી, પંચમવેદ-આયુર્વેદના અધ્યયન માટે દેશમાં પ્રવાસ કર્યો અને કડોદમાં આવી, કુશળ વૈદ્ય તરીકે તેઓ પ્રતિષ્ઠા પામ્યા.

દેવેશ્વરના પુત્ર દુર્લભરામ પણ પરમભક્ત અને સાહિત્યનો જીવ હતા. તલાટી તરીકે તેમની બદલી બારડોલીથી કડોદમાં થઇ હતી. કવિ પ્રેમાનંદનાં આખ્યાનો, કવિ શામળની પદ્યવાર્તાઓ ઉપરાંત અન્ય કવિઓની કૃતિઓની સારા સુઘડ અક્ષરે નકલ કરવામાં તે આનંદ અનુભવતા. આ અપરિગ્રહી વિદ્વાનની આ પ્રકારની વિદ્યાભિરુચિએ તેમની પાસે ઘણી કૃતિઓનો તથા ઘણાં ભજનોનો પરિગ્રહ કરાવ્યો હતો. મ.સ. યુનિવર્સિટીના અલંકાર રૂપ "પ્રાચ્ય વિદ્યામંદિર" તરફથી પ્રસિધ્ધ થતી "પ્રાચીન કાવ્યમાલા"ની શુભ શરૂઆત (પ્રથમ અંક તરીકે) કવિ પ્રેમાનંદ કૃત "હારમાળા"ના પ્રકાશનથી થયેલી છે. આ "હારમાળા"ની અનેક પ્રતોમાંથી મુખ્ય

વિશ્વસનીય પ્રત શ્રીનૃસિંહાચાર્યના પિતા દુર્લભરામજીના હાથની લખેલી હતી. એ રીતે તેમણે ગુજરાતી સાહિત્યની મોટી સેવા કરી છે.

દુર્લભરામ અને મહાલક્ષ્મીબાનું દામ્પત્યજીવન પ્રસન્નમધુર અને ભક્તિપરાયણ હતું. તેમનાં છ પુત્ર અને એક પુત્રીના પરિવારમાં[1] નૃસિંહાચાર્યજી પાંચમા પુત્ર હતા. નૃસિંહાચાર્યજીના બંધુઓ પૈકી લલ્લુભાઇ દાદા દેવેશ્વરની માફક સુરતમાં વિખ્યાત વૈદ્ય હતા. દલપતરામ (દલપતિરામ ?) સંસ્કૃત, હિંદી અને ગુજરાતીમાં કાવ્યો રચતા. "સકલશાસ્ત્રનિરૂપણ" નામનો તેમનો ગ્રંથ પ્રસિધ્ધ છે. જમીયતરામ પોલીસ ખાતામાં હતા અને માધવરામ વકીલ હતા. દુર્લભરામના છેલ્લા પુત્ર ઉત્તમરામ કવિ અને સંગીતકાર હોઇ હરિદાસી કીર્તનકાર તરીકે પ્રખ્યાતિ પામ્યા હતા. તેઓ સારા નટ પણ હોઇ ગુર્જર નાટ્યપિતા રણછોડલાલ ઉદયરામના "લલિતાદુઃખદર્શક" નાટકમાં તેમણે "લલિતા"ની ભૂમિકા ઉત્તમ રીતે ભજવી લોકાદર મેળવ્યો હતો.

આમ, હજારો લોકોનાં હૃદયમાં અલૌકિક જ્ઞાનદીપ્તિ ઝળકાવનાર તથા પોતાનાં વિવિધ સર્જનોથી ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ કરનાર શ્રીમન્નૃસિંહાચાર્યજીના સાત પેઢી પર્યંતના પૂર્વજો પણ વેદ-યજ્ઞ આદિ

---

૧. જુઓ પૃ.૭૨ પર "વંશવેલી".

## વંશવેલી

ગર્ગાચાર્ય

અનેક પેઢી પછી

સુંદરેશ્વર

સુરેશ્વર

સોમેશ્વર

ઉદયચંદ્ર

સર્વેશ્વર | કામેશ્વર | કોટીશ્વર | કર્ણેશ્વર | માધવ {૧}

દેવેશ્વર | સૂર્યરામ

દેવબહેન | પ્રાણબહેન | ઉમેદબહેન {૧} બહેન | દુર્લભરામ {લગ્ન : દુર્લભગૌરી, મહાલક્ષ્મી}

દુર્લભરામ

નંદકુમારી | લલ્લુભાઈ | દલપતરામ | માધુભાઈ | જમિયતરામ | નૃસિંહાચાર્ય {૧૮૫૩-૧૮૯૭} | ઉત્તમરામ

નૃસિંહાચાર્ય

નર્મદાગૌરી

મંગલાગૌરી સ્વ. ૧૮૮૦

રુક્મિણી દેવી સ્વ. ૧૮૭૭

ભારતી દેવી (૧૮૯૫થી ૧૯૩૧) | ઉપેન્દ્રાચાર્ય : જયન્તી દેવી : {૧૮૮૫ થી ૧૯૩૭} | સુરેશ્વરાચાર્ય : અરવિંદા દેવી {૧૮૯૭ થી ચાલુ} (૧૯૦૧થી ચાલુ)

કૈવલ્યદેવ (૧૯૨૧થી ચાલુ) | પયસ્વિની બહેન (૧૯૨૪ થી ૧૯૫૦) | નિરંજનદેવ (૧૯૨૬ થી ૧૯૭૦) | ચૈતન્યદેવ (૧૯૨૯થી ચાલુ) | સુભાગિની બહેન (૧૯૩૪થી ચાલુ)

સનાતન ધર્મના સંસ્કારોની પ્રણાલિકાના સંવાહકો અને સંરક્ષકો હોવા ઉપરાંત, સાહિત્યરસિક વિદ્વાનો અને સુકવિઓ પણ હતા, એ પ્રતીત થાય છે.

..... ..... .....

શિક્ષણ અને સાધના

દુર્લભરામ નવરાશના સમયમાં નકલો ઉતારતા હતા. પરંતુ રાત્રે તો તેમના ઘેર ભાવિકોની ભીડ જામતી. દુર્લભરામ પોતે સુમધુર કંઠે જુદા જુદા ભાવ-ઢાળનાં ભજનો અને કીર્તનો ગાતા અને ગવડાવતા. કદીકદી તેઓ ભાગવત, આત્મપુરાણ વગેરે સદ્ગ્રંથોનું એકત્ર મંડળી સમક્ષ વાચન-વિવેચન કરતા. તેમની પાસેથી તંબુરા સાથે કેદાર રાગ સાંભળ્યા સિવાય લોકો ઘેર જતા નહીં. આમ તેમની આસપાસ સત્સંગનું વાતાવરણ જામતું. ધ્યાન, ધૂન, ભજન, કીર્તન કે વાચન-શ્રવણ..... દરેક પ્રસંગે ઘણુંખરું બાલનૃસિંહ તેમની પાસે જ રહેતા. (તેની ભાવિ મહત્તા અને મહાનુભાવિતા તથા તેના દૈવી અંશ વિશેનો સંકેત સૂચવનારા અનેક પ્રસંગો છે. પણ અત્રે એ ચમત્કારિક ઘટનાઓનું આલેખન ઉચિત નથી.) કુટુંબના શિષ્ટ ધર્મ્ય સંસ્કારોથી સંપન્ન વાતાવરણમાં ગ્રહણશીલ બાલકનૃસિંહશર્માને સુયોગ્ય પોષણ મળ્યું. તે પોતે પણ નાની વયમાં સંતોનાં ગૂઢ તત્ત્વજ્ઞાનથી ભરેલાં ભજનો કંઠસ્થ કરી સુમધુર કંઠે લલકારવા લાગ્યા. નાનપણથી જ તેમને કવિતા અને સંગીતકલા પ્રત્યે સ્વાભાવિક આકર્ષણ થવા લાગ્યું. આઠ વર્ષની વયમાં તો તેમણે પિતા પાસેથી જ - ગૃહઆંગણે - ભાષા, ગણિત વગેરેનું સંગીન જ્ઞાન મેળવી લીધું. પિતાએ ઉતારેલ અને કદીકદી પોતે પણ ઉતારેલ નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, શામળ વગેરે કવિઓની કૃતિઓનો પણ તેમને અભ્યાસ થઇ ગયો. તેમની વિલક્ષણ કોટીની ગ્રહણશક્તિ, સ્મૃતિ અને ધૃતિ માટે સૌકોઇના મનમાં આશ્ચર્ય અને આદર ઉત્પન્ન થતાં.

"એકવાર વાંચેલું શ્રીમન્નૃસિંહાચાર્યજીની સ્મૃતિમાં એટલું સુદૃઢ અંકિત થતું કે પુનઃ તે સ્મૃતિમાંથી કદી પણ જતું નહિ. આઠ વર્ષની વય પછી શામળની ઉક્ત સર્વ વાર્તાઓ પુનઃ વાંચવાનો યોગ એમને કદી આવ્યો ન હતો, તો પણ એમના ૨૬-૨૭ વર્ષના સંધિમાં એક પ્રસંગે કેટલાક શ્રેયસ્સાધકોની સમીપ ગુજરાતના કવિઓ સંબંધમાં વાર્તા ચાલતાં શામળ વિષે વાર્તા નીકળેલી, ત્યારે એ કવિની વાર્તાલેખનશક્તિ ઉચ્ચ પ્રકારની હતી એવું પ્રતિપાદન કરતાં પોતેશ્રીએ તે પ્રસંગે સાધકો સમક્ષ "ચાર કળશ"ની વાર્તા કહી હતી. એ વાર્તા એમની પ્રાસાદિકી વાણીમાં એટલી ઉત્તમ પ્રકારે એમણે કહી હતી કે સાધકો વાર્તાના રસમાં કેવળ તન્મય થઇ ગયા હતા; અને ત્યારપછી પણ કોઇ કોઇ પ્રસંગે નિવૃત્તિનો સમય હોય ત્યારે શામળની અન્ય વાર્તાઓ કહેવા સાધકોથી વિનવવામાં આવેલું ત્યારે એમણે આઠ વર્ષની બાલ્ય વયમાં વાંચેલી ઘણીખરી વાર્તાઓ ઉક્ત પ્રકારે સાધકો પ્રતિ કહી બતાવેલી અને એમનો વાણીનો પ્રવાહ એટલો અસ્ખલિત ચાલતો હતો કે કોઇપણ પ્રસંગ વિસ્મૃતિથી રહી ગયાનું કે પૂર્વાપર થયાનું લેશ પણ ભાન કોઇને થયું ન હતું. શામળની વર્ણનશૈલીનો આ લેખકને અધિક અનુભવ નથી, પરંતુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના વદનસુધાંશુમાંથી સ્રવેલું એ વાર્તામૃત તો શ્રવણ કરનાર સર્વને એટલા બધા આનંદરસનો આસ્વાદ અર્પતું હતું કે મધ્યરાત્રિના સંધિમાં ઘણે પ્રસંગે વાર્તાનો આરંભ થતાં પણ શ્રેયસ્સાધકો શ્રવણ કરવા બેસી રહેતા. વાર્તાકથનપ્રસંગે જે જે સ્થલોમાં કંઇ બોધ લેવા જેવા પ્રસંગો આવતા તે તે સર્વ પ્રસંગોમાંથી એવો ઉત્તમ પ્રકારનો સાર પ્રબોધવામાં આવતો કે શૃંગારાદિ રસવાળી વાર્તાઓમાંથી પણ પરિણામે સાધકોને વિવેક વૈરાગ્યાદિ સાધનોનો જ બોધ થાય".[1]

---

૧. "મહાકાલ" સંવત ૧૯૬૦ અંક ૧૦ : શ્રી વિશ્વવંદ્ય : "શ્રીનૃસિંહલીલામૃત" પૃ. ૩૨૪

બાળકના ભાવિ વિકાસની તમન્ના સેવતા - પ્રભુમય જીવન ગાળતા - પિતાને કઠોદની તલાટીની નોકરીમાંથી રાજીનામું આપવાનું નિમિત્ત પ્રાપ્ત થયું એટલે તે સુરત આવીને રહયા. બાળ નૃસિંહને સુરતની શાળામાં, તેની આવડત વગેરેની કસોટી બાદ, પાંચમાં ધોરણમાં પ્રવેશ મળ્યો. તેઓ ફી આપવાના દિવસે, કવચિત્ માસમાં એકાદ બે વખત અને પરીક્ષાના દિવસોમાં જ શાળામાં હાજરી આપતા ; છતાં પરીક્ષામાં તેઓ ઉત્તમ ગુણથી ઉત્તીર્ણ થઇ સર્વને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતા. નવમે વર્ષે સાતમું ધોરણ પસાર કરીને તેઓ સુરતની મિશન સ્કૂલમાં દાખલ થયા. અહીં પણ તેઓ શાળામાં "નિયમિત રીતે અનિયમિત" રહેતા અને પરીક્ષાનાં પરિણામોથી સૌ કોઇને વિસ્મય પમાડતા. આ પ્રકારે શાળામાં અનિયમિત રહેનાર "રખડેલ" વિદ્યાર્થી પરીક્ષામાં વિજય મેળવતાં, એક વખતે સંદેહ કરવાથી શાળાના સત્તાધીશોએ તેમની અચાનક પુનઃ પરીક્ષા લીધી અને તેમાં ય તેમણે જવલંત ફત્તેહ મેળવી !

અભ્યાસકાળ દરમ્યાનનું નૃસિંહશર્માનું બાહ્યભ્રમણ લૌકિક નહીં પણ અલૌકિક સત્યવિદ્યાની ખોજ માટેનું વાસ્તવ ભ્રમણ હતું. ઘેરથી નીકળીને તેઓ સુંદર જળાશય કે નદીના તીરે, વનપ્રદેશમાં, કુદરતની કમનીય ગોદમાં કે કદીકદી સાધુસંતોના અખાડામાં એકાંતસેવન અને બ્રહ્મચિંતન કરતા. અસંખ્ય શ્રેયસ્સાધકો અને શ્રધ્ધાન્વિત ભકતો આચાર્યશ્રીને લીલાતનુ માનતા હોવાથી, એ વિદિતવેદ્ય મહાપુરુષનો તત્ત્વાનુભવ અને સ્વરૂપાવબોધ સ્વયંસિધ્ધ અને સ્વતઃ સ્ફુરિત હતો ; લૌકિક - અલૌકિક સર્વ જ્ઞાનરાશિ તેમના હૃદયમાં પ્રત્યક્ષવત્ હતો. પરંતુ બાહ્ય વ્યાવહારિક દ્રષ્ટિએ શિક્ષણ-સંસ્કારના નિમિત્તો દ્વારા તેમના ગૂઢ જ્ઞાનજયોતિ પરનાં આવરણો દૂર થવાની - કરવાની જરૂર હતી - એવો અભિપ્રાય તેઓ (સાધકો) ધરાવે તે સ્વાભાવિક છે.

ગમે તેમ હોય પરંતુ તેમના જીવનચરિત્ર પરથી એક વાત તો નિર્વિવાદપણે ફલિત થાય છે કે, આ મહાપુરુષ ગુજરાતી અને મિશનરી શાળાનાં વર્ષો દરમ્યાન જ – સાતમા વર્ષથી ચૌદમા વર્ષ પર્યંત – અધ્યાત્મવિદ્યાને અનુકૂળ એવી એકાંતચિંતન, સંતસમાગમ, ધ્યાન-નિદિધ્યાસન આદિ સાધના-પ્રવૃત્તિમાં નિમગ્ન રહેતા, કારણ કે ૧૪મા વર્ષ પછી તેમણે કદી ય કોઇપણ ગ્રંથનું અવલોકન કર્યું નથી, કે એકાંતસેવન દ્વારા નિર્વિકલ્પ સમાધિના આનંદ-અવગાહન સારું સાધનાભ્યાસ માટે સવિશેષ પ્રવૃત્તિ પણ કરી નથી. ત્યારપછી તો તેઓ અખંડ અપરોક્ષાનુભૂતિની સર્વોચ્ચ શિખરસ્થિતિમાં જ આરૂઢ હતા, એમ શ્રી માસ્તર સાહેબ[1] જણાવે છે.

શ્રી નૃસિંહાચાર્યજીએ પાછળથી સૌરાષ્ટ્રના પ્રવાસ સમયે લખેલી "મનહર છંદ"ની કવિતામાં પોતાની બ્રહ્મકુમારીવાળી અવસ્થાના હેતુરૂપ સત્સંગ, બ્રહ્મચિંતન, નિદિધ્યાસન આદિ સાધના-સાધનોનો નિર્દેશ કર્યો છે :

"સાધનમેં સાધન જો બ્રહ્મકો વિચાર સો તો,
એકાન્તમેં બેઠ હમ નિશદિન કિયો હૈ,
સંત જન જહાં જહાં શ્રવનસેં સુને તહાં,
જાઇ જાઇ ચરનમેં શીર્ષ ધરી દીયો હૈ;

આપ અભિમાન છોડી સંતનકે બચનકું,
ભલી ભાંતિ સમજકે સુરસકું પીયો હે,
નૃસિંહ ખુમારી અબ ચઢી હૈ અપાર કછુ,
ભીખહુકે કાજ હમ ભેખ નહિ લીયો હૈ". [2]

---

૧. શ્રી માસ્તર સાહેબનું આખું નામ શ્રી છોટાલાલ જીવણલાલ (વિશ્વવંદ્ય). આ અગ્રણી સાધકવર્ય વિશે આગળ હકીકત આવશે.

૨. શ્રીમન્નૃસિંહાચાર્યજી – "નૃસિંહ વાણી વિલાસ દ્વિતીય પુસ્તક, પૃ. ૨૩૦

એકવીન હોરી-પદમાં પણ તેઓશ્રી સંતસંગતિમાં - બ્રહ્મલીન વૃત્તિના સંગમાં અખંડ રહયાનો નિર્દેશ કરે છે :

"સંત સંગતમેં અખંડ ચલ્યોરી, જગમેં મૂઢ કહાયો,
ગુરુ કે ચરનમેં પ્રીતિ લગાકે, શબ્દ હૃદય ઠહરાયો,
મન કછુ નહિ પલટાયો...
બ્રહ્મરસ ઐસે પાયો". [1]

પ્રથમ પ્રકરણમાં નિર્દેશ કર્યા પ્રમાણે તે સમયે અંગ્રેજી શાળાઓમાં - ખાસ કરીને મિશનરીઓ વ્હારા ચલાવાતી શાળાઓમાં - વિદ્યાર્થીઓને મોન્ટગોમરી, જેકસન, જોનસન કે ડીકસન (પાદરી) સાહેબોનાં દર્શનનો અને તેમનાં અમૃતમય (!) ધર્મસંભાષણોનો ફરજિયાત લાભ મળતો ! પરીક્ષામાં સારા ગુણાંક મેળવનારને "બાઇબલ"ની નવીન પ્રત પારિતોષક રૂપે મળતી. પાદરીઓ, શાસકોની ગુરુગ્રન્થિથી અને વાણીની અદા-છટાથી હિંદુધર્મની ખૂબ નિંદા કરતા અને ખ્રિસ્તી ધર્મની ઉચ્ચતા સ્થાપિત કરવા પ્રયત્ન કરતા. લઘુતાગ્રન્થિ અને ભયથી અવાક્ બની જતો બિચારો અજ્ઞાન ગરીબ ગુલામ વિદ્યાર્થી, અંગ્રેજોની નીતિરીતિથી અંજાઇને, ચૂપચાપ મળતો બોધ ગળે ઉતારી દેતો !

પરંતુ ભવિષ્યમાં વિશાળ પાયા પર ધર્મસ્થાપનાનું કાર્ય કરવા સર્જાયેલા કિશોરવયના નૃસિંહશર્માથી આ કેમ સાંખ્યું જાય ? તે તો નિર્ભયતાથી નિઃસંકોચપણે પાદરીઓને પ્રશ્નો પૂછતા, મળતા પ્રત્યુત્તરોનો પ્રતિવાદ-પ્રતિકાર પણ કરતા. એમ કરવામાં તેઓશ્રી, પાદરીઓની પેઠે, સામાના (ખ્રિસ્તી) ધર્મની નિંદા કરતા નહીં. તેઓશ્રી પ્રશાંતગંભીર વદને અત્યંત કુશળતાપૂર્વક

---

૧. શ્રીમન્નૃસિંહાચાર્યજી - "નૃસિંહવાણીવિલાસ" પ્રથમ પુસ્તક, પૃ. ૭૩

આર્યધર્મ વિશે પાદરીઓએ આરોપેલા અવગુણોનું નિરસન કરતા અને હિંદુધર્મના સાચા સ્વરૂપનું ભાન કરાવી તેઓને ચૂપ કરી દેતા. કિશોરવયમાં આવા વિલક્ષણ ધર્મવિચારો, જ્ઞાનસંપત્તિ અને વિવાદકૌશલ જોઇને પાદરીઓ મોહમુગ્ધ બની જતા. એક પાદરી તો નૃસિંહશર્માને ભાવપૂર્વક ભેટી પડેલો !

આવા બુધ્ધિશાળી પ્રતિભાસંપન્ન કિશોરનો ખ્રિસ્તીધર્મના પ્રચારમાં વિનિયોગ કરવાની કુટિલ સ્વાર્થી વૃત્તિથી પ્રેરાઇને વડા પાદરીએ રાજનીતિનો દાવ અજમાવ્યો. અઢળક ધન, આજીવિકાનું સરસ સાધન, સ્વર્ગીય સુખો માટેની સગવડો, ઊંચી પાયરીની નોકરી.... છેવટે ગોરી છોકરી સાથેનો વિવાહ અને વિદેશગમન વગેરે પાર્થિવ પ્રલોભનોની કાંઇપણ અસર સ્વધર્મમાં જ શ્રેયસ્‌ને[1] જોનારા–અનુભવનારા અને ઉદ્‌બોધનારા નૃસિંહશર્માને થતી હશે ખરી ? તેમણે તો ઉલટું શાસ્ત્રીય પધ્ધતિથી, ખ્રિસ્તીધર્મના સાહિત્યમાંથી જ આધારો આપીને પાદરી પંડિતોને પ્રતિબોધ કર્યો કે, ધર્મ એ તો માનવ–આત્માની સ્વયંસ્ફુરણાનો વિષય છે. ધર્મ એ વિક્રયનો વિષય નથી. આ રીતે પ્રચાર કાર્ય કરવાથી ખુદ (ખ્રિસ્તી) ધર્મનો જ ઉપહાસ થાય છે.... અને થશે.

તે વખતના તેમના કેટલાક સહાધ્યાયીઓ – જે પાછળથી ગુજરાતભરમાં જીવનના કોઇને કોઇ ક્ષેત્રમાં સ્વપ્રતિભાપ્રકાશથી પ્રખ્યાત થયા છે – બાળનૃસિંહની અપ્રતિમ પ્રતિભાથી પ્રભાવિત થયા હતા ત્યારે તેમને કલ્પના પણ ન હતી કે ભવિષ્યમાં એ તેજસ્વી બાળક વિશાળ "શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ની સ્થાપના

---

૧. श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥
(श्रीमद् भगवद्गीता, ३,३५)

દ્વારા ધર્મોધ્ધારનું કાર્ય કરશે. "ગુજરાતી" સાપ્તાહિકના સંસ્થાપક – તંત્રી સાક્ષર શ્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ એક અગ્રણી શ્રેયસ્સાધક શ્રી નગીનદાસ પુ. સંઘવી સમક્ષ કરેલા નિવેદનમાંથી અત્રે એક અવતરણ ટાંકીશું.

"તમારા ગુરુ તો અમારી સાથે મિશન સ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારે પણ, ખ્રિસ્તીધર્મનો ઉપદેશ કરનાર પાદરી સાહેબો સાથે પણ હિન્દુધર્મની ઉપર પાદરીઓ તરફથી કરાતા આક્ષેપોના રદિયા એવા સારા આપતા કે પાદરીઓનાં મુખ સ્તંભન થઇ જતાં. એકવાર શ્રીમન્નૃસિંહાચાર્યજીએ અમારા પાદરી શિક્ષકને એવા તો પ્રભાવશાળી વાદવિવાદથી કબૂલ કરાવ્યું કે,

"સર્વે ધર્મો અને સંપ્રદાયો ખરા છે, અને તે અધિકારપરત્વે કલ્યાણ કરનારા છે, તથા સર્વેના પરમેશ્વર એક જ છે. તેથી હરેક મનુષ્ય પોતાના ધર્મ પ્રમાણે પરમેશ્વરનું આરાધન કરે તેમાં બીજા ધર્મના અનુયાયીઓએ તેનો બુધ્ધિભેદ કરાવવાને કોઇપણ પ્રકારે પ્રયત્ન કરવો એ પરમેશ્વર પ્રત્યેનો અપરાધ છે".

શ્રીમન્નૃસિંહાચાર્યજીના આ વાદથી એ પાદરી સાહેબ જયારે થોડા વખત પછી માંદા પડયા અને તેમને પોતાનો અંતકાળ નજદીક આવેલો જણાયો, ત્યારે એમણે અમને બધા વિધાર્થીઓને કહયું કે,

"તમે સર્વે તમારા પોતાના ધર્મ અને સંપ્રદાય પ્રમાણે મારા આત્માના કલ્યાણ માટે પરમેશ્વરની પ્રાર્થના કરો".

તે પ્રમાણે અમે સર્વે વિધાર્થીઓએ પ્રાર્થના કરી ત્યારપછી બીજે દિને એ પાદરી સાહેબે દેહ છોડી દીધો.

શ્રીમન્નૃસિંહાચાર્યજી જો કે રમતગમતમાં સહાધ્યાયીઓ જોડે ભાગ નહોતા લેતા, તો પણ તેમના ઉપર સર્વે નિશાળીઆઓનો

પ્રેમ હતો અને તોફાનીમાં તોફાની અને અટકચાળા છોકરાઓ પણ જે જે તેમના વિશેષ સહવાસમાં આવતા તે તે છોકરાઓ સભ્ય અને ગંભીર થઇ જતા હતા એવા આશ્ચર્યકારક દાખલાઓ મારા જોવામાં અનેક આવેલા અને તેવી જ અસર તેઓશ્રીના વ્યકિતત્વની છાપની તમારા સર્વ શ્રેય:સાધકો પર જણાય છે..........આપણા સર્વ દેશીઓ અંગ્રેજોના રોફમાં અંજાયા વિના રહેતા નથી, પણ તમારા મહારાજ અમારી સ્કૂલના મોટામાં મોટા પાદરી સાહેબોથી પણ એક લેશમાત્ર પણ દબાતા નહિ, તેમ જ અંગ્રેજોને તેઓશ્રી કદિ પણ સાહેબ કહેતા નહિ. જયારે જયારે તેઓ અંગ્રેજો વિષે વાત કરે ત્યારે "ગોરા" અથવા "ટોપીવાળા" એ શબ્દોનો ઉપયોગ કરતા".[1]

ઉપરોકત અવતરણમાં આચાર્યશ્રીના શિષ્ય કે સાધકનો અભિપ્રાય નહીં પણ શ્રેયસ્સાધક અધિકારી વર્ગ બહારની તટસ્થ વિદ્વાન વ્યકિતનો અનુભવ વ્યકત થયો છે કે, આચાર્યશ્રીની બાલ્યાવસ્થા પણ કેવા વિલક્ષણ સદ્ગુણોથી અલંકૃત વ્યકિતત્વની ધોતક હતી.

## સત્સમાગમ : ગંગાદત્ત શુકલ, ભૂમાનંદસ્વામી, મધુસૂદન સ્વામી

આ પ્રમાણે લગભગ સવા-દોઢ વર્ષ ગુજરાતી શાળામાં અને અઢીથી ત્રણ વર્ષ અંગ્રેજી શાળામાં - અનિયમિત રીતે - ગાળ્યાં છતાં પણ તેમણે મેટ્રીકની (હાલની એસ.એસ.સી.ની સમકક્ષ) પરીક્ષા - વૃત્તિસ્વાતંત્ર્યને અનુસરીને - આપી નહીં ! તેમને લૌકિક વિધાધ્યયનના પ્રમાણપત્રની શી અપેક્ષા હતી ? માત્ર

---

૧. ~~"શ્રેય:સાર્વસ્વ"~~ 'મહાકાલ', સંવત ૧૯૯૫, પુ.૩૪, અંક ૬, પૃ.૧૯૬

માતાપિતાના સંતોષ ખાતર અને લોકશિક્ષણની દ્દષ્ટિએ જ તેમણે આ શાળાની – નાટકી કહી શકાય એવી – પ્રવૃત્તિ નભાવે રાખી હતી. બાકી તે સમયમાં તો તેઓશ્રી સ્વલ્પ પ્રમાણમાં શાસ્ત્રાધ્યયન અને વિશેષતઃ ઊંડા સાધનાભ્યાસમાં ઓતપ્રોત હતા. આ જ વખતે કાશીમાં બાર વર્ષ અભ્યાસ કરી સંહિતાપાઠી તરીકેની પ્રતિષ્ઠા પામેલા ગંગાદત્ત શુકલ સુરતમાં રહેતા હતા. શ્રી નૃસિંહાશમાએ તેમને નિમિત્ત બનાવી તેમની પાસેથી સ્વકુલગોત્રાનુગામી યજુઃસંહિતાનું અધ્યયન કર્યું. શુકલજીને અને તે દ્વારા દરેકને આશ્ચર્ય તો એ થયું કે તારુણ્યમાં પ્રવેશતા વિદ્યાર્થીઓને પણ સંહિતાપાઠનો ૪૦ અધ્યાયનો અભ્યાસ કરતાં વર્ષો લાગે છે અને તે પણ સંતોષકારક રીતે થતો નથી, તે અભ્યાસ કિશોરવયના નૃસિંહશમાએ થોડાક જ દિવસોમાં એવી રીતે કરી બતાવ્યો કે નૃસિંહશમાં કોઇ ચમત્કારિક વિભૂતિ હોવા વિશેની પ્રતીતિ શુકલજીના હૃદયમાં થઇ.

તે જ પ્રમાણે એ જ સમયમાં – મિશનરી સ્કૂલના અભ્યાસકાળ દરમ્યાન – નાની વયમાં નૃસિંહશમાએ શ્રી ભૂમાનંદ નામના યોગવેદાન્તના અનુભવી દંડીસ્વામી ચાતુર્માસમાં સુરતમાં પ્રવચન કરતા હતા તેમનો સમાગમ સાધ્યો અને મુખ્ય મુખ્ય ઉપનિષદોનો અભ્યાસ કરવાની ચેષ્ટા કરી. સ્વામીજીએ પણ પ્રતિભાશાળી કિશોરના ઉચ્ચ અધિકારને ઓળખીને, ઉપનિષદ્ અને યોગના રહસ્યના ભંડાર – જે તેઓ જાહેર કથાપ્રવચનોમાં ચર્ચતા ન હતા – ખુલ્લા મૂકી દીધા એટલું જ નહીં પણ પોતે પૂર્વજન્મના કોઇ મહાન યોગીનું સાંનિધ્ય અનુભવતા હોય એ પ્રકારનો પરમ સંતોષ અનુભવ્યો.

કિશોરકાળમાં નૃસિંહશમાને શ્રી રામચંદ્ર ભગવાનના પરમભક્ત અને દાસ્યભક્તિના આદર્શ હનુમાનજીનો મંત્ર સાક્ષાત્કાર થયો હતો.

મંત્રતંત્રના વિધિપ્રયોગોમાં અને ચતુર્વેદવિદ્યામાં પ્રવીણ એવા શ્રી મધુસૂદન સ્વામી નામના નેવું વર્ષના અનુભવી માંત્રિક વિદ્વાનનો નૃસિંહશર્માને આકસ્મિક સંયોગ સાંપડયો હતો. સ્વામીજીએ તેમને "હનુમદ્ દુર્ગ" નામના ૪૦ દિવસે સિધ્ધ થતા માંત્રિક પ્રયોગનો, પુષ્કળ સાવધાનતા અને જાગૃતિ માગી લે એવો, વિધિ દર્શાવ્યો, અને પ્રયોગનો પ્રારંભ પણ કરાવ્યો. નિઃસ્પૃહ હૃદયના નૃસિંહશર્માએ સહજમાં ધ્યેયસ્વરૂપ મંત્રાકાર વૃત્તિ થવાથી, પ્રયોગના વિધિનિષેધની બિલકુલ પરવા કરી નહીં......છતાં ૪૦મી રાત્રે પાછલા પહોરમાં ભયંકર કડાકા સાથે ઉપાસ્ય દેવતાનો સાક્ષાત્કાર[1] થતાં, નિર્ભયતા અને નિસ્પૃહતાપૂર્વક તેમણે દેવતાનું – સત્કાર કરી – વિસર્જન કર્યું. ભવિષ્યમાં સાધકો સમક્ષ જપયજ્ઞની[2] મહત્તાનું પ્રતિપાદન કરનાર શ્રી નૃસિંહાચાર્યજીને ૧૩–૧૪ વર્ષની વયે મંત્રસિધ્ધિ કેવી સુલભ અને હસ્તામલકવત્ હતી તેના વિલક્ષણ સામર્થ્યના ધોતક આવા અનેક પ્રસંગોનો ઉલ્લેખ અહીં પ્રસ્તુત નથી.

આ અરસામાં સરસ્વતીસ્તોત્રની અનાયાસ પ્રાપ્ત થયેલી જૂની હસ્તલિખિત પ્રતનું તેઓશ્રી પુનઃપુનઃ પ્રેમપૂર્વક પુરશ્ચરણ કરતા હતા એમ તેઓશ્રીએ પોતે જ પાછળથી વર્ગના સાધકોને જણાવ્યું હતું. તદુપરાંત, ભકતરાજ પ્રહ્લાદજીના જે પ્રિય નૃસિંહમંત્રની[3]

---

૧. "વિધવિધ રૂપે ઉપાસ્યસ્વરૂપે, થાતા સાક્ષાત્કાર ;
તે સકળ રૂપતણું મૂળ આપ જ, વિનવી કરૂં નમસ્કાર".
(શ્રી નૃસિંહવાણીવિલાસ" પુસ્તક દ્વિતીય પદ ૧)

૨. यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥ (श्री भ. गीता, १०, २५)

3. ॐ नमो भगवते नरसिंहाय नमस्तेजस्तेजसे आविराविर्भव वज्रनख वज्रदंष्ट्र कर्माशयान् रन्धय रन्धय तमो ग्रस ग्रस ॐ स्वाहा अभयमभयमात्मनि भूयिष्ठा ॐ क्ष्रौम् ॥
(श्रीमद् भागवत स्कं. ५, अ. १८, श्लो. ८)

છમાસની ઉપાસનાથી ભાગવતાદિ ગ્રંથોના ભાષ્યકાર શ્રી શ્રીધરસ્વામી વિલક્ષણ વિદ્યાસિદ્ધિને પામ્યા હતા, તે મંત્રનો પણ નૃસિંહશર્મા બાલ્યવયમાં પ્રસંગોપાત્ત જપ કરતા હતા, એવી માહિતી મળી આવે છે. અલબત્ત આ પ્રકારની તેમની અનુષ્ઠાનપ્રવૃત્તિ કેવળ નિષ્કામ અને પારમાર્થિક પ્રયોજનથી પ્રેરિત ~~પ્રેરિત~~ હતી, એમાં સંદેહ નથી.

..... ..... .....

<u>બ્રહ્મચારી મોહનસ્વરૂપજી</u>

આ ઉપરાંત સુરતનિવાસી વયોવૃધ્ધ વિદ્વાન બ્રહ્મચારી મોહનસ્વરૂપજી સાથેનો તેમનો ગાઢ સંબંધ તેમની વયના ૨૧મે વર્ષે થયો હતો. તે અત્યંત ઊહાપોહને પામેલા સંબંધ વિશે મહત્ત્વના મુદ્દાઓનો સંક્ષેપ અત્રે રજૂ કરવો યોગ્ય થશે. મૂળ રાજપીપળાના ઔદીચ્ય ટોળકીયા બ્રાહ્મણ જ્ઞાતિના એ પુરુષે ૧૮ વર્ષની વયે બ્રહ્મચર્યની દીક્ષા લીધા પછી સમગ્ર ભારતમાં અનેક વખત તીર્થપ્રવાસ અને સંતસમાગમ કરી બહુશ્રુતત્વ પ્રાપ્ત કર્યું હતું. તેમની કીર્તન-ભક્તિથી મોહ પામેલા સંન્યાસીસમુદાય તરફથી તેમને "મોહનસ્વરૂપ" નામ મળ્યું. ઉત્તરાવસ્થામાં તેઓ સુરતમાં હિંગળાજના મઠ સામે એક આશ્રમમાં રહેવા લાગ્યા. સાયંકાળ પછી તેઓશ્રી યોગવાસિષ્ઠ, ગીતા, વેદાંત વગેરે વિષયોનું સુરતની જનતાસમક્ષ વિવેચન કરતા. એક રાત્રે સુરતની મામલતદાર કચેરીના નોકર માણેકલાલ જમનાદાસ મલ્હારજી – જેઓ પાછળથી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાધક બની રહ્યા – ની સાથે આવેલા તેજસ્વી તરુણ નૃસિંહશર્માને જોતાં જ બ્રહ્મચારીના હૃદયમાં તેમના માટે અકારણ પ્રીતિભાવ પ્રકટ્યો. બંનેનાં મધુર મિલનો થવા લાગ્યાં. ચર્ચાઓ થવા લાગી. બ્રહ્મચારીજી પાસે આવનાર જિજ્ઞાસુઓના પ્રશ્નોના ઉત્તર અને સંદેહ – સમાધાન પણ નૃસિંહશર્મા હૃદયંગમ ભાષાશૈલીમાં કરતા. તેમનો

વાક્પ્રભાવ, જ્ઞાનરાશિ અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી સૌ કોઇ પ્રભાવિત થતું. બ્રહ્મચારીજી તો આથી ખૂબ પ્રસન્નતા અનુભવતા. આંતરિક રીતે તો તેમણે આ તરુણ પ્રત્યે વિશુધ્ધ પ્રેમભાવયુક્ત મૈત્રીસંબંધ સાધ્યો પરંતુ બાહ્યરીતે પ્રત્યક્ષ વ્યવહારમાં તેઓ પોતાના હૃદયભાવને વ્યક્ત થવા દેતા નહીં.

એક બે વખતે તો બ્રહ્મચારીજીએ, સૈંકડો સેવકોની હાજરીમાં, "પરમેશ્વર, પુનર્જન્મ, મૂર્તિપૂજા...... વગેરે ગપ્પાં છે" – એ પક્ષની તરફેણમાં વિવાદ કરવા માટે નૃસિંહાચાર્યજીને આગ્રહ કર્યો. એ વાદવિવાદમાં બ્રહ્મચારીજીની પ્રતિવાદની દલીલો દુર્બળ બની જતી અને પોતે લગભગ પરાસ્ત થઇ જતા, ત્યારે તેઓ નૃસિંહશર્માને તેથી વિરુધ્ધ પક્ષનો વાદ કરવાને વિનંતિ કરતા. આ પ્રકારની ચર્ચાઓમાં નૃસિંહશર્માં હંમેશાં સબળ દલીલો અને શાસ્ત્રીય યુક્તિઓથી સ્વપક્ષનું સમર્થન કરતા. પરંતુ બ્રહ્મચારીજીના સેવકો સમક્ષ કે એકાંતમાં પણ તેઓ કદાપિ ઔચિત્ય અને વિવેકનો ભંગ કરતા કે થવા દેતા નહીં. બ્રહ્મચારીજીની પ્રતિષ્ઠા તથા તેમના ગુરુપદના ગૌરવને તેઓ સહેજ પણ હાનિ ન પહોંચે તેની કાળજી રાખતા. એક સવારે તો બ્રહ્મચારીજીના કહેવાથી નૃસિંહશર્માએ પ્રભુરામ તુળજારામ ભટ્ટ નામના સેવક સમક્ષ પદ્માસન વાળી પ્રણવમંત્રનો ઉચ્ચાર કરતાં ત્રિકુટિમાં દષ્ટિ સ્થાપીને પોતાના સિદ્ધાસનની અચલતા દર્શાવી હતી. તેઓ સંદર્ભ બીજી રીતે દર્શાવી બ્રહ્મચારીજીએ કથાના અંતમાં ભાવિકો સમક્ષ જાહેરમાં એવા ભાવના ઉદ્ગારો પણ કાઢ્યા કે "નરસિંહરામભાઇ" નામના એક નાગર વિદ્વાન, રોજ રાતે સત્સંગ અને ક્રિયાસિધ્ધિ માટે આવે છે..... વગેરે. આ જાહેરાતનો જનતા પર ભારે પ્રભાવ પડ્યો. પરિણામે નૃસિંહશર્માએ મોહનસ્વરૂપજીને ગુરુ તરીકે સ્વીકાર્યા છે અને તેમની પાસેથી મંત્રદીક્ષા લીધી છે – એ પ્રકારનો વિચાર–ભાવ વાતાવરણમાં પ્રસરવા લાગ્યો !

વાસ્તવમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીએ કોઇને પણ – મોહનસ્વરૂપજીને પણ – યથાર્થ ગુરુ તરીકે સ્વીકાર્યા ન હતા. પોતે તો સર્વથા આત્મગુરુવાન્ સ્વયંપ્રબુધ્ધ હતા. બંને તપસ્વી મહાત્માઓનાં હૃદયનો નિર્વ્યાજ નિર્મલ પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચેલો હતો. એ પ્રેમ સંબંધના અતૂટ નિભાવની બ્રહ્મચારીજીના હૃદયમાં સાત્ત્વિક અપેક્ષા હતી અને એ અપેક્ષાનું તેમણે વારંવાર નૃસિંહશર્મા સમક્ષ નિખાલસતાપૂર્વક નિવેદન પણ કરેલું. વૃધ્ધ વયના તપોમય સાધુજીવન ગાળનાર ભક્તહૃદયનો સવિશેષ પ્રીતિભાવ જોઇને નૃસિંહશર્માએ એ પ્રકારના જામેલા વાતાવરણને, પોતાના વિનીત વર્તન વડે – જાણેઅજાણે – પોષણ આપ્યું. પોતે ગુરુ તરીકે સ્વીકારેલા ન છતાં તેમણે મોહનસ્વરૂપજી પ્રતિ ગુરુવત્ આદરભાવ દાખવ્યો. એક સંત અથવા સદ્ગુરુ પ્રતિ જે રીતે સંમાનભર્યું આચરણ અપેક્ષિત હોઇ શકે – એ રીતે તેમણે જાહેરમાં મોહનસ્વરૂપનું સન્માન કર્યું. પોતે તેમનામાં સ્થાપેલા આ પૂજ્યભાવને છેક સુધી – હેતુ કે નિમિત્ત ઉપસ્થિત થયાં છતાં – શિથિલ નહીં થવા દેવાનો જે ધર્મ બજાવ્યો તેમાં તો તેઓશ્રીના હૃદયની ઉદાત્તતા, ઉદારતા, નિરભિમાનતા

અને નીતિનિષ્ઠાનાં દર્શન થાય છે. [1]

આ ઉપરથી એક બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આધ્યાત્મિક ઉત્કર્ષના શ્રેયોમાર્ગમાં સદ્ગુરુભક્તિનું ગૌરવ ગાનાર શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોતે રચેલા "શ્રી નૃસિંહવાણીવિલાસ"ના સૈકડો પદો પૈકી માત્ર ૯ કે ૧૦ પદોમાં "ત્રિલોકમોહન પરમેશ્વર"ની ભાવનાના અર્થવાળા "મોહન" શબ્દનો પ્રયોગ કરેલો છે. ત્યાં શ્લેષ અલંકાર દ્વારા બ્રહ્મચારી મોહનસ્વરૂપજી પ્રત્યેનો આદરભાવ અથવા ગુરુભાવ પ્રકટ કર્યો હોવાનું કેટલાક અનુમાન કરે છે. પરંતુ તેમાં તથ્યાંશ જણાતો નથી.

---

૧. શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યને નિર્મોહ નિસ્તૃષ્ણ મહાત્મા તરીકે માનતા હોવા છતાં શ્રી મોહનસ્વરૂપ બ્રહ્મચારીજી પોતાના જીવનનાં છેલ્લાં વર્ષો સુધી પોતાના એ પ્રીતિપાત્રને, પોતાની મઠ-મિલ્કતનો તથા પોતાના સેવકમંડળનો સ્વીકાર કરવા વારંવાર આજીજી કરતા અને આગ્રહભર્યાં પત્રો (વડોદરે) લખતા. આ કારણથી સ્વાર્થી સેવકમંડળી પણ ચિંતાભયગ્રસ્ત રહેતી ! છેવટે એક દિવસે નૃસિંહાચાર્યજીએ એક પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં દલીલ કરી સમજાવ્યું કે : ગૃહસ્થને બ્રહ્મચારી કે સંન્યાસીની વસ્તુનો ઉપભોગ કરવાનો અધિકાર નથી. જો તેમ કરે તો - શાસ્ત્રવચનાનુસાર - તે મહાપાપનો ભાગીદાર બને છે. માટે નૃસિંહાચાર્યના કલ્યાણનો વિચાર કરીને પણ બ્રહ્મચારીજીએ પુનઃ મિલ્કતના સ્વીકાર માટે વિનંતી કરવી નહીં. - આ પ્રમાણે શ્રી નૃસિંહાચાર્યજીએ ગૃહસ્થ અને સંન્યાસીના યથાર્થ ધર્મના પાલનનો અને ત્યાગના - તૃષ્ણાત્યાગના આદર્શનો બોધપાઠ આપ્યો હતો.

પહેલી વાત તો એ કે શ્રીમન્નૃસિંહાચાર્યજીને ગુરુશિષ્યના સંબંધનો ભાવ જ અભિપ્રેત હોત તો તેમણે સંતકવિઓની પરંપરાને અનુસરીને, તેમના ત્રણેય કાવ્યસંગ્રહોમાં, અથવા તો છૂટક કાવ્ય કે કાવ્યોમાં, મોહનસ્વરૂપ બ્રહ્મચારીજીની સીધેસીધી સદ્ગુરુરૂપે સ્તુતિ કરી હોત. પરંતુ તેમણે તેમ કર્યું હોવાનું જણાતું નથી. વળી જયાં જયાં આવા "મોહનસ્વરૂપ" શબ્દનો ઉલ્લેખ આવે છે ત્યાં ત્યાં તે શબ્દ "સગુણ ઇશ્વર" કે "બ્રહ્મ"ના અર્થનો પણ સૂચક હોય છે.[1]

વળી આ શ્લેષાર્થનો અન્વય બધે જ સ્થળે સરખી રીતે લાગુ પાડી શકાતો નથી. માત્ર નૃસિંહવાણીવિલાસના પ્રથમ ભાગમાં જ થોડાં પદોમાં, અને બીજા ભાગમાં તો માત્ર બે જ પદોમાં,

---

1. (૧) "શ્રીમાન્ મોહનસ્વરૂપ પ્રભુ નમામિ"
   (૨) "વંદનીક મોહનસ્વરૂપ, શ્રી પતિચિત્તાકર્ષકમ"
   (૩) "પુરુષોત્તમે પૂર્ણાનંદ પામી,
   વંદુ મુજ મનમોહન સ્વામી".
   (૪) "નરસિંહ મનમોહન સોં મીલ્યો તબ,
   અખંડ પદ દર્શાવ્યો,
   હર્ષ સેં હરિજશ ગાયો".
   (૫) "ગળ્યું મનમોહનને ભેટી".
   (૬) "નરસિંહ મનમોહન સોં મીલ્યો તબ,
   સંયોગ સુખ ગ્રહ્યોરી,
   દુઃખ સબ મેરો દહ્યોરી".
   (૭) "નરસિંહ મનમોહન ગમીયા".
   (૮) "નરસિંહ મોહનનું મળવું"

આવો સંપૂર્ણ નામનિર્દેશ આવે છે. નૃસિંહવાણી વિલાસના બીજા મહત્ત્વના કાવ્યસંગ્રહમાં તો એક પણ પદમાં આ પ્રકારનો આડકતરો ઉલ્લેખ પણ આવતો નથી.

આ પ્રશ્ન બિનમહત્ત્વનો હોઇ, અત્રે તેની ચર્ચા અપ્રસ્તુત છે. માત્ર એક જ વાતને ફરીથી અહીં સ્મરણમાં લાવવાની અગત્ય છે કે, સાધકોની-શિષ્યોની દૃષ્ટિએ વિદિતવેદ્ય અવતારવિભૂતિ મનાતા શ્રી નૃસિંહાચાર્યજીએ ગુજરાતી અને અંગ્રેજી શાળામાં આશરે ચાર વર્ષ સુધી લોકદૃષ્ટિએ લેવાતી કેળવણી લીધા ઉપરાંત, ગંગાદત્ત શુકલ, ભૂમાનંદ દંડીસ્વામી, મધુસૂદન સ્વામી, બ્રહ્મચારી મોહનસ્વરૂપજી અને એવા બીજા કેટલાક શાસ્ત્રજ્ઞ સાધુસંતો યોગીઓના સમાગમમાં રહીને તથા સ્વતંત્રપણે એકાંતસેવન - ચિંતન કરીને, શાસ્ત્રાધ્યયન અને યોગાભ્યાસ વગેરેની આધ્યાત્મિક પ્રવૃત્તિ - સાધના કરી હતી, એમ કહેવામાં લીલાવિગ્રહની સવિશેષતાને સહેજ પણ આંચ આવવાનો સંભવ રહેતો નથી.

..... ..... .....

## વિવિધ પ્રવૃત્તિઓ

૧૪-૧૫ વર્ષની વય સુધીમાં નૃસિંહશર્મા (ઘણા તેમને "નરસિંહરામ" પણ કહેતા) અનિયમિત વિદ્યાભ્યાસ અને એકાંતસેવન - બ્રહ્મચિંતન વગેરે કરતા, એ પાછળ કહેવાઇ ગયું છે. આથી, તેમના હૃદયમાં લૌકિક વ્યવહાર કે અર્થોપાર્જનની પ્રવૃત્તિ માટે વૃત્તિ ઉત્થાન પામતી જ ન હતી. પરંતુ કુટુંબનિર્વાહમાં ઉપયોગી થવા માટે કાંઇક ઉદ્યમ કરવા બાબત પિતા દુર્લભરામની વારંવાર થતી સૂચનાનો અમલ કરવા તેઓ ઉદ્યુકત થયા. તે માટે માત્ર ૧૬ વર્ષની વયે એક જ માસમાં પબ્લિક સર્વિસની નોકરી માટે જરૂરી પરીક્ષાના ચારે વિષયોની ઝડપી તૈયારી કરી અને તેમાં સારા ગુણ મેળવી

ઉત્તીર્ણ થયા. (૧૮ ઓગસ્ટ, ૧૮૭૦). અને તરત જ તેઓ અંકલેશ્વરની શ્રી ગુજ્જર દેસાઇની નવીન ખાનગી શાળામાં જોડાયા. તેમનાં પ્રતાપ અને શિક્ષણકાર્યથી આકર્ષાઇ, વીસ જ દિવસમાં તો સરકારી શાળા ખાલી થવા લાગી ! સરકારી શાળાના શિક્ષકને તેની નોકરી બાબત નિશ્ચિંત કરવા માટે આદર્શ શિક્ષક નૃસિંહશર્માએ શાળામાંથી રાજીનામું આપી દીધું. ત્યારપછી સુરતમાં એન્જિનિયરીંગ ખાતામાં હિસાબી તપાસણીના કામ માટે તેમની નિમણૂક થતાં તેઓશ્રી સુરત આવીને રહ્યા.

૧૪ વર્ષની વય સુધી નૃસિંહશર્મા બ્રાહ્મી ચેતનાના અગાધ સાગરમાં અવગાહન કરતાં અલૌકિક ખુમારીને અનુભવતા હતા. પરંતુ પોતાના આંતરૈશ્વર્યને જાહેરમાં પ્રકટ થવા દેતા નહીં. પરંતુ સુરતમાં નોકરી લીધા પછી, હીરાનું તેજ જેમ ઢાંક્યું ન રહે તેમ તેમના જ્ઞાનરવિનો પ્રકાશ અને અદ્ભુત સામર્થ્યનો પ્રભાવ પ્રચ્છન્ન રહી શકતો નહીં. વિવિધ પ્રસંગોએ વિવિધ વ્યક્તિઓ સાથે કે સમૂહમાં ચર્ચા, વિવાદ કે પ્રવચનના પ્રસંગે તેમની આત્મકલાની સુરખી-સુરભિ વાતાવરણમાં પ્રસરતી.

એ સમય સંઘર્ષોનો હતો, એ આપણે પ્રથમ પ્રકરણમાં જોઈ ગયા છીએ. નૂતન શિક્ષણના રંગે રંગાતા યુવાનવર્ગને સમાજસુધારાનો મંત્ર હાથ લાગ્યો હતો. બરબાદી તરફ ઘસડાતા જતા દેશને, ધર્મને અને સંસ્કૃતિને કેવી રીતે ઉગારવાં એ પ્રશ્ન વિચારશીલ માનસને ઊંડેઊંડે કોતરી રહ્યો હતો. પૃથક્ પૃથક્ રીતે અત્ર તત્ર ચર્ચાઓ અને ટીકાઓ થતી, પરંતુ સુવ્યવસ્થિત રીતે વિચારોને વ્યક્ત કરવા કે અમલી બનાવવા સામુદાયિક કાર્યનો આરંભ થવાની ખાસ જરૂર હતી.

આચાર્યપદ

અમદાવાદ અને મુંબઇમાં "પ્રાર્થનાસમાજ"ની પ્રવૃત્તિ શરૂ થઇ ગઇ હતી. સાક્ષર શ્રી ઇચ્છારામ દેસાઇના નેતૃત્વ નીચે "શારદાપૂજક" મંડળી સ્થપાતાં "સ્વતંત્રતા" નામના સામયિક દ્વારા વિવિધ વિષયોની ચર્ચાઓ પણ થતી હતી. સુરતમાં નૃસિંહશર્માની આસપાસ એકત્ર થયેલી વિદ્વદ્મંડળી પણ નૃસિંહશર્માને ઘેર મળતી અને સમાજસુધારણા તથા દેશોદયના પ્રશ્નોની છણાવટ કરતી. તેઓની વાતાંપધ્ધતિમાં અધીરાઇ, મિથ્યા આવેશ, અધૂરી માહિતી કે વિચારણાને આધારે બંધાતા મતનો દુરાગ્રહ, સમતોલપણાનો અને નિશ્ચયબલનો અભાવ, નિશ્ચિત ધ્યેય અને તેને પામવાના કાર્યક્રમ માટેની રૂપરેખામાં પણ અસ્પષ્ટતા..... વગેરે તારુણ્યસહજ લક્ષણો તરવરતાં. નૃસિંહશર્મા તેઓને શાંતિથી સાંભળતા, ભિન્નભિન્ન વિચારોને વ્યકત થવા દેતા. .... અને તેઓ માગે ત્યારે જ ધીરગંભીર વાણીમાં પોતાના અભિપ્રાયનું માત્ર દિશાસૂચન કરતા. તે કદી પોતાનો નિર્ણય તેઓના પર ઠોકી બેસાડતા નહીં. આ ચર્ચા-વિચારણાને અંતે તેઓએ "પ્રાર્થનાસમાજ" જેવી સંસ્થા શરૂ કરવાનો નિર્ણય લીધો અને ૧૯-૨૦ વર્ષના નરસિંહરામને ૧૮૭૩માં નેતૃત્વ સોંપી, તેમને "આચાર્ય"પદથી નવાજયા.[1] આમ નૃસિંહાચાર્ય ~~પ્રાર્થના~~ "સમાજ"ના આચાર્ય પ્રથમ બન્યા અને વર્ષો પછી વિશાળ "શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ના આચાર્ય તરીકે પ્રતિષ્ઠા પામ્યા.

---

૧. આ પ્રસંગ અને તેના સંદર્ભના પત્રોની માહિતી પ્રકરણ ૧ માં પૃ. ૩૧-૩૯ પર આપી છે.

સુરતના પ્રાર્થનાસમાજમાં દર રવિવારે મુખ્યત્વે નૃસિંહાચાર્યનાં જ પ્રવચનો થતાં. આ પ્રવચનો દ્વારા અત્યારસુધી અપ્રકટ રહેવા પામેલી જ્ઞાનશકિત અનાવરણ પામી, અને વૈખરીના વિમલ પ્રવાહમાં વહેવા લાગી. સુરતના પ્રાર્થનાસમાજનું અસ્તિત્વ સ્વતંત્ર હોવાથી, આચાર્યશ્રીએ સંપૂર્ણ સ્વાતંત્ર્યપૂર્વક પોતાના ધર્મવિચારોને વહેતા મૂકયા અને આર્યધર્મના અમૂલ્ય સિધ્ધાંતોનો, પચરંગી શ્રોતાગણ સમક્ષ, રહસ્યસ્ફોટ કર્યો. તેમની પ્રબોધશૈલીમાં શિષ્ટતા અને સંયમ, સત્યનો આગ્રહ અને તાર્કિક દલીલો વગેરેનું આકર્ષણ પ્રબળ હોવાથી તેમના પ્રાર્થનાસમાજમાં બધા જ વર્ગના શ્રોતાઓ – ચુસ્ત પ્રણાલિકાવાદી અને ઉગ્ર સુધારાવાદી પણ – આવતા. તેમના પર સચોટ અસર થવામાં નૃસિંહાચાર્યજીના નિઃસ્પૃહ નિષ્કલંક ચારિત્ર્ય અને પ્રતાપી વ્યકિતત્વના પ્રભાવનો પણ મોટો ફાળો હતો. ૧૯ વર્ષની વયે પ્રારંભિક પ્રવચનમાળામાં તેમના વિચારો કેવા ગહન હતા અને તેમની ગદ્યશૈલી પણ કેવો સુસ્પષ્ટ આકાર ધારણ કરવા માંડી હતી, તેનો ખ્યાલ તેમણે તે વખતે રવિવારે વાંચવા અને સર્વને મુખે બોલાવવા લખેલી પ્રાર્થના-કંડિકા પરથી આવી શકશે :

"ઓ પરબ્રહ્મ ! સર્વ ઇશ્વરના પરમ મહેશ્વર ! સર્વ દેવના દેવ ! સર્વ પતિઓના પતિ, પરાત્પર, પ્રકાશવાન અને સ્તુતિને યોગ્ય, ભુવનના ઇશ્વર ! અમે તને વંદન કરીએ છીએ. ઓ પ્રભુ ! તારે શરીર અને ઇન્દ્રિયો નથી. તુંથી શ્રેષ્ઠ કોઇ દેખાતું નથી. તારી અગાધ શકિત સર્વત્ર નજરે પડે છે. ઓ વિશ્વંભર ! તારી જ્ઞાનક્રિયા અને બલક્રિયા સ્વાભાવિક વિચારે સિધ્ધ થાય છે. સર્વશકિતમાન ઇશ ! તારો કોઇ પતિ નથી. તારો કોઇ નિયંતા નથી. તને અવયવ નથી. હે દેવ ! તું જ સર્વનું કારણ છે. તું મનનો અધિપતિ છે. તું સર્વનાં હૃદય અને બાહ્યમાં સદા વસનાર છે.

સંશયરહિત બુધ્ધિએ જોવાથી તું પ્રકાશિત થાય છે. ઓ અનઘ બ્રહ્મ ! તું જ પરમેશ્વર, વિશ્વકર્મા અને પરમાત્મા છે. જે જન નિર્મલ બુધ્ધિએ તને જાણે છે તે અમર થાય છે. ઓ આનંદબીજ અને સુખના દાતા ! તું નેત્રવડે દેખાતો નથી, વાણીએ બોલાતો નથી, અને અન્ય ઇન્દ્રિયો વડે તું ગ્રાહય થતો નથી. તપશ્ચર્યા અથવા યજ્ઞાદિ કાર્યોએ કરીને તુંને કોઇ પામી શકતું નથી. પણ જ્ઞાનની શુધ્ધિથી જેનું અંત:કરણ શુધ્ધ થયું હોય, તે જ ધ્યાનસ્થ થઇને, ઓ નિરવયવ બ્રહ્મ ! તને અવલોકન કરે છે. ઓ પ્રભુ ! ભૂલોકમાં અને સ્વર્ગલોકમાં સર્વદા તારો મહિમા છે. તું અમૃતસ્વરૂપે પ્રકાશમાન થઇ રહયો છે. તને બુધ્ધિમાન મનુષ્યો જ્ઞાનચક્ષુ વડે સંપૂર્ણ રૂપમાં જોય છે. બ્રહ્મજ્ઞાની મનુષ્યો ઉજ્જવલ મનરૂપી કોશમાં, ઓ નિર્મળ, નિરવયવ અને જયોતિર્મય બ્રહ્મ ! તને અવલોકન કરે છે. ઓ સત્યસ્વરૂપ બ્રહ્મ ! આખું જગત તારા દેદીપ્યમાન પ્રકાશવડે દીપ્તિને પામી રહયું છે. તું સર્વ પદાર્થોનો અધિપતિ, અને સર્વ ભૂતોનો પ્રતિપાલન કરનાર છે. ઓ પ્રભુ ! તું એક જ, સર્વનો નિયંતા, અને સર્વ ભૂતોનો અંતરાત્મા છે. સર્વ જ્ઞાનીજન પોતાના આત્મામાં તને સાક્ષાત્ દેખે છે. સર્વ ભૂતના ઉત્પન્નકર્તા, સર્વત્ર વ્યાપક, અનાદિમત્ પરમાત્મન્ ! અમે તને સાષ્ટાંગ દંડવત નમન કરીએ છીએ. ઓ પ્રભુ ! જે તને જાણે છે, તે અમર થાય છે, અને તારાથી વિમુખ તે બીજાં અનંત દુ:ખને પામે છે. ઓંકારના પ્રતિપાદ્ય બ્રહ્મ ! આ અજ્ઞાનરૂપી અંધકારમાંથી કાઢી જ્ઞાનરૂપી પ્રકાશમાં આણ, જે વડે ઓંકારનું સાધન કરી ઓ અજર, અમર, અભય અને શાંત બ્રહ્મ ! અમે તને ઓળખી શકીએ.

ઓ પ્રભુ ! જેમ સર્વ પક્ષિઓ પોતાનાં રહેવાનાં વૃક્ષમાં સ્થિતિ કરે છે, તેમ તું સર્વ ભૂતમાં ગુપ્ત રહી સ્થિતિને કરે છે.

તું સર્વવ્યાપી અને સર્વનો અંતરાત્મા છે. તું સર્વકાર્યનો અધિપતિ, જ્ઞાનસ્વરૂપ, સર્વનો સાક્ષી, સંગરહિત, સર્વનાં હૃદય અને બાહ્યમાં વિદ્યમાન છે. ઓ સુખના દાતા અને દુઃખના સંહારકર્તા બ્રહ્મ ! અમે તને વંદન કરીએ છીએ. હે પરમાત્મા ! આ મોહકૃત પાપોથી મુકત કરીને અને દુર્મતિથી દૂર રાખીને તમારા પ્રતિષ્ઠિત ધર્મ પાળવા અમને યત્નશીલ કરો. ઓ પ્રભુ ! તું અમને અસત્ય અને પ્રપંચથી દૂર રાખી સત્યનો માર્ગ દર્શાવ. તું અમારા અંતઃકરણને પ્રેરણા કર કે સર્વદા તારૂં ચિંતન કરીએ.

ઓ અંતકાળના સ્વામિ ! પાપથી મુકત કરનાર અને આ સંસારરૂપી ભયંકર સાગરમાંથી તારનાર બ્રહ્મ ! અમે તને વંદન કરીએ છીએ. ઓ પ્રભુ ! તારી સત્તાએ સૂર્ય પ્રકાશમાન્ છે, તારી સત્તાએ પવન ગતિમાન છે, તારી સત્તાએ મેઘ વૃષ્ટિ કરે છે, અને તું જ સૃષ્ટિનું મૂલ છે.

પંચમહાભૂતને શકિતના આપનાર, સૃષ્ટિના સર્જનાર, પાલન કરનાર અને સંહાર કરનાર બ્રહ્મ ! અમે તને વારંવાર નમન કરીએ છીએ. ઓ પ્રભુ ! તું અમારા હૃદયમાં સુવિચાર આપ, અને દુષ્ટ કર્મનો નાશ કર".[1]

..... ..... .....

"ધાર્મિક વિદ્યાશાલા"

આ બધું કરવા છતાં ય શ્રી નૃસિંહાચાર્યજીના હૃદયમાં સંતોષ થતો ન હતો. તેઓએ મિશનરીઓની પ્રવૃત્તિ નિહાળી હતી. મૅકોલેની યોજના પર વિચાર્યું હતું અને સ્વચિંતનથી

---

૧. "મહાકાલ" સંવત્ ૧૯૬૧, અંક ૪ : શ્રી વિશ્વવંદ્ય : "શ્રીનૃસિંહલીલામૃત" પૃ. ૧૦૨

પણ તેઓ એ જ નિષ્કર્ષ પર આવ્યા હતા કે સર્વપ્રકારની ક્રાન્તિનું કેન્દ્ર કેળવણી છે. જે પ્રકારનો સુધારો અને જે પ્રકારના સમાજનું સ્વરૂપ અભિલષણીય હોય તે સમાજ અને સુધારાની બીજભૂમિ શિક્ષણ છે. જ્યાંસુધી શિક્ષણમાં સમૂળી ક્રાંતિ કરવામાં ન આવે, ત્યાં સુધી પ્રાર્થનાસમાજ કે એના જેવી બીજી સંસ્થાઓ દ્વારા સધાતી પ્રગતિ સંગીન અને દીર્ઘજીવી નહીં બને. તે વખતે (આજથી ૯૦ વર્ષ પહેલાં) અપાતી કેળવણીમાં ધર્મ, નીતિ, સંસ્કાર ઉપરાંત સ્વાશ્રય અને સ્વદેશપ્રેમની ભાવનાને પોષનારાં તત્ત્વોના સદંતર અભાવને નૃસિંહશર્માએ મુખ્ય દોષરૂપ ગણાવ્યો છે. વિદ્યાર્થીઓ સમક્ષ પ્રાચીનકાળના જ્ઞાનવારસાને નવીન રસમય પધ્ધતિથી પીરસવાનો, વર્તમાન કાળે બનતા બનાવો સંબંધી તેના વાસ્તવ સંદર્ભમાં માહિતી આપવાનો, પ્રાદેશિક ઇતિહાસ-ભૂગોળનું પ્રત્યક્ષ જ્ઞાન આપવાનો, તથા દેશોન્નતિ માટે જે તે પ્રદેશને અનુકૂળ હોય એ પ્રકારના ઉદ્યોગોની તાલીમ આપવાનો અનુરોધ તેઓશ્રી કરતા. વળી કેળવણી મફત અને ફરજિયાત હોવી જોઇએ એ પ્રકારનું વિધાન તેમણે પોતાનાં પ્રવચનોમાં કર્યું હતું.

નૃસિંહશર્મા તરંગી પુરુષ ન હતા. આ ઉમદા વિચારોને મૂર્ત કરવાની જોગવાઇ કરવા તેમણે ખૂબ પ્રયત્નો કર્યા. પ્રથમ તો તેમણે મિત્રો અને સહાનુભાવકો સમક્ષ પોતાના વિચારોની અને યોજનાની વિશદ રીતે સવિગત સ્પષ્ટતા કરી. સર્વશ્રી મોતીલાલ, કેશવલાલ, સીતારામ, માણેકલાલ વગેરે ગુજરાતી અને દક્ષિણી ૧૫-૨૦ વિદ્વાન સદ્ગૃહસ્થો ઉપરાંત કવિ નર્મદાશંકરને પણ તેઓ આ કાર્યમાં સક્રિય સાથ આપવા આકર્ષી શક્યા. કવિ નર્મદાશંકરે તો તેમને ટેબલ, ખુરશી વગેરે ઉપસ્કર સાગાનની ભેટ આપી. માનદ વેતન કે પગાર-પુરસ્કાર લેવાની અપેક્ષા રાખ્યા વગર સેવાભાવી શિક્ષકોએ સવારે અને સાંજે નવરાશના સમયમાં શિક્ષણ-સેવા આપવાનું

કર્યું. આમ ૧૦ સપ્ટેમ્બર ૧૮૭૪ના રોજ શ્રીમન્નૃસિંહાચાર્યજીની પ્રખર પ્રેરણા અને નેતૃત્વ નીચે, મિત્રમંડળીએ "ધાર્મિક વિધાશાલા"ની સેવાપ્રવૃત્તિ શરૂ કરી. નૃસિંહાચાર્યજીના સસરા શ્રી જયશંકર જેઠાભાઇએ ખપાટિયા ચકલે આવેલા પોતાના મકાનને સેવાકાર્ય માટે આપી, મોટી અનુકૂળતા કરી આપી.

અલ્પસમયમાં જ નવાં આકર્ષક તત્ત્વોને લીધે તથા નૃસિંહશર્માના નામપ્રભાવ અને શિક્ષણપ્રતાપને લીધે "ધાર્મિક વિધાશાળા"ની પ્રવૃત્તિએ વેગ ધારણ કરવા માંડયો. વિધાર્થીઓની સંખ્યા ૫૦ ઉપરાંતની થતાં મકાન નાનું પડવા માંડયું. ફી લેવાની ન હતી, છતાં ખર્ચ થતો હતો. આથી આર્થિક ભંડોળ ઊભું કરવા માટે મિત્રોએ આગ્રહ રાખ્યો. ફંડકાર્યમાં સક્રિય ભાગ નહીં લેવાની શરતે જીવનભર "અયાચકવ્રત"ને ધારણ કરી રહેલા શ્રી નૃસિંહશર્માએ, સન્મિત્રોની વિનંતીને સ્વીકારીને એક અપીલ રૂપે "પ્રસિધ્ધિ પત્ર" ઘડી આપ્યું. તે સમયની પરિસ્થિતિનું, કેળવણી પ્રથાનું, તથા નૃસિંહશર્માના વિશાળ ઉદાત્ત દેશહિતૈષી હૃદયનું આછુંપાતળું પ્રતિબિંબ તેમાંથી લીધેલા નીચેના ફકરામાં પડતું જણાય છે :

"સરકાર તરફથી કેળવણીના કાર્યમાં ઘણા નિરુપયોગી ફેરફાર થવાથી લોકોને પોતાનાં બાળકો ભણાવવા પાછળ ઘણા જ પૈસા ખર્ચ થાય છે, એટલું જ નહિ પણ સાધારણ પ્રકારનું જ્ઞાન મેળવવા માટે બાળકોનાં ઘણાં વર્ષ નિરર્થક ચાલ્યાં જાય છે. સરકાર તરફથી સ્થપાયેલી શાળાઓમાં ફક્ત અંગ્રેજી તથા ગુજરાતી ભાષાજ્ઞાન જેની ખાસ જરૂર છે, તે પૂરતી રીતે આપવામાં આવતું નથી. ભાષાની સાથે બીજા કેટલાક વગર કામના વિષયો જે સમજાવવા પૂર્વે વિધાર્થીઓની બુધ્ધિ પુખ્તાઇ ઉપર આવવી જોઇએ તેવા વિષયો અભ્યાસમાં સામીલ રાખી કેળવણી પાછળ ઘણો જ

વખત રોકી નાંખવામાં આવે છે. પૂર્વે અંગ્રેજી નિશાળમાં શીખનારાઓને દર માસે આઠ આના "ફી" આપવી પડતી હતી તે હાલ રૂા. ૨ થી રૂા. ૩ લગણ વધારી દીધી છે. પુસ્તકો પણ પ્રત્યેક ધોરણમાં વારંવાર બદલવામાં આવે છે. જેથી એક ચોપડી પૂરેપૂરી શીખી ન રહે એટલામાં તેવા પ્રકારની બીજી ખરીદવી પડે છે. આ કારણથી ગરીબ માણસોને પોતાનાં બાળકોને કેળવણી આપવાનું કામ ઘણું મોઘું થઇ પડ્યું છે. આવાં ઘણાં કારણોને લીધે જે ખરી કેળવણી હાલના સમયમાં બાળકોને લેવી જરૂરની છે તેવી થોડી મુદતમાં તેમને મળી શકતી નથી........... આપણા દેશમાંથી કળા અને હુન્નર તદન નાશ પામી ગયાં છે, તથા જે સહેજસાજ રહેલાં જણાય છે તેમાં જોઇતો સુધારો થતો નથી, માટે સાંપ્રત કાળને અનુસરતું એ વિષયો પર જ્ઞાન આપવા એક નિશાળ સ્થાપન કરવી જોઇએ, કે જેમાં સર્વપ્રકારના હુન્નર અને કળાઓ વિષે જ વિદ્યાર્થીઓને કેળવણી આપી શકાય. સર્વના જાણવામાં હશે જ કે આમણા દેશમાંથી રૂ પરદેશ જાય છે અને ત્યાંથી તે આપણા ઉપયોગ સારૂ દોરા અને કાપડના રૂપમાં દશગણી કિંમતનું થઇને આવે છે. આપણા દેશમાંથી ચામડાં અને શીંગડાં જાય છે અને તેના પરદેશમાં જૂદા જૂદા ઘાટ થઇ તે આપણા દેશમાં આવે છે. આ વિના પણ બીજી ઘણી વસ્તુઓ ખુદ આપણા દેશમાં જ પેદા થતી છતાં કળાકૌશલ્યની ખામીને લીધે, પરદેશીના હાથમાં આપી દશગણી કિંમતે તે આપણે પાછી લઇએ છીએ. આ વગેરે હાનિઓ દૂર કરવા આપણા દેશમાં જયાં લગણ હુન્નરકળાની કેળવણી અપાશે નહિ, ત્યાં લગણ આપણે સમર્થ થવાના નથી. આપણા દેશમાં નર્મદા કિનારે લોઢાની ખાણો છે, પંચમહાલમાં અબરખના પહાડો છે, એટલું જ નહિ, પણ તાંબું, સીસું, રૂપું, સોનું વગેરે નીકળી શકે એવી જગાઓ જોઇએ તેટલી છે, પણ તે બાબતનાં મૂળતત્ત્વના અજ્ઞાનને લીધે તેનો ઉપયોગ થઇ શકતો નથી. આથી કરીને એ ભીડ દૂર કરવા એક મોટી

શાળા સ્થાપન કરી તેમાં વિદ્યાકાળના જૂદા જૂદા વિષયો ઉપર જ્ઞાન આપવા તે તે વિદ્યાકાળમાં કુશળ વિદ્વાનોને નીમવાની ખરી જરૂર છે............દેશમાં સુધારો થવા, પરસ્પર સંપ વધવા, અને હરેક પ્રકારે દેશની દુર્બળતા મટે એવી ઉત્કંઠા રાખી આ પગલું ભરેલું છે. અને અમે આશા રાખીએ છીએ કે સર્વ જ્ઞાની, પરોપકારી અને દેશાભિમાની પુરુષો આ બીના ધ્યાનમાં લઇ આ શાળાને બનતો આશ્રય આપશે".[1]

"ધાર્મિક વિદ્યાશાલા" દોઢેક વર્ષ સુધી ચાલી. તેના સત્કાર્યની સુવાસથી સુરતના આગેવાનોએ ભાવિ સુફળોનાં સ્વપ્નો સેવ્યાં. પરંતુ મુખ્યત્વે આર્થિક અગવડો અને શિક્ષકોની માનદ સેવા આપવાની વૃત્તિમાં પ્રવેશેલા વિકારને લીધે તથા સરકારી શાળાઓમાં ફીનું ધોરણ હોવાથી અમલદારો તરફથી ઉત્તેજન નહીં મળવાને લીધે "વિદ્યાશાલા"ની પ્રવૃત્તિ કાયમને માટે વિરમી ગઇ ! પરંતુ આ પ્રસંગ દ્વારા નૃસિંહાશ્રમના શિક્ષણ અને દેશોન્નતિવિષયક વિચારોની સૌને જાણ થઇ.

..... ..... .....

## વાદકૌશલ અને જ્ઞાનપ્રચાર

૧૮ થી ૩૦ વર્ષ પર્યંત નૃસિંહાશ્રમે વિવિધ પ્રસંગોએ પ્રશ્નોત્તરમાં, પ્રવચનોમાં, શંકા-સમાધાનમાં પાત્ર અને પ્રસંગને અનુરૂપ વાણીવ્યવહાર કર્યો છે. સરળ માણસોની સાથે તેઓ સરળતાથી વાતચીત કરતા. કુટિલ ચિત્તના કુતર્કવાદીઓ સાથે પ્રતિપ્રશ્ન અને પ્રતિશંકાઓ ઉપસ્થિત કરી તેમના પ્રતિ પ્રબલ તીવ્ર

---

૧. "મહાકાલ", સંવત્ ૧૯૬૧, અંક ૫, શ્રી વિશ્વવંદ્ય પૃ. ૧૩૪

વાક્શાસ્ત્રનો ઉપયોગ કરતા. વિતંડાવાદીઓ સામે તેમનું જ્ઞાનખડ્ગ એવી રીતે પ્રહાર કરતું કે સ્વલ્પ કાળમાં પરાભવ અને પરિતાપનો અનુભવ કરતું હૃદય વિનમ્રભાવને વ્યક્ત કરતું પ્રસન્નતા અનુભવતું. આમ ભિન્ન ભિન્ન પ્રસંગોએ - પાત્ર પ્રમાણે - નૃસિંહશમાએ હૃદયની આર્દ્રતા અને કઠિનતાનાં દર્શન કરાવ્યાં છે.

પરંતુ ૧૮૮૩ થી ૧૮૯૭ પર્યંત તેઓશ્રીનો વાગ્વ્યવહાર દરેકની સાથે આર્જવયુક્ત, સરળ અને સમાન રીતનો રહેતો. પછી ભલે તે વિદ્વાન હોય કે મૂર્ખ, રાજા હોય કે સામાન્ય આમજન, ગોસ્વામી મહારાજ યા તપસ્વી સાધુ હોય કે સંસારી, ક્રોધી કે કુટિલ હોય યા શાંત કે સરળ !

ઉપલકિયા વિજ્ઞાનનો કે વિદ્યાઓનો પ્રાવેશિક પરિચય પામી પોતાને વિજ્ઞાનવાદી - વિદ્વાન માનનારા "ભણેલા"ઓની તરંગી પાયા વિનાની શંકાઓનું સમાધાન કરવામાં આચાર્યશ્રી અસાધારણ યુક્તિસામર્થ્ય દાખવતા. આવો જ એક તરુણ, વિશ્વવ્યાપી જગતની નિયામક શક્તિ વિશેનો નૃસિંહાચાર્યનો આરંભક પ્રસ્તાવ સાંભળતાં જ તડૂકી ઊઠયો :

"પણ બાપજી ! {"બાપજી" શબ્દ તેણે કટાક્ષમાં વાપર્યો હતો } તમે જાણો છો ને હું નાસ્તિક છું". તેના નાસ્તિકભાવને પીઠ થાબડતાં હોય તેમ બાપજીએ હસીને કહ્યું,

"ભાઇ ! મારે બુધ્ધિવાદી નાસ્તિકોની જ જરૂર છે, ઘણાખરા બધા જ નાસ્તિક હોય છે. પણ નાસ્તિકોમાં ય બુધ્ધિમાન નાસ્તિક મહાન આસ્તિક હોય છે".

"તે કેવી રીતે ?" આચાર્યોમાં અશ્રધ્ધા ધરાવનારા તરુણમાં કાંઇ શ્રધ્ધાની ચટપટી જાગી.

"આજે તમે તમને "નાસ્તિક" માનો છો, કાલે મહાનાસ્તિક બનશો – અને તેમાંથી જ મોટો આસ્તિક મનુષ્ય પ્રકટ થશે...... !"

"નોનસેન્સ ! અસંબધ્ધ વાતો ન કરો".

"તમે સહેજ ધીરજ રાખો. સ્વતંત્ર બુધ્ધિ નહિ વાપરનારા કેવળ લાગણીઘેલા અંધટોળાનો હું નાયક બનવા નથી માંગતો. ચારે તો તમને જ પૂછવું છે કે તમે "ઈશ્વર"ને માનો છો કે ?"

"ના, બિલકુલ નહિ".

"ત્યારે, તમે કોઇક કોઇક વખત વર્ણવો છો અને વિસ્તારથી જેના પર વિવેચન કરો છો એવા "કોઇક તત્ત્વને" વ્યાપ્ત હોવાનું માન્ય રાખો છો ને ?"

"હા, પણ "ઈશ્વર" નહિ. Something like Nature, Law. (કુદરત કે તેના કાયદા જેવું કાંઈક)".

"હા, ભાઇ નેચર–પ્રકૃતિ જેવું, તો નાસ્તિકની વ્યાખ્યા તો એ જ ને કે **न अस्ति** એવું ધોરણ જેણે સ્વીકાર્યું છે તે નાસ્તિક ! ખરું ને ?"

"Yes, by all means (હા, તદ્દન બરાબર)."

"તો પછી, તમે કોઇક વસ્તુ કે તત્વના "અસ્તિત્વના અભાવ"નું અથવા અનસ્તિત્વનું ધોરણ સ્વીકાર્યું છે કે નહીં ?"

"હા".

"તો તે તત્ત્વ કયું ? તમે માન્ય કરેલું તત્ત્વ પછી "નેચર" હોય કે "લૉ" હોય, પણ તે તો અસ્તિત્વમાં આવી જાય. અને તે સભર વ્યાપ્ત હોવાનું તો તમે પ્રથમથી જ સ્વીકારી બેઠા છો

તો તમારા "અનસ્તિત્વ"ના વિષયની પ્રવેશમર્યાદા ક્યાંથી શરૂ થાય છે, એ જરા સમજાવશો કે ?"

નિરુત્તર રહેલા તરુણમાં સમજવાની ક્ષમતા અને સહિષ્ણુતાનો ગુણ હતો. તેના અવલંબનથી તે પછીથી નૃસિંહાચાર્યજીના ઉપદેશનો અધિકારી બની શક્યો.[1]

એક વખતે ઉત્તર ભારતમાંથી આવેલા એક મહોપાધ્યાય કોટિના અભિમાની પંડિતના પક્ષની સઘળી દલીલો શાંતિથી શ્રવણ કરીને આચાર્યશ્રીએ ગંભીર મુદ્રા ધારણ કરીને પંડિતના વિષયના એકેએક મુદ્દાના ચૂરેચૂરા કરી નાખ્યા. ગર્વ ટળતાં પરાજય સ્વીકારી મૂક બનેલા પંડિતજીને પ્રોત્સાહન આપતાં આચાર્યશ્રીએ કહ્યું, "તમારો પક્ષ સત્ય અને સબળ છે. બતાવું, કેવી રીતે ?" એમ કહીને, પોતે જ પ્રથમ સાચા ઠરાવેલા પક્ષને પ્રતિપક્ષ ઠરાવીને શાસ્ત્રપ્રમાણિત દૃષ્ટાંતો અને દલીલોથી તેનું મંડન કર્યું તથા નવીન પક્ષનો જ પુરસ્કાર કર્યો. એટલે પુનઃ શાસ્ત્રાર્થ શરૂ થયો. આમ તેમણે ૪-૫ વખત પક્ષ-પ્રતિપક્ષ ઉલટાવીને વાદકૌશલ સિધ્ધ કરી બતાવ્યું.

આ પ્રમાણે વાદવિવાદ કરવામાં તે કદીય ઉગ્રતા કે રાગદ્વેષની લાગણીને ઉત્તેજન આપવા દેતા નહીં, અસત્યનો કે કુટિલતાનો આશ્રય લેતા નહીં તથા સભ્યતા અને પ્રસન્નતાનો લોપ થવા દેતા નહીં. પ્રત્યેક પ્રસંગે તેઓશ્રી સામેની વ્યક્તિને પોતાના વિચારો મુક્તમને નિર્ભયતાથી રજૂ કરવાની પૂરેપૂરી તક આપતા. પ્રતિપક્ષના વ્યક્તિગત છિદ્રો તથા દલીલોના દોષ જાણતાં હોવા

---

૧. શ્રી મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઇ : "શ્રીમન્નૃસિંહાચાર્યજી"-પૃ. ૧૧૪

પ્રવાહોને "ધર્મવિચાર"માં વહેવડાવ્યા છે. તેમાં તેણે સમાજસુધારકોની, પાશ્ચાત્ય લોકોની જેમ, અર્થ-કામના પુરુષાર્થને જ મહત્ત્વ આપવાની નીતિરીતિને વખોડી છે અને "બ્રાહ્મણબુધ્ધિના માહાત્મ્ય અને ક્ષાત્રબુધ્ધિના ઔદાર્ય"પૂર્વક સ્વધર્મના સંરક્ષણ અને ન્યાયબુધ્ધિના પાલન માટે અનુરોધ કર્યો છે. આમ સુધારાના સેનાની નર્મદના હાથે જ સુધારાપ્રવૃત્તિની ધ્વજાને નીચે ઉતારવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, એ વિધિની વિચિત્રતા ગણવી કે આર્યધર્મ-સંસ્કૃતિનાં સંરક્ષક પરિબળોની સર્વોપરિતા ગણવી ; ..... કે પછી નર્મદના શબ્દોમાં "કાળ"બળનો પ્રભાવ ગણવો ?

<u>રામકૃષ્ણ મિશન :-</u>

સમસ્ત ભારતની, અને ખાસ કરીને ગુજરાતની ઉપર વર્ણવ્યા પ્રમાણેની પરિસ્થિતિ હતી ત્યારે ૧૯મા સૈકાની છેલ્લી વ્રીસીમાં વ્રણ-ચાર સંસ્થાઓ તેમના પ્રભાવશાળી નેતાઓ દ્વારા અસ્તિત્વમાં આવી. એ સંસ્થાઓએ આર્યધર્મ અને સંસ્કૃતિના સમુધ્ધાર અને સંરક્ષણનું જે કાર્ય કર્યું છે તે અદ્ભુત છે, એટલું જ નહીં પણ તે કાર્યની સુવાસ આજપર્યંત માનવજાતિને ઉજ્જવળ અને ઉદાત્ત બનવાની પ્રબળ પ્રેરણા આપી રહી છે. તે મુખ્ય સંસ્થાઓ છે : (૧) રામકૃષ્ણ મિશન (૨) આર્યસમાજ : ૩ (થિયોસોફિકલ સોસાયટી અને (૪) શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ.

આ ચારે ય સંસ્થાઓનો સામાન્ય ઉદ્દેશ સત્યધર્મના સમજપૂર્વકના પાલન દ્વારા માનવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ સાધવાનો છે. સમગ્રતયા આ ચારેય સંસ્થાના પાયામાં સનાતન વેદધર્મના સિધ્ધાંતો રહેલા છે - પરંતુ તે વ્યાપક વેદધર્મ છે, કે જેમાં સર્વોદયને પોષક અન્ય સર્વ બાબતોનો, ધર્મોનો

અને સત્ય સિધ્ધાંતોનો સમાવેશ થઇ જાય છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ અહર્નિશ ઉચ્ચતમ બ્રાહ્મી સ્થિતિમાં વિહાર કરનારા તપસ્વી મહાત્મા હતા. એ યોગૈશ્વર્યસંપન્ન સમાધિસ્થ મહાપુરુષને કાંઇ પ્રાપ્તવ્ય કે કર્તવ્ય જેવું હતું જ નહીં. પ્રભુમય પવિત્ર જીવન ગાળનાર એ સંત પુરુષે ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યો હતો અને અસંખ્ય શિક્ષિત તથા અશિક્ષિત વર્ગના મનુષ્યોને આત્મસાક્ષાત્કારના માર્ગે વાળ્યા હતા. એમના અલૌકિક વ્યક્તિત્વના પ્રભાવથી ઘણા લોકો, પાશ્ચાત્ય શિક્ષણ-સંસ્કારની મોહિનીના પાશમાંથી કે ઉચ્છેદક સુધારાવાદની નાગચૂડમાંથી ઉગરી ગયા હતા. નાસ્તિકતા તરફ ઘસડાઇ જતો પ્રવાહ પરમહંસના પ્રત્યક્ષ પ્રભાવ અને કવચિત થતા પ્રબોધના પ્રતાપથી સ્થગિત થયો. ચમત્કાર કર્યા સિવાય લોકોને તેમનામાં વિલક્ષણ ચમત્કૃતિનો અનુભવ થયો. તેમનો મોટામાં મોટો ચમત્કાર એ હતો કે, ઇશ્વરના ઇન્કારની અને પ્રત્યેક બાબતમાં શંકા-સંદેહની પરાકાષ્ઠા પર પહોંચેલો અપ્રતિમ બુધ્ધિશાળી યુવાન નરેન્દ્ર - પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બને તેમ - પરમહંસના પાવનકારી પારસમણિના કૃપાકટાક્ષથી સ્વામી વિવેકાનંદ બન્યો.

પોતાના ગુરુદેવના આદેશ અને આશીર્વાદને માથે ચઢાવી સ્વામી વિવેકાનંદે ભારતના ખૂણેખૂણેમાં ફરી વળી અધ:પતનની ઊંડી ખાઇમાં હડસેલાઇ ગયેલા હિંદુમાનસને ઢંઢોળ્યું, જાગ્રત કર્યું, એટલું જ નહીં પણ પરદેશમાં પણ વેદધર્મનો ડંકો બજાવ્યો. શિકાગોમાં ૧૮૯૩માં મળેલી વિશ્વધર્મપરિષદમાં ભગવાધારી આ તેજસ્વી તરુણે ગુરુના નામની અને વેદધર્મના ગૌરવની ઘોષણા કરી. પરદેશમાં પરિહાસને પાત્ર બનેલી આર્યસંસ્કૃતિની

ઉજ્જવલતા અને ઉદાત્તતા તથા વેદધર્મની સર્વોપરિતાને પોતાના ચારિત્ર્યપ્રભાવ ઉપરાંત સબળ અને સચોટ બુધ્ધિ-તર્ક-યુકિતથી સિધ્ધ કરી બતાવી. યુરોપ અમેરિકાના ભૌતિકવાદી અને પ્રત્યક્ષ પ્રમાણના હિમાયતી લોકો સમક્ષ તેમણે આપણી દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુધ્ધાદ્વૈત વગેરે તત્ત્વવાદોની સંકલના અને સમજ જે ઢબે અને જેવી શૈલીમાં કરી, એવી ભાગ્યે જ - સ્વામી રામતીર્થ સિવાય - કોઇએ કરી હશે. તેમણે જડવાદી વિજ્ઞાનરસિક લોકોને સુગમતાથી સમજાય એ રીતનાં ઉદાહરણો આપીને પ્રતિપાદન કર્યું કે, આ ત્રણેય વાદોમાં માનવમનની ભિન્નભિન્ન ભૂમિકાઓના ક્રમિક વિકાસનો અંતર્ભાવ છે. છેવટે ઉચ્ચતમ ભૂમિકાએ પહોંચેલું મન અથવા ચેતન-મન અદ્વૈત દર્શનમાં વિલક્ષણ રીતે એકમેક અથવા વિલીન થઇ જાય છે. માટે આ દર્શન-વાદોને પૃથક્ પૃથક્ રીતે એકબીજાના વિરોધી મતો તરીકે ન જોતાં, અંતિમ અદ્વૈત શિખરે પહોંચવા માટેનાં ક્રમિક સોપાનો તરીકે ગ્રહણ કરવાં જોઇએ.

આ ઉપરાંત, સ્વામી વિવેકાનંદે દીનહીન માંદલા માનસ ધરાવતા હિંદીજનોને Awake, Awake સિંહગર્જના કરીને ઉદ્બોધ્યા અને કહ્યું કે, ગુલામ-ગરીબ દેશના લોકો કદી પણ આધ્યાત્મિક ઉન્નતિને પામવા કે જીરવવા **પાત્ર** બની શકતા નથી. તેમણે લોકોને તેમનાં તન અને મન બંને મજબૂત કરવાની તથા ઉધોગવૃધ્ધિ દ્વારા દેશોન્નતિ કરવાની હાકલ કરી ; દેશસેવા અને માનવસેવા કરીને જ અધ્યાત્મના પંથે પ્રયાણ કરવાનો અનુરોધ કર્યો. તેમના ઉપદેશમાં સ્વધર્મ-વેદધર્મ પ્રત્યેનો અનુરાગ છલકાતો હોવા છતાં તેમાં સર્વધર્મ પ્રત્યેનો આદર અગ્રસ્થાને રહેતો. "રામકૃષ્ણ મિશન"ના નામે ભારતમાં

અને વિદેશોમાં અનેક સંસ્થાઓ સ્થપાઇ. આ સંસ્થાઓ આજપર્યંત નિઃસ્વાર્થ જનસેવાનું કાર્ય કરતી રહી છે. તેઓ કેળવણીની સંસ્થાઓ, રુગ્ણાલયો, દવાખાના વગેરે ચલાવે છે. પ્રસંગોપાત્ત દુકાળ, રેલસંકટ, ભૂકંપ, મહામારી જેવા સામૂહિક આપત્તિના પ્રસંગોમાં "રામકૃષ્ણ મિશન"ના મિશનરીઓ, કોઇપણ પ્રકારના ભેદભાવ વિના, પીડાગ્રસ્ત લોકોની સેવાનું કાર્ય કરે છે. તદુપરાંત, તેના આશ્રયે વિદ્વાન સાધુસંતો વેદધર્મના સત્યજ્ઞાનનું પુસ્તક-પ્રકાશન, પ્રવચન વગેરે દ્વારા વિતરણ કાર્ય કરે છે.

SIR MANISA MEHTA LIBRARY THE M. S. UNIVERSITY OF B.

## આર્યસમાજ :-

૧૮૭૫ની સાલ અનેકરીતે સૂચક છે. થિયોસોફિકલ સોસાયટીના એક મહાત્મા પુરુષે એવી મતલબનું જણાવ્યું છે કે, દરેક સદીના છેવટના ભાગમાં - લગભગ ૭૫મા વર્ષની આસપાસ - અદૃશ્ય મહાત્મામંડળમાં થયેલી વિચારણા અને યોજના અનુસાર પૃથ્વીલોક પર આધ્યાત્મિક પરિવર્તન માટેની કોઇને કોઇ પ્રવૃત્તિનો પ્રારંભ કે તે માટેનું આંદોલન શરૂ થાય છે. એ દૃષ્ટિએ આ મંગલ ક્રાન્તિકારી વર્ષમાં બે સંસ્થાઓની સ્થાપના થઇ. એક તો ભારતમાં જ થઇ. મુંબઇમાં ૧૦મી એપ્રિલના રોજ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ "આર્યસમાજ" સંસ્થાની સ્થાપના કરી. બીજી એવી મહાન આધ્યાત્મિક સંસ્થા "થિયોસોફિકલ સોસાયટી"ની સ્થાપના ૧૭મી નવેમ્બર ૧૮૭૫ના રોજ અમેરિકામાં ન્યૂયોર્ક મુકામે રશિયન સન્નારી મેડમ બ્લેવેટ્સ્કીએ અને અમેરિકન બંધુ કર્નલ ઑલ્કોટે, તેમના અદૃશ્ય મહાત્મામંડળના ગુરુઓની અનુજ્ઞાને અનુસરીને કરી, - જે સંસ્થાનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર પાછળથી ઇ.સ.૧૮૮૩માં ભારતમાં અડયાર (મદ્રાસમાં) મુકામે સ્થપાયું.

સૌરાષ્ટ્રમાં મોરબી રાજ્યના ટંકારા ગામમાં શિવભક્ત પિતાને ત્યાં ૧૮૨૪માં જન્મેલા મૂળશંકરના મનમાં ૧૪ વર્ષની વયે, મહાશિવરાત્રીની રાત્રે, મહાદેવના મંદિરમાં, મૂર્તિ અને તેની પૂજા વિશે અશ્રધ્ધા ઊઠવાથી, સત્યધર્મસંશોધનની પ્રેરણા જાગી. એવામાં બેત્રણ નજીકનાં સ્વજનોનાં મરણ થયાં. ચિંતન-મંથન પછી વીસ વર્ષની વયે ઘર છોડી, તે ગુરુની શોધમાં ફર્યા. ૧૫-૧૬ વર્ષના રઝળાટ બાદ, ચાણોદ પાસે શૃંગેરીમઠના એક વિદ્વાન સંન્યાસી પૂર્ણાનંદ પાસેથી સંન્યાસની દીક્ષા લીધી અને દયાનંદ નામ ધારણ કર્યું. ત્યારપછી મથુરામાં પ્રજ્ઞાચક્ષુ પંડિત વેદવિદ્યાવિશારદ વિરજાનંદ સ્વામીનો મેળાપ થયો. ગુરુની સેવા અને સુશ્રૂષાથી તથા પોતાના અવિરત પુરુષાર્થથી બેથી ત્રણ વર્ષમાં જ દયાનંદે વેદધર્મ અને અન્ય શાસ્ત્રોનું જ્ઞાનરહસ્ય સંપાદન કર્યું. વિદાયવેળાએ વિરજાનંદ ગુરુએ જે વિલક્ષણ દક્ષિણા માગી તે આ પ્રમાણે છે :

"વત્સ ! આજે આપણી પવિત્ર આર્યભૂમિમાં દીન તથા હીન આર્યસંતાનો અનેક પ્રકારનાં દુઃખો તથા સંકટોને ભોગવી રહયાં છે. મારી તને એ જ આજ્ઞા છે કે તું જા અને એ આર્યસંતાનોના ઉધ્ધારકાર્યને અવિશ્રાન્ત ભાવથી આરંભી દે. આધુનિક હિંદુસમાજમાં જે કેટલીક કુરીતિઓ તથા કુરુઢિયો ધર્મ તરીકે પ્રવેશી છે તે સર્વ કુરીતિયો તથા કુરુઢિયોને કાઢી નાખીને આર્યજાતિની દુર્દશાનું દલન કરી દે ; આપણા પ્રાચીન ઋષિઓની ધર્મશૈલીના પ્રચાર દ્વારા આર્યસંતાનોની ચિત્તવૃત્તિને આર્યગ્રંથોનાં પઠનપાઠનમાં એકાગ્ર કરી દે અને આર્ય માનવસમાજને અનેકેશ્વરવાદના બંધનની બાધાથી મુક્ત કરીને એક જ સર્વત્ર વ્યાપક તથા સર્વશક્તિમાન ઇશ્વરનો અનન્ય

ભક્ત બનાવી દે ! તારા હસ્તથી આ કાર્યની જે સિધ્ધિ થશે તે જ મારી ગુરુદક્ષિણા છે". [૧]

ગુરુના ચેલાઓ અને અનુયાયીઓની સંખ્યા મોટી હોય છે ; પરંતુ સાચા શિષ્ય તો વિરલ હોય છે. દ્રોણગુરુએ ગુરુદક્ષિણા કેવી માગી હતી ? અને પારંગત કરેલી ધનુર્વિદ્યાના આધાર રૂપ દક્ષિણ હસ્તનો અંગૂઠો જ દક્ષિણામાં આપી દેનાર એકલવ્ય કેટલા ? વિરજાનંદ ગુરુએ સ્વમુખે માગેલી દક્ષિણા આપવાની ભીષ્મપ્રતિજ્ઞા મૂળશંકરમાંથી દયાનંદ બનેલા શિષ્યે - પોતાના અંતઃકરણના ઊંડાણમાં - કરી ; અને ઉપડયા પ્રતિજ્ઞા પાલનના પથે, માત્ર સદ્ગુરુની શુભાશિષ અને સત્સંકલ્પનું ભાથું લઇને.

દયાનંદ સરસ્વતીએ મૌન ધારણ કરીને હિમાલયમાં ધ્યાન ધર્યું, ચિંતન કર્યું, અને દેશભરમાં પરિભ્રમણ કર્યું. તેઓ જયાં જયાં વિચરતા ત્યાં ત્યાં દેશવાસીઓમાં મૂર્તિપૂજા અને તદનુસારી અંધશ્રધ્ધા, ભક્તિની વેવલાઇ, શારીરિક નબળાઇ, ગુલામી માનસ, બાળલગ્ન, વિધવાવિવાહ અને પરદેશગમન પ્રત્યેનો પ્રતિબંધ, સ્પર્શાસ્પર્શ, જ્ઞાતિજાતિના તીવ્ર ભેદો..... વગેરે સમાજની અવનતિનાં અનિષ્ટો જોઇને તેમનું હૈયું હચમચી ઊઠતું. તે સભાઓ ભરતા અને ઉગ્રતાપૂર્વક હિંદીભાષામાં પ્રવચનો કરતા.

તેમનું મુખ્ય ધ્યેય વૈદિકધર્મના પુનરુધ્ધાર કે વિસ્તારનું હતું. વેદોને જ તેમણે ઇશ્વરપ્રણિત અને પ્રમાણશાસ્ત્ર તરીકે સ્વીકાર્યા. વેદ સિવાયનું બીજું બધું અપ્રમાણ અથવા અપ્રામાણિક!

---

૧. "આર્યજયોતિ" - પૃ. ૨૪ તા. ૨૬-૪-૧૯૩૬

લોકહૈયામાં સ્થાન કરી બેઠેલાં "પુરાણો" પર તેમણે જબરજસ્ત પ્રહાર કર્યાં. યુક્તિદલીલોથી તેમણે લોકોનાં મનમાં એમ ઠસાવવા પ્રયત્નો કર્યાં કે, પુરાણો તો પુરોહિતો - બ્રાહ્મણોએ પોતાના પિંડપોષણ માટે ઊભા કરેલાં કપોલકલ્પિત ગપ્પાં છે. એમાં વાસ્તવ જ્ઞાન નથી. આ સાથે તેમણે મૂર્તિપૂજાની વિરુધ્ધમાં ઉગ્ર જેહાદ ઉઠાવી. ઉગ્ર એટલા માટે કે, બ્રહ્મસમાજ અને પ્રાર્થનાસમાજની આ વિષયની પ્રવૃત્તિઓની જેટલી અસર જનતા પર નહોતી થઇ તેટલી અસર દયાનંદનાં પ્રવચનો અને પ્રકાશનોથી થઇ. તેમાં મુખ્યત્વે સ્વામીજીનું પ્રચંડ પુનિત પ્રભાવશાળી વ્યક્તિત્વ અને અસ્ખલિત ધારાવાહી ન્યાયપ્રમાણયુક્ત વક્તૃત્વ કારણરૂપ હતાં. વળી આર્યસમાજની પુરોગામી સંસ્થાઓનું કાર્યક્ષેત્ર મોટેભાગે અલ્પસંખ્ય બુધ્ધિશાળી વર્ગ પૂરતું મર્યાદિત હતું અને તેમાં વેદોના અપૌરુષેયત્વના તથા પુનર્જન્મના સિધ્ધાંતો માનવામાં આવ્યા ન હતા. "આર્યસમાજ"માં હિંદુધર્મના આ પાયાના સિધ્ધાંતો સ્વીકારવા ઉપરાંત, બહુજનસમાજમાં તેની પ્રવૃત્તિઓ વ્યાપેલી હતી.

તેમાં પ્રતીકોપાસનાના ઉગ્ર ખંડન ઉપરાંત, જ્ઞાતિજાતિભેદના નિવારણપૂર્વક હિંદુત્વના ઝંડા નીચે આર્યોની - માનવજાતિની - એકતા માટે દઢ આગ્રહ રાખવામાં આવતો હતો. આ કારણથી તેમની પ્રવૃત્તિ ઘણી વખત પ્રવર્તમાન અન્યધર્મોના અનુયાયીઓ - ખાસકરીને મુસલમાનો અને ખ્રિસ્તીઓ - ની વિરુધ્ધમાં જાણે કાર્ય કરી રહી હોય, એવો ભ્રમ પેદા થવા માંડયો હતો. સ્વામીજીનો અંગ્રેજીનો ઊંડો - સારો અભ્યાસ ન હોવાને લીધે, - તેમનું હૃદય અને ધ્યેય ખરેખર સર્વધર્મસમાદર અને સહિષ્ણુતાવાળું હોવા છતાં, તેઓ અન્ય ધર્માનુયાયીઓ અને વિશાળ ભાગવતવાદી વૈષ્ણવસમુદાયનો સારો સહકાર કે મૂગી સહાનુભૂતિ પણ સંપાદન કરી શક્યાં નહીં, એ હકીકત છે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો આર્યસમાજ સૃષ્ટિના ઉપાદાન કારણ તરીકે પ્રકૃતિને અને નિમિત્ત કારણ રૂપે પરમેશ્વરને માને છે. જીવાત્મા સાથે પરમાત્માનું સાધર્મ્ય અને વૈધર્મ્ય બતાવીને તેમાં સત્ય, નિત્ય, ન્યાયી, કર્મફલદાતા વગેરે હોવાનો આરોપ તેઓ કરે છે. મૂર્તિ, જ્ઞાતિજાતિ, સ્મૃતિપુરાણો, તેના દેવો અને તેની કથાઓ, સ્વર્ગ, નરક, ભિન્નભિન્ન લોક, શ્રાધ્ધ અને બીજી ક્રિયાઓ તથા ધાર્મિક ચિહ્નો વગેરેનો તેઓ ઉગ્ર આવેશથી ઇન્કાર અને તિરસ્કાર કરે છે. भाष्यभूमिका અને सत्यार्थप्रकाश ના સર્વોત્તમ ગ્રંથો ઉપરાંત, આર્યસમાજે સંસ્કૃત-પ્રાકૃતમાં અને હિંદીમાં ઘણાં પુસ્તકો અને પત્રિકાઓનું પ્રકાશન કર્યું છે.

ભારતમાં, ખાસ કરીને પંજાબ અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં વેદાધ્યયન-વિસ્તારનું પ્રશસ્ય કાર્ય આર્યસમાજે કર્યું છે. પરંતુ તેમ કરવામાં દરેક વિચાર, વાદ કે સિધ્ધાંતને વેદોમાંથી જ ફલિત કરવાનો પ્રયત્ન કરવાથી, તેમણે કરેલા અર્થો સનાતની પંડિતો અને ઇતર વિદ્વાનોમાં પણ સર્વમાન્ય બની શકયા નથી.

બીજી બધી બાબતોનું ગમે તે પરિણામ આવ્યું હોય છતાં સમાજની સુધારણા અને જાગૃતિની બાબતમાં આર્યસમાજનું કાર્ય અદ્ભુત અને અનુપમ છે. તેમણે, મિશનરીઓના પ્રયાસોમાં પ્રચંડ પ્રતિરોધ ઊભો કર્યો. હજારોની સંખ્યામાં વટલાઇ જતા કે નાસ્તિક બનતા લોકોને આર્યસમાજે રોક્યા, સમજાવ્યા અને ધર્મમય જીવનમાં કે વૈદિક ઉત્થાનના સન્માર્ગમાં વાળી લીધા. આ બાબતમાં આર્યસમાજે "શુધ્ધિ" કાર્યનો આરંભ કરીને નવું પ્રસ્થાન કર્યું; અને વટલાયેલા પણ પાછા વળેલા હજારો હિંદુઓને તેમના સમાજમાં પુનઃ પ્રતિષ્ઠાભર્યું સ્થાન અપાવ્યું અને એ રીતે

હિંદુ આર્યધર્મ-સંસ્કૃતિને સંજીવની છાંટી, એમ કહીએ તો ખોટું નથી.

બીજી બાજુ આર્યસમાજે કન્યા કેળવણી અને અસ્પૃશ્યતાનિવારણના પ્રશ્નો હાથમાં લીધા. પ્રાચીન ગુરુકુળ જેવી - આધુનિક સમયને અનુકૂળ આવે એ રીતની - વિધાલયસંસ્થાઓ સ્થાપી, ચલાવી ; જે આજે પણ પંજાબ ઉપરાંત ગુજરાતમાં વડોદરા, પોરબંદર વગેરે સ્થળે ચાલે છે. આર્યસંસ્કારોની પીઠિકા સાચવીને કેળવણીમાં ક્રાન્તિ કરવાના આર્યસમાજના પ્રયાસો હજુ ચાલુ જ છે. તેમણે સ્થળે સ્થળે અનાથાશ્રમો, વિધવાગૃહો અને કન્યાવિધાલયો સ્થાપ્યાં છે. શિક્ષણ, શુધ્ધિ ઉપરાંત વેદવિહિત સંસ્કારોનું શોધન અને સંરક્ષણ કરવાનું આ સંસ્થાનું સેવાકાર્ય વિશિષ્ટ પ્રકારનું છે. હિંદીભાષાની પણ તેણે હિમાયત કરી છે. પ્રજામાં ધાર્મિક અને રાષ્ટ્રીય ભાવનાની પ્રદીપ્તિ કરવામાં, હિંદુધર્મને બળવાન બનાવવામાં અને ભારતીય સંસ્કૃતિમાં પ્રાણ પૂરવામાં આર્યસમાજનો ફાળો નાનોસૂનો નથી. આવા ભગીરથ કાર્ય માટે દયાનંદ સરસ્વતીને શહીદ થવું પડયું ! તેમના અવસાન બાદ દેશભક્ત લાલા લજપતરાય અને સ્વામી શ્રધ્ધાનંદે તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. આજે પણ આ સંસ્થાનું કાર્ય તો ચાલુ જ છે. છતાં પ્રથમ વિશ્વયુધ્ધ પછીના સમયથી, "આર્યસમાજ" એ માત્ર કેળવણીનું, શુધ્ધિનું, વર્ણાન્તર લગ્નોનું જ કાર્ય કરનારી સંસ્થા રહી છે, એવી જનસમાજ પર જે છાપ ઊભી થવા પામી છે, તે સત્યથી સાવ વેગળી નથી !

## થિયોસૉફિકલ સોસાયટી અને શ્રીમન્નૃસિંહાચાર્યજી

આપણે આગળ જોઇ ગયા કે "આર્યસમાજ"ની સ્થાપનાના વર્ષમાં જ - ૧૮૭૫માં - અમેરિકામાં "થિયોસૉફિકલ સોસાયટીની સ્થાપના થઇ. એક વિલક્ષણ વિચારની અત્રે નોંધ લેવી જરૂરી છે. ૪૦-૫૦ વર્ષ પછી સમસ્ત વિશ્વની સત્તાસમતુલાની દાંડી અમેરિકા

અને રશિયાના હસ્તક આવવાની હતી. બંને વિશ્વવિગ્રહોમાં આ બે સમૃધ્ધ મહાન દેશોનાં બળોનો ગજગ્રાહ, સંઘર્ષ અને પછી ધીમેધીમે સહઅસ્તિત્વના સિધ્ધાંત તરફનું માનસિક વલણ આકાર લેવાનાં હતાં. "યુનો" નામક વિશ્વબંધુત્વ અને વિશ્વશાંતિને ચાહનારી તથા વિશ્વવિગ્રહો અને શસ્ત્રસર્જનોની સ્પર્ધાને નિયમનમાં રાખવાનો ભવ્ય આદર્શ સેવનારી સંસ્થામાં એક સાથે બેસીને બંને દેશોના માંધાતાઓને વિચારવિનિમય કરવાના પ્રસંગ પ્રાપ્ત થવાના હતા. આ બધા બનાવો સ્થૂળ ભૂમિકા પર મૂર્ત સ્વરૂપ લે તે પહેલાં વૈચારિક વિશ્વમાં સૂક્ષ્મ પૂર્વભૂમિકા રચાવાની અગત્ય હતી. જાણે કે આ બધો વિધિનો સંકેત ન હોય તેમ વિશ્વબંધુત્વ અને માનવજાતિની એકતાના આદર્શનો સવિશેષ પુરસ્કાર કરવાના ઉચ્ચ આશયને ધારણ કરતી "થિયોસૉફિકલ સોસાયટી"ની સ્થાપનાના મૂળમાં જે બે મહાન વિભૂતિઓનો સહયોગ થયો તે પૈકી એક રશિયન મહિલા અને બીજા અમેરિકન બંધુ હતાં ![1] થિયોસોફિસ્ટ સાધકો અને વિદ્વાનો "ઇશ્વરી યોજના"ના સિધ્ધાંતનો સ્વીકાર કરે છે અને એનો ઊંડો અભ્યાસ કરે છે, એ અન્વયે આ બંને મહાન વિભૂતિઓના સહયોગથી "સોસાયટી"ની સંસ્થાની સ્થાપનાનો વ્યતિકર પણ ઈશ્વરી યોજનાના અવિભાજ્ય ભાગ રૂપ જ હતો, એવો એમનો સ્પષ્ટ અભિપ્રાય છે.

મૅડમ બ્લૅવેટ્સ્કી પોતાને પૂર્વજન્મોના હિંદુ માનતા હતા. પશ્ચિમમાં જડવાદનું મોજું જામી ગયું હતું અને તેનો પ્રભાવ-પંજો ભારતવર્ષ પર પણ પડવાનો હતો - પડવા માંડયો હતો. તેની આત્યન્તિક વિઘાતક અસરોમાંથી જગતને ઉગારવા માટે, તથા

---

૧. આ પ્રમાણે થિયોસૉફિકલ નેતાઓ નિષ્ઠાપૂર્વક માને છે અને તે માટે તેનાં સબળ કારણો પણ આપે છે. એ વિગતો આપવાની અત્રે જરૂર નથી.

ભારતના ભૂતકાલીન સનાતન સંસ્કારવારસાનો વિકસતા જતા વિજ્ઞાનની અદ્યતન પરિપાટીએ સવિશેષ સ્વરૂપે આવિષ્કાર કરી તે દ્વારા માનવજાતિને વિશ્વકલ્યાણને માર્ગે દોરવણી આપવા માટે, થિયોસૉફિકલ સોસાયટીના આદ્ય પ્રણેતાઓએ પોતાના કાર્યનો પ્રારંભ, પશ્ચિમમાં કર્યા બાદ ભારતને પોતાની કર્મભૂમિ તરીકે પસંદ કરી. તેઓ મક્કમ મનથી માનતા હતા કે ભારત જ વિશ્વના સર્વ દેશોને દોરવણી આપી શકે તેમ છે અને તે પણ તેની આધ્યાત્મિક સંસ્કૃતિ દ્વારા જ અને તેટલા માટે, તે જમાનામાં જ્યારે પ્રવાસમાં સાધનોની સુગમતા ન હતી ત્યારે આ વિદેશી મહાનુભાવોએ ભારતની યાત્રા કરી એટલું જ નહીં પણ તેમના અદૃશ્ય ગુરુજનોની આજ્ઞા અને પ્રેરણા અનુસાર તથા એ.પી.સીનેટ નામના યોગવિદ્યામાં રસ લેતા ખ્રિસ્તી વિદ્વાનોની સૂચના અનુસાર, તિબેટમાં આવી ત્યાં - સૂક્ષ્મદેહે - વસતા પોતાના ગુરુ "કુતુમી" પાસે યોગવિદ્યાની સંગીન તાલીમ લીધી એટલું જ નહીં પણ ભિન્નભિન્ન સૂક્ષ્મતર ભૂમિકાઓના અનેકવિધ આધ્યાત્મિક અનુભવો મેળવી અધિકારસંપન્ન થયાં. વૈષ્ણવોને જેમ ગોકુલમથુરા, શિવભક્તોને કાશી અને મુસલમાનોને કાબા કે મદીના તેમ મદ્રાસ પાસે સમુદ્રકિનારે આવેલા "અડ્યાર"ના સુંદર નિસર્ગધામને તેમણે થિયોસૉફિકલ સોસાયટીનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે વિકસાવ્યું. આજે અડ્યાર એ માત્ર ભારતમાં જ નહીં પણ સમસ્ત વિશ્વમાં ધર્મ અને અધ્યાત્મની પુણ્યભૂમિ ઉપરાંત કળા, કેળવણી, સંશોધન અને સંસ્કારનું તીર્થધામ બની રહ્યું છે. હજારો પ્રાચીન હસ્તપ્રતો અને લાખોની સંખ્યામાં ઉપયોગી આધાર-સંદર્ભના મૂલ્યવાન ગ્રંથોથી સમૃધ્ધ એવી અડ્યારની લાયબ્રેરી, આજે શિક્ષણ-સંસ્કારની યાત્રા કરનારાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

'Madam Blavatsky gave Thesophy and Col. Olcott gave Theosophical Society'. ૭ ૮ ૮ ૮ -૯ ૭ ૮ થિયોસોફિકલ

સોસાયટીના બીજા પ્રમુખના આ વિધાનમાં ભારોભાર સત્ય ભરેલું છે. કારણકે, થિયોસૉફીના વિદ્યાવિજ્ઞાનના વિસ્તાર અને વિતરણનું મુખ્ય તથા મહત્ત્વનું કાર્ય મૅડમ બ્લૅવૅટ્સ્કીએ કર્યું પરંતુ એ મહાન કાર્ય જે પ્રણાલિકા દ્વારા વહેતું થયું અને ભવિષ્યમાં પણ દીર્ઘકાલપર્યંત અવિચ્છિન્નપણે વહી શકે એ માટેની સુદૃઢ સંસ્થાની આયોજના અને તેનો બંધારણીય વિકાસ કરવાનું – જ્ઞાનપ્રસ્તાર જેટલું જ અગત્યનું – કાર્ય કર્નલ ઑલ્કોટે કર્યું છે. અને એ બંનેના પ્રાથમિક અને પ્રારંભિક પણ સંગીન સામર્થ્યપૂર્ણ કાર્યનદને ધસમસતા પ્રચંડ ધોધપ્રવાહરૂપે વહેવડાવી વ્યાપક સ્વરૂપ આપવાનું કાર્ય, થિયોસૉફિકલ સોસાયટીના બીજા પ્રમુખ ડૉ.એની બેસન્ટે કર્યું છે. ડૉ. એની બેસન્ટ તો વીસમી સદીના આરંભમાં હોમરુલલીગની પ્રવૃત્તિ દ્વારા ભારતના આધ્યાત્મિક ઉપરાંત સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ઉન્નતિના મહાન આદર્શ સાથે ઓતપ્રોત થઇ જનાર વિલક્ષણ વિભૂતિ હતાં. ભારતના ઋષિમુનિઓના વારસદારોને ચરણે બેસવાની ઉગ્ર અભીપ્સાથી ભારતના કિનારે પગ મૂકનાર આ વીર મહિલા આખરે વિશ્વવંદ્ય બન્યાં અને લાખો લોકોએ તેના પવિત્ર ચરણનું શિષ્યભાવે શરણ સ્વીકાર્યું.

મૅડમ બ્લૅવૅટ્સ્કીએ પ્રથમ તો તિબેટમાંથી તૈયાર થઇને મિસર જઇને પ્રેતાવાહનપ્રવૃત્તિ દ્વારા જડવાદી જનતાનું પ્રબળ આકર્ષણ સાધ્યું હતું. ભારતમાં પણ આરંભમાં તેમણે કદીકદી જેને "ચમત્કાર" કહી શકાય એવા પ્રસંગો દ્વારા પ્રાચીન યોગવિદ્યા અને સૂક્ષ્મ અદૃશ્ય શક્તિઓ વિશેની શ્રદ્ધાને લોકહૃદયમાં અમર્યાદ સ્વરૂપમાં જાગ્રત કરી હતી. થિયોસૉફિસ્ટ સમાજમાં યોગિની તરીકે પ્રતિષ્ઠા પામેલા મૅડમ બ્લૅવૅટ્સ્કીની તમામ પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર અને આધેય-આધારસ્થાને યોગવિદ્યા હતી. તેને Occultism નામે ઓળખવામાં આવે છે. કર્નલ ઑલ્કોટે સોસાયટીના

વહીવટીકાર્ય ઉપરાંત બૌધ્ધધર્મના પુનરુધ્ધાર પર વિશેષ ધ્યાન આપ્યું હતું. બૌધ્ધધર્મના કેન્દ્ર સમા સિલોનમાં તે વખતે બૌધ્ધ ધર્માનુયાયીઓના બે વિભાગમાં પડેલા વિખવાદનું વિલોપન કરીને તેમણે તેઓમાં સામંજસ્ય સ્થાપ્યું અને સેંકડો શાળા-કોલેજો સ્થાપી. ડૉ.એની બેસન્ટે ૬-૭-૧૯૦૭ થી પોતાના મૃત્યુપર્યંત (૨૦-૯-૧૯૩૩) સોસાયટીની તમામ શાખાઓનાં કાર્યને વેગ આપવા ઉપરાંત હિંદુ ધર્મ-સંસ્કૃતિ અને તેના સાહિત્યનો પુનઃપ્રકાશ અને પુનરુધ્ધાર કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. ભારતીય પહેરવેશ, ખાનપાન, રહેણીકરણી, નીતિરીતિ અને યોગક્રિયાવિધિ ઉપરાંત ૫૦૦ ઉપરાંત - પુસ્તકોના સાહિત્યથી તથા જુસ્સાદાર વાણીપ્રવાહના પ્રભાવથી હિંદુધર્મમાં નવચેતન અને જાગૃતિ રેલાવવાનું ડૉ.એની બેસન્ટે વર્તમાન સદીના પૂર્વાર્ધમાં જે અદ્‌ભુત અને અપૂર્વ કાર્ય કર્યું છે, એવું ભાગ્યે જ બીજા કોઇએ કર્યું હશે.

સમસ્ત જગતમાં એના જેવી વક્તા વિરલ હશે. તેમણે કાશીમાં સેન્ટ્રલ હિંદુ કૉલેજ અને બીજી શિક્ષણસંસ્થાઓ સ્થાપી-વિકસાવીને તા.૧૯-૧૪-૧૯૧૫માં "બનારસ હિંદુ વિધાપીઠ"ના પિતા પંડિત માલવિયાજીને સુપ્રત કરી. "Sons and Daughters of India", "Stalwart League", "Brothers of Service", "T.S. Orders of Service".... વગેરે સંખ્યાબંધ સંસ્થાઓના નેતા તરીકે, ઇન્ડિયન કોંગ્રેસના તથા હોમરુલલીગના પ્રમુખ તરીકે, અનેક પત્રો અને સામયિકોના આદર્શ નીડર પત્રકાર તરીકે, કન્યાકેળવણી, સ્ત્રીઓની ઉન્નતિ, હરિજન અને દલિતોનો ઉધ્ધાર, બાળલગ્નનિષેધ, લોકશિક્ષણ, જાતિરંગભેદ નિવારણ, કેદીઓની ઉન્નતિ, રાષ્ટ્રીય શિક્ષણ અને ઐક્ય..... વગેરે સામાજિક પ્રગતિની વિવિધ પ્રવૃત્તિઓના પ્રેરક નેતા તરીકેની તેમની સેવાઓ ચિરસ્મરણીય રહેશે. તેમની આર્યસંસ્કૃતિપોષક અને રાષ્ટ્રીય ઉત્થાન તથા

માનવહક્કના સ્વાતંત્ર્ય-સંરક્ષણની પ્રેરક સઘળી પ્રવૃત્તિઓમાં દાદાજી નવરોજી, તિલક, તેલંગ, ગોખલે, જયકર, સપ્રુ, માલવિયાજી વગેરે અસંખ્ય વિદ્વાન દેશભકતોનો સક્રિય સહકાર હતો. આ સર્વ પ્રવૃત્તિઓની પાછળ નિર્ભેળ સત્યની આરાધના અને આત્માના અગમ્ય અવાજને અધીન વર્તવાની ભકિતભાવનાની પ્રેરણાશકિતમાં તેમને અવિચળ શ્રધ્ધા હતી. તેમની સેવાઓને બિરદાવતાં આ યુગના મહાન પુરુષ મહાત્મા ગાંધીજીએ લખ્યું હતું કે,

"શ્રી બેસન્ટના મહાન સદ્ગુણો જેવા કે દ્રઢતા, સાદાઇ, સંયમ વગેરે ખીલવો. દુનિયામાં મહાન વકતાઓમાંની તે એક છે, કારણકે જે તે માને છે તે તે બોલે છે અને જે પ્રમાણે બોલે છે તે પ્રમાણે જ તે વર્તે છે..... પોતાની ખાતરીઓ માટે તેનામાં હિંમત છે અને પોતાના શબ્દોને હમેશાં તે કાર્યમાં મૂકે છે.... તેમના અચળ નિશ્ચય અને જીવનનું અનુકરણ કરો. જે સામર્થ્ય અને અજેય સંકલ્પશકિત તેનામાં છે તે પ્રાપ્ત કરો, જે સ્વરાજય લાવશે. આ સદગુણો સિવાય હિન્દ સ્વરાજય માટે લાયક નથી. હિન્દની સાંકળો દૂર કરો અને પછી આપણું ધ્યેય આપણે પ્રાપ્ત કરશું. ડૉ.બેસન્ટના જીવનમાં ધર્મ ઓતપ્રોત થઇ ગયો છે અને ધર્મ તથા રાજપ્રકરણ વચ્ચે તેણે એક પુલ બાંધ્યો છે. ધર્મ વગરનું સ્વરાજ નકામું છે. હિન્દને તેની ભરનિદ્રામાંથી જગાડનાર ડૉ.બેસન્ટ છે............

મહાત્મા ગાંધી."[1]

ભારતીય સંસ્કૃતિના આચાર્ય, વિશ્વવિખ્યાત તત્ત્વવેત્તા તથા વર્તમાન ભારતના રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણને, "ગુણસુન્દરી" માસિકના "ડૉ.એની બેસન્ટ શતાબ્દી"ના સ્મૃતિઅંક માટે તે

---

૧. "ન્યુ ઇન્ડિયા" - તા. ૨-૧૦-૧૯૨૮

અંકના સંપાદકને વડોદરામાં અંજલિ લખી આપી હતી, તે આ પ્રમાણે છે :

"I am glad to pay my homage to the life and work of Dr. Annie Besant, who did a great deed for the revival of our culture and the political freedom of our country. She adopted India as her spiritual home, and worked and suffered for the emancipation of the country. She has been spared the agony of seeing her dear motherland divided ; and all that we can do, if we are to be faithful to her memory, is to preserve the cultural unity of the country in spite of the political division".

(Guest House, Baroda, 26-9-67).

S. Radhakrishnan[1]

"આપણા દેશના રાજકીય સ્વાતંત્ર્ય અને આપણી સંસ્કૃતિના પુનરોધ્ધાર માટે અથાગ પરિશ્રમ સેવનાર ડૉ. ઍની બેસન્ટને અંજલિ આપતાં મને આનંદ થાય છે. ભારતને તેમણે પોતાની અધ્યાત્મ-માતૃભૂમિ તરીકે માની અને (તેથી) દેશની મુક્તિ માટે તેમણે ઘણું કાર્ય કર્યું અને સહ્યું છે. પોતાની પ્યારી માતૃભૂમિને આજે વિભાજિત (છિન્ન) દશામાં જોવાથી તેમને થનાર દુઃખમાંથી તેઓ ઉગરી ગયાં છે ; પણ જો આપણે તેમની સ્મૃતિને કૃતજ્ઞતાપૂર્વક (એકનિષ્ઠાથી) જાળવવા ઇચ્છતા હોઇએ તો, રાજકીય રીતે ભલે ભાગલા પડયા ; છતાં પણ, આપણા દેશની સાંસ્કૃતિક એકતા સાચવવા આપણાથી બનતું બધું કરવાની આપણી ફરજ છે".[૨]

---

૧. "ભગવતી બેસન્ટ સ્મારક ગ્રન્થ", પૃ. ૨૪૪

૨. "ગુણસુંદરી", ઓકટોબર ૧૯૪૭.

પ્રથમ મેડમ બ્લેવેટ્સ્કીનાં The Secret Doctrine, Vol.I & II, Isis unveiled --- અને બીજાં ગૂઢ રહસ્યમય તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો પ્રકટ થયાં, અને ત્યારપછી W.Q. Judge, Bishop C.W. Leadbeater, Annie Besant ----- અને બીજા સંખ્યાબંધ થિયોસૉફિસ્ટ વિદ્વાનોનાં ઢગલાબંધ પુસ્તકો પ્રકટ થયાં; ત્યારે અંગ્રેજી ભણેલા પદવીધારી અધિકારીઓ, ડૉકટરો, વકીલો વગેરે વર્ગ એ ગ્રંથોની નવીન બુધ્ધિગમ્ય તર્કબધ્ધ આલેખનશૈલીથી આકર્ષાયો અને પ્રભાવિત બન્યો. આ સાહિત્યની અને પ્રવચનોની બે પ્રધાન વિશિષ્ટતાઓ એ હતી કે તેમાં ઉચ્છેદક સુધારકોએ અતિનિંદેલી અને ખ્રિસ્તી મિશનરીઓએ પણ ખૂબખૂબ વખોડેલી આર્ય ધર્મની વાતોની અને વેદ-ઉપનિષદ્ વગેરે પ્રાચીનતમ શાસ્ત્રોના વિચારોની વૈજ્ઞાનિક ઢબે વિશદતાપૂર્વક ચર્ચા થતી હતી. ખંડનાત્મક વૃત્તિનો તેમાં અભાવ વર્તાતો હતો. ધર્મ અને તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોના રહસ્યને સમજાવવાની, તેનું સમર્થન કરવાની તેમની પરિપાટી શાસ્ત્રીય અને તાર્કિક (logical) હતી. લેખકો અને વક્તાઓ આર્યધર્મ તથા અન્યધર્મોના ઉદાત્ત અને ઉજ્જવળ અંશોના પ્રતિપાદન પર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરતા, એટલું જ નહીં પણ અંધશ્રધ્ધાના નિરાદારપૂર્વક, સાચી સમજશક્તિની ખીલવણી થાય એ રીતે પૂછાતા પ્રશ્નો અને સંશયોનું નિરાકરણ કરતા.

થિયોસૉફિકલ સોસાયટીનું વ્યાસપીઠ અત્યંત વિશાળ હતું. તેમાં પ્રવેશ પામનાર માટે વિશ્વબંધુત્વના વિચારની માત્ર માન્યતા સિવાય - સામાન્યત: બીજી બધી સંસ્થાઓમાં માન્યતાઓ અને શરતો હોય છે તેવું - અન્ય કાંઇ બંધન ન હતું. પ્રત્યેક વ્યક્તિ વ્યક્તિગત રીતે સંપૂર્ણત: સ્વતંત્ર છે અને એની સ્વતંત્રતાનું સન્માન હણાય નહીં એ રીતે સોસાયટીનો કાર્યક્રમ હતો. આ કારણથી સંસ્થામાં સૌકોઇનો - માનવમાત્રનો - સત્કાર-સમાસ થતો.

સોસાયટીમાં સૌપ્રથમ એક જ સિધ્ધાંત દાખલ કરવામાં આવ્યો હતો. એ હતો,

(1) To form a nucleus of the Universal Brotherhood of Humanity, without distinction of race, creed, sex, caste or colour.[1]

આમ કોઈપણ પ્રકારના વર્ણ, વર્ગ, રૂપ, રંગ, જાતિ, કોમ, ધર્મ, દેશ વગેરેના ભેદભાવ વિના વિશ્વબંધુત્વના કેન્દ્રની સ્થાપનાનો આદર્શ અત્યંત ઉચ્ચ હતો. તેની પાછળ, સર્વ આત્માઓ એક જ પ્રભુપિતાનાં બાળકો - વારસો - અંશો છે એ વૈદિક સિધ્ધાંતની સાચી સમજણ રહેલી હતી. વિશ્વબંધુત્વના આદર્શની ઓળખ વિના વિશ્વશાંતિ શકય નથી; અને વિશ્વની શાંતિ વિના વ્યકિતની આંતરિક શાંતિ, પણ દુર્લભ - અશકયવત્ છે. તેથી એ આદર્શોને સિધ્ધ કરવાની દિશામાં સાચી સમજણ ખીલે તે માટે થિયોસૉફિકલ સોસાયટીએ પછીથી બીજા બે સિધ્ધાંતો ઉમેર્યા - આજે તો આ ત્રણેય સિધ્ધાંતોની ત્રિપુટી સર્વમાન્ય છે.

(2) To encourage the study of comparative Religion, Philosophy and Science.

(3) To investigate unexplained laws of Nature and the powers latent in man.[2]

---

૧. પ્રજા, ધર્મ, જાતિ, જ્ઞાતિ અને રંગનો ભેદ રાખ્યા સિવાય માનવજાતિના વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર સ્થાપવું.

૨. (૨) જુદાજુદા ધર્મો, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને ઉત્તેજન આપવું.

(3) કુદરતના નહિ સમજાયેલા નિયમો અને મનુષ્યમાં રહેલી ગુપ્તશકિતઓનું સંશોધન કરવું.

સાચો ધર્મ માનવમાનવને તથા આત્મા-પરમાત્માને જોડવાનું કામ કરે છે, તોડવાનું નહીં. એક જ ધર્મના અનુયાયીઓમાં અંદર અંદર તથા ભિન્નભિન્ન ધર્મોના અનુયાયીઓમાં પરસ્પર વાદ, સંઘર્ષ, ઝઘડા અને ધાર્મિક યુધ્ધો થયાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. પરંતુ ભિન્નભિન્ન ધર્મોનો તટસ્થ અને તુલનાત્મક દ્રષ્ટિથી ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં અને તેમના સિધ્ધાંતોને બરાબર સમજવામાં આવે તો અભ્યાસીને સ્પષ્ટ સમજાય કે, સર્વ ધર્મોની પાછળ રહેલું સનાતન સત્ય એક જ છે, અને દરેક ધર્મ પરમ સત્ય શિવ સ્વરૂપ પરમાત્માતત્ત્વને પામવાના માર્ગરૂપ છે. માટે મનુષ્યે ધર્મને નામે થતા રાગદ્વેષ, ક્લેશ અને ભેદભાવ ત્યજી દઇને સર્વધર્મસમભાવ અને પરધર્મસહિષ્ણુતા કેળવવાં જોઇએ.

"Every religion is but one coloured ray of the light of God, and in the union of all the religions the true white light is seen. As long as we separate ourselves we are coloured by a particular ray. Let us study all religions, and love them all, and we shall then come nearer to the Fount in which we all have our origin and our ending".[1]

ભિન્નભિન્ન શ્વેતકિરણોનું અસલ એક મૂળ સૂર્યધામ છે, એટલું જ નહીં પણ પ્રત્યેક શ્વેત કિરણની અંદર વિવિધ રંગની લીલા પ્રવર્તી રહી છે તેમ ભિન્નભિન્ન નામરૂપલીલાનો વિસ્તાર કરનારા ધર્મોનું આદિ અસલ રવિધામ એક અને અદ્વિતીય પરમાત્મા જ છે. एको देवः सर्वभूतेषु गूढः। सर्वव्यापी सर्वभूतान्तरात्मा॥[2] અથવા सत्यान्नास्ति परो धर्मः। There is no religion higher than Truth . સત્યથી મહાન્ કોઇ ધર્મ નથી.

---

1. Dr. Annie Besant -- 'Christianity' : P.73

2. पुरुषसूक्त

આ સિધ્ધાંતની તથા સૌ કોઇમાં એક જ ચેતન જીવનતત્ત્વ વ્યાપી રહયું છે એ ભાવનાની સાચી સમજણ પર, માનવજાતિની એકતાનો થિયોસૉફિકલ સોસાયટીના નેતાઓએ પુરસ્કાર કર્યો.

આ બીજા સિધ્ધાંતનો વ્યાસ ઘણો વ્યાપક છે. તેમાં દુનિયાના કોઇપણ ધર્મ કે નાનકડા સંપ્રદાયના માણસને પણ, પોતાના અને પારકા ધર્મ કે સંપ્રદાયોને યથાર્થ રીતે સમજવાનો પૂરતો અવકાશ મળે છે. વળી વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના અધ્યયનને લીધે સાંપ્રદાયિક સંકુચિતતાને કે પુરાણી અંધશ્રધ્ધાને પોષવાનો તેમાં મોકો મળતો નથી. વળી વિશ્વબંધુત્વની ભાવનાના આશ્રય નીચે રહીને, સાધક કે જિજ્ઞાસુને અભ્યાસ, અનુભવ અને સાધના દ્વારા પોતાનામાં રહેલી પ્રભુતાપર્યંતની સર્વ નિગૂઢ શકિત અને સામર્થ્યને જાણવા, ખીલવવા અને સિધ્ધ કે પ્રકટ કરવા માર્ગદર્શન અને મદદ આપવાની સોસાયટીએ તેના ત્રીજા સિધ્ધાંતમાં ઘોષણા કરેલી છે.

થિયોસૉફિકલ સોસાયટી હિંદુ, ઇસ્લામ, જરથોસ્ત, ખ્રિસ્તી, બૌધ્ધ, જૈન વગેરે સર્વધર્મના લોકોનું મિલનમંદિર બન્યું. અરે, નાસ્તિકોનો પણ તેમાં નિરાદર થતો નહીં. તેણે સૌથી પ્રથમ જ વ્યાપક સ્વરૂપની સર્વધર્મની પ્રાર્થનાઓ પ્રયોગ શરૂ કર્યો. વૈજ્ઞાનિક ઢબે તેણે સનાતન ધર્મના પ્રાચીનતમ સિધ્ધાંતો, કુદરતના કાયદાઓ, - જેવા કે કર્મ, પુનર્જન્મ, ઋણાનુબંધ, વિકાસક્રમ, ઇશ્વરી યોજના, ધ્યાન, યોગ, ભકિત, મૃત્યુ પછીની જીવનયાત્રા, મૃત્યુનો મર્મ, સ્વર્ગ, નરક, ચૌદ લોક, વિવિધ સ્થૂળ સૂક્ષ્મ ભૂમિકાઓ અથવા ભુવનો અને લોક, મહાપુરુષો(Masters) નું અસ્તિત્વ અને તેમનું સહાયકાર્ય - વગેરે પ્રશ્નોનો, પધ્ધતિસર પ્રયોગો કરીને તથા પ્રશ્નોત્તર પધ્ધતિએ પણ અભ્યાસ-વિસ્તાર

કર્યો અને કરાવ્યો. સોસાયટીનું ધાર્મિક અને તાત્ત્વિક સાહિત્ય આજે વિપુલ અને વિશાળ બન્યું છે.

આમ ધર્મ-તત્ત્વના ક્ષેત્રમાં ચમત્કારિક કાર્ય કરનાર થિયોસૉફિકલ સોસાયટીનો કોઇ નવો ધર્મ નથી, પણ તેને સર્વ ધર્મોના અભ્યાસમાં, શોધનમાં અને પુનરુધ્ધારમાં રસ છે. 'It belongs to no cult but to all' "થિઓસ" એટલે ઈશ્વર અને "સોફિયા" એટલે જ્ઞાન (Wisdom). થિયોસોફી એટલે બ્રહ્મવિદ્યા તથા તેનો અભેદ - સાક્ષાત્કાર કરાવનાર આત્મજ્ઞાન ડૉ.એની બેસન્ટ પછી Dr.George S. Arundale અને સી. જિનરાજદાસે પ્રમુખ તરીકે કાર્ય કર્યું હતું. હાલમાં શ્રીરામ તેના પ્રમુખ છે.

આ થિયોસૉફિકલ સોસાયટીના અગ્રેસરોએ આરંભમાં "આર્યસમાજ" સાથે મળીને ધર્મોધ્ધાર અને માનવકલ્યાણનું સેવાકાર્ય કરવાનું આયોજન કર્યું હતું. પરંતુ થોડા જ વખતમાં ઉગ્ર મતભેદને લીધે બંને સંસ્થાઓએ છૂટાં પડી, સ્વતંત્ર રીતે જ કાર્ય કરવા માંડ્યું. એનાં કારણોની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે.

પરંતુ આપણા મહાનિબંધના વિષયભૂત શ્રેયઃસાધક અધિકારી વર્ગના આદ્ય સંસ્થાપક અને આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીના યોગૈશ્વર્ય અને જ્ઞાન-તપના સામર્થ્યથી મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલ્કોટ અત્યંત પ્રભાવિત થયાં હતાં, એટલું જ નહીં પણ યોગની પ્રક્રિયા સંબંધમાં એક-બે પ્રસંગો ઉપસ્થિત થયા હતા તેનું સવિગત વર્ણન યોગ્ય સ્થાને કરવામાં આવશે. અહીં માત્ર એટલો જ નિર્દેશ કરવાની જરૂર છે કે, એક કાળે થિયોસૉફિકલ સોસાયટીના પ્રધાન નેતાઓએ, શ્રીમન્નૃસિંહાચાર્યજીને સોસાયટીનું નેતૃત્વ સ્વીકારવા વિનંતી કરી હતી અને તે માટે ચર્ચાવિચારણા

કરવા ઇચ્છા દર્શાવી હતી, પરંતુ આચાર્યશ્રીએ એ નિમંત્રણનો સ્વીકાર કરવામાં નિરપેક્ષ નિઃસ્પૃહવૃત્તિથી અનુમતિ આપી ન હતી.

તો હવે આપણે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અનેકવિધ સંઘર્ષોની વચ્ચે ધર્મજાગૃતિ અને ધર્મશોધનનું ભગીરથ કાર્ય કરનાર ગુજરાતની મહાન સંસ્થા "શ્રી શ્રેયઃસાધક અધિકારી વર્ગ"ની સ્થાપના કયા સંજોગોમાં કેવી રીતે થઇ અને તે સંસ્થાએ ગુજરાતના સાહિત્ય અને સંસ્કારના ઘડતરમાં - પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે - કેવી રીતે કેટલો ફાળો આપ્યો તેની વિશદ આલોચના સહ, સંસ્થાના સ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજીના જીવનકાર્યની આછીપાતળી ઝાંખી કરીશું.

---ooo---

છતાં તે તેનો ખંડનપધ્ધતિથી દુરુપયોગ ન કરતાં, પોતાના સિધ્ધાંતો અને વિચારોનું જ યોગ્યરીતે પ્રતિપાદન કરવામાં કૌશલ દાખવતા.

..... ..... .....

પરમહંસ ચુંગીબાવા

છોટા પરમહંસ અથવા ચુંગીબાવા તરીકે ઓળખાતા ઉચ્ચ મુમુક્ષુકોટિના યોગી મહાત્માનું સંન્યાસીમંડળ સુરતમાં આવ્યું હતું. તેમણે પ્રાર્થનાસમાજના આચાર્ય નૃસિંહાચાર્યજીની પ્રતિષ્ઠા અને ધર્મોપદેશપ્રવૃત્તિ વિશે લોકોમાં ખૂબ વખાણ સાંભળેલાં, આથી તેમણે નૃસિંહાચાર્યજીને સંન્યાસીઓની સભામાં નિમંત્રણ કરીને બોલાવ્યા. આરંભમાં તો પાઘડીઓ પહેરવાનો અને શાસ્ત્રોપદેશ કરવાનો અધિકાર સંન્યાસીઓને જ છે ; માટે ગૃહસ્થીઓએ પાઘડીઓ પહેરવી અને ધર્મોપદેશનું કાર્ય કરવું એ શાસ્ત્રવિરુધ્ધ પાપાચાર છે, એ પ્રકારના આક્ષેપોથી નૃસિંહાચાર્યનો ઉધડો લેવાનો પ્રયત્ન કર્યો. પરંતુ નૃસિંહાચાર્યજીએ તો શાસ્ત્રોના આધારો આપીને પોતાના પર મુકાયેલા આરોપનું યુક્તિપૂર્વક નિરસન કર્યું એટલું જ નહીં પણ પ્રતિપક્ષની દલીલો વડે જ પ્રતિપક્ષને મ્હાત કરી નિર્ભયતાપૂર્વક સ્પષ્ટવાણીમાં પ્રત્યારોપ કર્યો કે :

ધર્મોપદેશ કરી સમાજમાં નૈતિક ધોરણ જાળવી રાખવાની ફરજ જેમના પર મૂકવામાં આવી છે એવા સંન્યાસીઓ સ્વધર્મથી ચ્યુત થઇ પોતાની જવાબદારી અદા ન કરે અને અન્ય નિષ્ઠાવાન સદ્ગૃહસ્થો ધર્મજાગૃતિનું કાર્ય કરે તો એમાં શાસ્ત્રનો શો વિરોધ હોઇ શકે ?

નૃસિંહાચાર્યજીની અપ્રતિમ વાક્કુશળતાથી તથા પ્રશાન્ત મુખમુદ્રાથી પ્રભાવિત થયેલા ચુંગીબાવાએ તેમ જ અન્ય સંન્યાસીઓએ

તેમના સમક્ષ યોગશાસ્ત્રની આંટીઘૂંટીવાળા પ્રશ્નો ફેંકયા. પરંતુ યથાર્થ પ્રત્યુત્તરો મેળવ્યા પછી પરમ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરતાં ગુંગીબાવાએ નમ્રતાપૂર્વક દિલગીરી જાહેર કરી અને પ્રખરજ્ઞાની તથા પરમયોગી તરીકે નૃસિંહાચાર્યનું સન્માન કરીને સંન્યાસીઓની સભાનું તેમને પ્રમુખપદ આપ્યું. તેમના પ્રમુખપદે થયેલી અધ્યાત્મ, યોગ અને બ્રહ્મવિદ્યા સંબંધી વિસ્તૃત ચર્ચાઓ દરમ્યાન ગુંગીબાવા અને અન્ય મહાત્માઓએ નૃસિંહાચાર્યનું માનસિક ભૂમિકા પર જાણે શિષ્યત્વ સ્વીકાર્યું. ત્યારપછી તેઓ જયાં જયાં જતા અથવા તેમની પાસે જે જે યોગવિદ્યાના જિજ્ઞાસુઓ આવતા તેમને તેઓ "યોગીશ્વર નૃસિંહાચાર્ય"ના ચરણનું શરણ લેવાની જ સલાહ આપતા. પાછળથી જયારે શ્રીમન્નૃસિંહાચાર્યજીએ વડોદરામાં નિવાસ કર્યો અને શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આચાર્યપદે હતા ત્યારે પણ યોગનિષ્ણાત ગુંગીબાવા પ્રસંગોપાત્ત વડોદરામાં આચાર્યશ્રીનો દર્શન-સમાગમનો લાભ લેતા.[1]

## નૃસિંહાશ્રમ

<u>નિઝામપુરામાં :</u> આપણે આગળ જણાવી ગયા તેમ સુરતમાં ઇજનેર ખાતામાં પ્રવર્તેલી હિસાબી ગૂંચનો ઉકેલ લાવવા માટે ખાસ નિષ્ણાત અધિકારી તરીકે શ્રીમન્નૃસિંહાચાર્યજીની નિમણૂંક થઇ હતી. સફેદ ફેંટો, ધોતી, લાંબું પહેરણ અને પાદુકાઓની સાદાઇમાં શોભતી એ ભવ્ય પ્રતિમા અલ્પકાલીન નોકરીમાં પણ

---

૧. વડોદરાની વરિષ્ઠ ન્યાયકચેરીના વડા ન્યાયાધીશ શ્રીયુત ગાડગીલને પણ ગુંગીબાવાએ જ નૃસિંહાચાર્યજીના અપ્રતિમ યોગસામર્થ્ય અને અલૌકિક જ્ઞાન વિશે ચમત્કારિક વાતો કરી હતી. તેમના આચાર્યશ્રી સાથેના પ્રસંગનો નિર્દેશ આ જ પ્રકરણમાં આગળ ઉપર કરવામાં આવશે.

નાનામોટા સૌકોઇના સ્નેહસન્માનનું પાત્ર થઇ પડી. સૌહાર્દ અને સૌજન્યની સુવાસથી તેમણે નોકરીમાં કર્તવ્યનિષ્ઠા, ચોકસાઇ અને ખંતનો આદર્શ પૂરો પાડયો. પ્રતિકૂળ સંજોગો અને હિસાબી કામના સંબંધકર્તા કાગળોની ગેરવ્યવસ્થા છતાં શ્રી નૃસિંહાચાર્યજીએ, જે કામને પૂરું કરવા ૧૦-૧૨ નિષ્ણાતોને પણ ૧૦-૧૨ મહિના લાગ્યા વિના રહે નહીં તે કામ કાળેલિયત અને કાર્યદક્ષતાથી એકલે હાથે એક જ માસમાં પૂરું કરી સર્વને સંતોષ આપ્યો. બહુ જલ્દી કાર્ય પૂર્ણ થવાથી શંકા ઉપસ્થિત થતાં અધિકારીઓ દ્વારા કાર્યની ફેરતપાસણી કરી તો નૃસિંહાચાર્યનું કામ ચોક્કસ અને અણીશુધ્ધ નીકળ્યું. આથી ઉપરી અમલદારે, નૃસિંહાચાર્યની આનાકાની છતાં, તેમની નોકરીની મુદત લંબાવે રાખી. નોકરીના સમય દરમ્યાન નૃસિંહાચાર્યની જ્ઞાનસંપત્તિ પ્રકટ થયા વિના રહેતી નહીં. ઉપરી અધિકારીઓ અને કારકુનો - સર્વ કોઇ - તેમના સત્સમાગમનો લાભ લેવા ચૂકતા નહીં. આ વખતે નૃસિંહાચાર્યની વય ૨૨ વર્ષની હતી.

વડોદરામાં પણ તે સમયે કેમ્પમાં આવેલી એન્જિનિયર ઓફીસમાં હિસાબી કામની અવ્યવસ્થાનું અન્વેષણ કરી લાંબા વખતના ચઢી ગયેલા હિસાબને સુવ્યવસ્થિત કરવા માટે હોશિયાર માણસની જરૂર હતી. વડોદરાની કચેરીના વડા અમલદારે સુરતમાં કાર્યદક્ષ નીવડેલા નૃસિંહાચાર્યની તે માટે માગણી કરી. તે કામ પણ પરિપૂર્ણ કરી, તેઓશ્રી પાછા સુરત ગયા. પરંતુ વડોદરા કેમ્પના એકઝીકયુટીવ એન્જિનિયર બોકલેર સાહેબે તેમને ફરીથી નોકરી પર બોલાવ્યા. આ અને બીજા અંગત કારણોને લીધે ઇ.સ. ૧૮૭૫માં નૃસિંહાચાર્ય કાયમને માટે સુરત છોડી વડોદરા કેમ્પની પાસે આવેલા નિઝામપુરા ગામમાં આવીને વસ્યા. આ નોકરીમાં તેઓશ્રી વિવિધરીતે બોકલેર સાહેબને

ઉપયોગી નીવડ્યા. આચાર્યશ્રીનો નિજામપુરાનો નિવાસ જ શ્રેયસ્સાધક અધિકારીવર્ગની વિવિધ પ્રવૃત્તિઓની બીજભૂમિકા રૂપે હોઇ તેનું ઐતિહાસિક મૂલ્ય અત્રે નોંધ્યું છે. કારણ કે, આ જ પર્યંત, સુરતમાં પણ, તેમણે કદી કદી વિવિધ વાગ્વ્યવહારના પ્રસંગે અને ધાર્મિક વિદ્યાશાળા અને પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિ નિમિત્તે, પોતાના વિચારોની ન્યૂનાધિક અંશમાં અભિવ્યક્તિ કરી છે. પરંતુ પોતાના જ્ઞાનારૂઢ આત્માના ઐશ્વર્યને નિરવધિ સ્વરૂપમાં આવિષ્કૃત થવા દીધો નથી. અલૌકિક નિજાનંદના વૈભવની કલાઓના આવિર્ભાવનાં એંધાણ તો હવે પ્રકટ થવા માંડ્યાં હતાં.

તેઓશ્રીના પ્રતાપી ઓજસ્‌ને લીધે રેસીડેન્સી કચેરીના ગોરા અમલદારો, લશ્કરી અધિકારીઓ અને અન્ય સૌકોઇ તેમની સાથે આદરવિવેકથી વ્યવહાર કરતું. તેમના અધ્યાત્મતેજથી અંજાઇને કે કાર્યદક્ષતા અને સ્વભાવસૌજન્યની વિલક્ષણતાને લીધે – ગમે તેમ હોય પરંતુ – બોકલેર વગેરે અંગ્રેજો પણ તેમની પાસે "હેટ" ઉતારીને જ, વાતચીત કે જરૂરી કામકાજનો વ્યવહાર કરતા. આચાર્યશ્રીની મધુરવાણી, સર્વની સાથે સદ્‌ભાવ અને સમભાવભર્યું વર્તન તથા પ્રસંગોપાત્ત અસાધારણ સ્નેહ-સામર્થ્યની દ્યોતક રીતિનીતિથી નાનાંમોટાં સૌકોઇનાં તેઓ પ્રીતિપાત્ર

બન્યા. શ્રી ત્રિકમલાલ અચરતલાલ કંથારીઆ[1] ઓવરસિયર, અને બીજા કેટલાય સુશિક્ષિત સજ્જનો નોકરી દરમ્યાન તથા સવારસાંજના સમયે નિઝામપુરામાં આચાર્યશ્રીના સત્સમાગમનો લાભ લેવા લાગ્યા.

નિઝામપુરાના સાવ સાદા એકઢાળિયા મકાનની આગળની પડાળી પાસે રોજ રાત્રે શ્રધ્ધાભક્તિસંપન્ન ભાવિકોનો સમુદાય એકત્ર થતો. નૃસિંહાચાર્યજીનાં એકતારો સાથેનાં ભજનો અને કીર્તનોનો આનંદ લૂંટવા તથા અંતઃકરણના ઊંડાણમાંથી નિર્ઝરિણીની જેમ સરી આવતી પ્રાસાદિક પ્રબોધવાણીનો લાભ લેવા, દૂરદૂરથી લોકો આવતા. તેમાં શરૂઆતમાં સેંકડોની સંખ્યામાં અભણ કડિયા, કારીગર, કણબી, રબારી, ખરાદી, લવારિયા વગેરે ગ્રામજનો આવતા અને દિવસો સુધી પડાવ નાખતા. નોકરી કરનાર મધ્યમવર્ગના – માધ્યમિક શાળામાં થોડું શિક્ષણ લીધેલા – માણસો પણ સકુટુંબ આવતા. વડોદરાવાસીઓના કાન પર પણ વાત આવી કે :

---

1. નડિયાદના સાઠોદરા નાગર, પાછળથી નોકરી છોડી કાયમના માટે નૃસિંહાચાર્યના એક અદના સેવક તથા શ્રેયસ્સાધક અધિકારી વર્ગના પ્રથમ અગ્રણી સેવક બન્યા. આચાર્યશ્રીની અનુમતિથી તેઓએ આચાર્યશ્રીનાં કુટુંબમાં જ રહી આજીવન સેવાકાર્ય કર્યું........ વર્ષો પછી ખેડામાં યોજાયેલા પચ્ચીસમા સાધનસમારંભ સમયે વર્ગના દ્વિતીય આચાર્ય શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ વર્ગને શરીરના રૂપક દ્વારા સમજાવતાં, ષટ્ચક્રો પૈકી "મૂલાધાર" જેવા મહત્ત્વના કેન્દ્રીય ચક્રમાં શ્રી ત્રિકમલાલભાઇને વર્ણવ્યા હતા, એ એમના ઉચ્ચ અધિકારને તથા વર્ગમાં અને નૃસિંહાચાર્યજીના કુટુંબમાં તેમના મહત્ત્વના સ્થાનને સૂચવે છે.
હોળીના દિવસો દરમ્યાન થતા "સાધનસમારંભ"ના ઉત્સવ વિશે પ્રકરણ ૭ માં ચર્ચા કરી છે.

નિઝામપુરામાં કોઇ અસાધારણ કોટિના યુવાનવયના મહાત્મા બિરાજે છે અને તેમની કીર્તનમસ્તીમાં તથા કવચિત્ કવચિત્ વહેતી ઉપદેશધારામાં જનતા મુગ્ધ બની ડોલી રહી છે ! નિઝામપુરાના તલાટી[1]થી માંડી ભણેલા કારકુનો અને ખાનગીમાં તો અંગ્રેજ અમલદારો પણ તેમના સત્સંગથી સંતોષનો અનુભવ કરી રહ્યા છે........... વગેરે.

પછી તો ઉમટયો પ્રવાહ ધસમસતો નિઝામપુરામાં નૃસિંહાચાર્ય પ્રતિ. ઇચ્છાશંકર, જેઠાલાલ વગેરે વકીલો, ગાડીના કારખાનાના માલિક કેશવ મિસ્ત્રી, પીતાંબરદાસ વગેરે શ્રીમંત સદ્‌ગૃહસ્થો તથા મધ્યમ અને ઉચ્ચ વર્ગ-વર્ણનાં સેંકડો સ્ત્રીપુરુષોની અવરજવર અને સત્સંગપ્રવૃત્તિ વધતી ગઇ તેમ તેમ નૃસિંહાચાર્યના અત્યારસુધી પ્રચ્છન્ન રહેવા પામેલા અદ્‌ભુત જ્ઞાનસામર્થ્ય અને યોગબળની જનતાને પ્રતીતિ થતી ગઇ. ભિન્ન ભિન્ન ભૂમિકાના શ્રોતાજનો સમક્ષ ઉપદેશ તથા શંકાસમાધાન નિમિત્તે આચાર્યશ્રીએ પ્રવચનો કરવા ઉપરાંત કીર્તનો પણ રચવા માંડયાં.[2]

હવે આ પડાળી ભાવિક જનોનો સમાવેશ કરવા અસમર્થ નીવડી. એટલે થોડે દૂર (છાયાપુરી)ના રસ્તે વાવની પાસે ખુલ્લા પડતર ખેતરમાં સત્સંગી સજ્જનોએ "પર્ણકુટિ" ઉભી કરી દીધી. ત્યાંથી વડોદરા પધાર્યા ત્યાં પર્યંત નૃસિંહાચાર્યની કીર્તન-પ્રવચનાદિ તમામ પ્રવૃત્તિઓ "નરસિંહ-ટેકરી"[3]ના નામથી

---

૧. તે વખતે સરકારી નોકરીમાં "તલાટી" મહત્ત્વની વ્યક્તિ મનાતી.

૨. "શ્રી નૃસિંહવાણીવિલાસ" પ્રથમ પુસ્તકનાં ઘણાંખરાં પદો નિઝામપુરા-નિવાસ દરમ્યાન તથા "વર્ગ"ની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં રચાયાં છે.

૩. આજે પણ "નરસી-ટેકરી"ના નામથી જ એ ખેતરનો પહાણીપત્રક કે દસ્તાવેજોમાં નામનિર્દેશ થતો હોવાનું જાણવા મળે છે.

સુપ્રસિધ્ધ થયેલી આ ખેતરમાં બાંધેલી "પર્ણકુટિ" પાસે જ થતી હતી. જ્ઞાનવિસ્તાર અને જનકલ્યાણની આ પ્રવૃત્તિ હવે અસાધારણ પ્રમાણમાં વિસ્તારને પામતી જતી હતી. તેથી પોતે અત્યંત મહત્ત્વનું માનેલું આ કાર્ય નિર્વિઘ્ને અને સંપૂર્ણ સ્વાતંત્ર્યપૂર્વક થઈ શકે તે માટે નૃસિંહાચાર્યે, અત્યંત સરળ અને અલ્પશ્રમે સન્માનપૂર્વક થતી નોકરીનું રાજીનામું આપ્યું, એટલું જ નહીં પણ પોતાના અંતેવાસી બનેલા ગૃહસ્થી વિદ્વાન ત્રિકમલાલભાઇ પાસે પણ ઉદર-નિર્વાહની ચિંતા ન કરતાં નોકરી છોડી દેવાનો પ્રસ્તાવ મૂકયો. ભવિષ્યમાં અનન્ય શ્રધ્ધામૂર્તિ સાધકશિરોમણિ બનનાર ત્રિકમલાલભાઇની આ પ્રથમ અને કપરી કસોટી હતી ! પરંતુ, શ્રધ્ધા જીતી, ચિંતા બળી મૂઈ અને ગુરુશિષ્યનાં એકી સાથે જ રાજીનામાં અપાઈ ગયાં !

વડોદરામાં :-

અલ્પ સમયમાં જ, કેશવ મિસ્ત્રી (ભૂતડીઝાંપા પાસે રાવળીયા વાડમાં), રણછોડ ભકત (ફતેપુરામાં), દલપતરામ પુરુષોત્તમ (શિયાપુરામાં) વગેરે શ્રીમંત અને મધ્યમવર્ગના શ્રધ્ધાન્વિત ભાવિકોએ પોતાના ઘેર અને વેપારનાં સ્થળોએ આચાર્યશ્રીને અનેકવાર નિમંત્રણ કરીને પધરાવ્યા અને પૂજન, આરતી, કીર્તન, પ્રવચન, પ્રસાદ વગેરેથી તે તે પ્રસંગોનું ગૌરવ વધાર્યું. પરિણામે તેઓશ્રી થોડોક વખત "કડિયા ખડકી"માં અને પછીથી હાલમાં જે સ્થળ "શ્રીનૃસિંહાશ્રમ"ના નામથી તીર્થભૂમિ તરીકે સુવિખ્યાત બન્યું છે ત્યાં કાયમ માટે નિવાસ કરી રહયા. આ સ્થળે નૃસિંહાચાર્યની પાસે મંદ અને મધ્યમ અધિકારીઓનો સમૂહ તો આવતો જ રહયો. પરંતુ વડોદરામાંથી અને વડોદરા શહેરમાં

દૂરદૂરથી વડોદરાના મહારાજા પુણ્યશ્લોક શ્રીમંત સયાજીરાવ મહારાજની વિદ્યાસંસ્કાર પ્રવૃત્તિઓના નિમિત્તે આવનારા અનેક શાસ્ત્રીઓ, પંડિતો, વિદ્વાનો, નૈયાયિકો - અને સુધારક નેતાઓ પણ - આચાર્યશ્રીનો સમાગમ સેવીને પરમ તૃપ્તિ અનુભવતા તથા પાછળથી અન્ય સમક્ષ યુવાન વયના આચાર્યશ્રીનાં જ્ઞાનવૈભવ, વાક્કૌશલ તથા વ્યક્તિત્વવર્ચસ્વ વિશે પ્રશંસાના ઉદ્ગારો કાઢતા.

## શ્રી છોટાલાલ માસ્તર સાહેબ (વિશ્વવંદ્ય)

આચાર્યશ્રી નૃસિંહાશ્રમમાં પધાર્યા તે પૂર્વે એક વિલક્ષણ પળે તેમનાં દર્શને માત્ર મિત્રના અતિઆગ્રહને વશ વર્તીને - કેવળ કુતૂહલ અને અર્ધશ્રધ્ધા-સંદેહની વૃત્તિથી, ફરી ન આવવાનો નિશ્ચય કરીને - એક બુધ્ધિશાળી સુધારક વ્યક્તિ આવી. આવી તો ખરી પણ ઘેર જતાં પહેલાં પોતાની હૃદયભૂમિમાં એવા બી વાવતી ગઇ કે જેમાંથી અનુપમ અનેરું વૃક્ષ ઉગીને જ રહ્યું.... એને પોતાને પણ આ ભાવિ પ્રક્રિયાનાં પરિણામોની કલ્પના સરખી પણ ન હતી. ચિંતામણિના સહવાસ-સંબંધથી લોખંડ સોનું થઇ જાય પરંતુ પોતે જ ચિંતામણિરૂપ થઇ જશે, સામાન્ય વ્યક્તિમાંથી પોતે "વિશ્વવંદ્ય" બનશે એવી ક્ષણભર સંભાવના પણ તે વ્યક્તિએ નૃસિંહાચાર્યની મુલાકાતે આવતા પહેલાં કરી ન હતી. એ વ્યક્તિ તે જ શ્રી છોટાલાલ જીવણલાલ માસ્તર સાહેબ, કે જેના આગમન પછી વર્ગ વાસ્તવિક રીતે અસ્તિત્વ અને વિકાસને પામ્યો ; અને જેનાં તપ, ત્યાગ અને સેવા-તિતિક્ષાને પરિણામે, નૃસિંહાચાર્ય ઉપરાંત વર્ગના તેજસ્વી વિદ્વાનોની લેખિની દ્વારા ગુર્જર સાહિત્યની વાટિકા સમૃધ્ધ અને સંસ્કાર-સુરભિત બની શકી.

શ્રી છોટાલાલનો જન્મ ઇ.સ. ૧૮૬૨માં ધનતેરસના દિવસે અમદાવાદ પાસે બાલુઆ ગામે ચુસ્ત જૈન કુટુંબમાં થયો હતો. નાનપણથી જ તેમનામાં તીવ્ર કલ્પનાશક્તિ, સતેજ સ્મરણશક્તિ અને સુદૃઢ આત્મશ્રધ્ધા હતી. ૧૫ વર્ષની નાની વયે "બાળાનંદ સમાજ" સ્થાપીને આ નવકિશોરે સાપ્તાહિક સભાઓમાં માનવજીવનની ઉન્નતિ માટેના વિચારોની ચર્ચા કરી હતી, એટલું જ નહીં પણ પોતાના માટે તથા "બાળાનંદ સમાજ"ના સભ્યો માટે નૈતિક આદર્શને અનુરૂપ કેટલીક પ્રતિજ્ઞાઓ પણ ઠરાવ રૂપે ઘડી હતી. તે સમયની ગુર્જર પ્રજાની સર્વક્ષેત્રમાં અત્યંત દુર્બળ દશા જોઇને તેમના હૈયામાં અસંતોષની આગ પ્રગટી હતી. તેથી સમાજસુધારાની દિશામાં કંઇક કરવાની તમન્નાથી તેમણે અમદાવાદમાં ઘીકાંટાના પ્રદેશમાં રહેનારા કેટલાક "દેશાભિમાની" માનસ ધરાવતા નવયુવકોને એકત્ર કરી ચૂનીલાલ કાલિદાસના ડહેલામાં તા. ૨૮-૪-૧૮૭૮ના રોજ "ગુર્જરોધ્ધારક સમાજ" નામની બીજી સંસ્થા શરૂ કરી. ખીલતા યૌવનકાળે અદમ્ય ઉત્સાહથી ઉભરાતા હૃદયના ઊંડાણમાંથી કાવ્યબીજ પણ પ્રગટ્યું. "ગુર્જરોધ્ધારક સમાજ"ના ઉદ્ઘાટન પ્રસંગે અને ત્યારપછીની સભાઓ સમક્ષ પણ તેમણે ૧૬ વર્ષની વયે ઉદ્બોધક દોહરા રચીને રજૂ કર્યા. તેમાંના કેટલાકનું અહીં અવતરણ-અવલોકન કરવાથી કિશોરવયના છોટાલાલમાં ગુપ્ત રહેલા ભાવિ મહત્તાનાં બીજકોની પ્રતીતિ થશે.

"જો ઇચ્છો તમ દેશના, કરવા ઊંચા હાલ,
તો સ્થાપો સઉ મંડળી, કહે છે છોટાલાલ".

..... ..... .....

"ગુર્જર ભૂમિની પ્રજા, સુધારવાને કાજ,
દેશાભિમાની જને, સ્થાપી અત્ર સમાજ.
વેમતણું ગુર્જર પરે, વળી ગયું છે છાજ,
કરવા તેથી મુકત રે, સ્થાપી અત્ર સમાજ.

અંધકાર અજ્ઞાનનું, પ્રસર્યું સઘળે રાજ,
તે દૂર કરવા આ જુઓ, સ્થાપી અત્ર સમાજ.
વેમતણા સાગર થકી, તરવા જોઇએ ઝાજ,
તે મેળવવા માટ રે, સ્થાપી અત્ર સમાજ.

દેશી જન અજ્ઞાનમાં, ગોથાં ખાયે આજ,
તેથી દિલમાં દાઝીને, સ્થાપી અત્ર સમાજ.
ભૂંડી રસમો દેશીની, જોઇ ઊપની લાજ,
માટે તેને કાઢવા, સ્થાપી અત્ર સમાજ.

દેશની દુર્બળ સ્થિતિનો, કરવા કાંઈ ઇલાજ,
હિતેચ્છુ જનોએ મળી, સ્થાપી અત્ર સમાજ.
પ્રજા ડૂબતી દેખીને, દિલમાં પ્રકટી દાઝ,
તેથી તે ઉધ્ધારવા, સ્થાપી અત્ર સમાજ". [૧]

.... .... ....

તેઓ અમદાવાદમાં સ્થપાયેલી "પ્રાર્થનાસમાજ"માં પણ કદી કદી જતા અને સ્વયંસ્ફુરિત ઉત્સાહ અને પ્રેરણાને અનુરૂપ પોષણ મેળવતા. તેથી "ગુર્જરોધ્ધારક સમાજ"માં પણ તેમણે

---

૧. શ્રી ચુનીલાલ જ.ઓઝાએ "શ્રીમાન્ વિશ્વવંદ્ય"માં શ્રી છોટાલાલ માસ્તર સાહેબની જ નોંધપોથીમાંથી આપેલા ઉતારા આધારે ; (પ્રકરણ ૩ માંથી )

"પ્રાર્થના"ના તત્ત્વને દાખલ કર્યું હતું અને પ્રાર્થનાનાં સ્વરૂપ અને અમોઘ સામર્થ્ય વિશે જુસ્સાદાર વ્યાખ્યાન આપી પ્રાર્થના વિશે કાવ્ય રજૂ કર્યું હતું :

"સહુ કષ્ટમાં ઈશ્વરી સહાય માગો,
"અરે ઈશ ! મારાં મહા કષ્ટ ભાગો".
થશે સહાય તે સ્વામી તમને સમર્થ,
જશે વિનતિ ના તમારી જ વ્યર્થ.

પ્રભુ પ્રાર્થનાથી જ સંતોષ થાય,
પ્રભુ પ્રાર્થનાથી સઉ દુઃખ જાય.
પ્રભુ પ્રાર્થનાથી મળે છે સહાય,
તમે માટે કષ્ટે, ભજો જગતરાય.

પ્રભુ પ્રાર્થનાથી મળે છે જ મુક્તિ,
પ્રભુ પ્રાર્થના એ ખરી છે જ ભક્તિ.
પ્રભુ પ્રાર્થના શુધ્ધ મનને કરે છે,
પ્રભુ પ્રાર્થના દુઃખને તો હરે છે.

પ્રભુપ્રાર્થના ચિત્ત આનંદ આપે,
પ્રભુપ્રાર્થનાથી સહુ કષ્ટ કાપે.
પ્રભુપ્રાર્થનાથી બહુ સુખ થાય,
તમો માટે તેની કરો પ્રાર્થનાય.

.... .... ....

કરી શુધ્ધ મનને, પ્રભુને ભજે જે,
સઉ દુર્ગુણો શ્રમથી જે તજે તે ;
થશે તે દયાળુ પ્રભુજી પ્રસન્ન,
ખરે સત્ય એ છે, મિત્રો ! વચન".[1]

આ સમાજની પ્રવૃત્તિની પ્રબળ અસરને લીધે અમદાવાદમાં જ તેની બીજી શાખા ખોલવામાં આવી હતી. આ ઉપરાંત તેમણે સ્ત્રી કેળવણી, સમાજમાં સ્ત્રીનું સ્થાન, લગ્ન, દેશાભિમાન, દેશોદયમાં હુન્નરઉદ્યોગનું સ્થાન, ધર્મ, ઈશ્વરભક્તિ વગેરે વિષયો પર નાનકડી વયમાં વ્યાખ્યાનો આપી તે સમયના નવજુવાનોમાં જાગૃતિ લાવવાનું ક્રાન્તિકારી કાર્ય કર્યું હતું. આ સમયે નગીનભાઇ પુરુષોત્તમદાસ સંઘવી[2] પણ તેમના સહાધ્યાયી મિત્ર બની સાથ આપી રહયા હતા. ૧૭મા વર્ષને અંતે મેટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ, પોતાનાં વડીલ માતુશ્રી, નાનાભાઇ અને પત્નીને લઇ, તેઓ "સરદાર સ્કૂલ"માં શિક્ષક તરીકે નોકરી મળતાં, વડોદરામાં જોગીદાસ વિઠ્ઠલની પોળમાં આવીને રહયા...... વિધિનો કેવો અપૂર્વ સંકેત ! તેમના વડોદરા આવતા અગાઉ થોડો સમય પહેલાં જ, તેમના ભાવિ આરાધ્ય સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પણ સુરતથી આવી નિઝામપુરામાં અને પછી જોગીદાસ વિઠ્ઠલની પોળથી અને નૃસિંહાશ્રમથી પણ માત્ર

---

૧. શ્રી ચૂનીલાલ જ. ઓઝાએ "શ્રીમાન્ વિશ્વવંદ્ય"માં શ્રી છોટાલાલ માસ્તર સાહેબની જ નોંધપોથીમાંથી આપેલા ઉતારા આધારે....
(પ્રકરણ ૩ માંથી)

૨. શ્રી માસ્તર સાહેબ તથા શ્રી સંઘવી, ઉભય વિદ્વાન્ કવિઓએ તરુણ વયમાં નોકરીના કારણે છૂટા પડતી વખતે દૃઢ નિશ્ચય કર્યો હતો કે, તેઓની ઉચ્ચ અપેક્ષા સંતોષી શકે એવા સમર્થ મહાપુરુષની ભેટ જેમને પ્રથમ થાય તેમણે બીજાને જણાવવું. નૃસિંહાચાર્યજીના સંબંધમાં આવ્યા બાદ શ્રી માસ્તર સાહેબે સંઘવીજીને ખબર આપી અને સંઘવીજી પણ આજીવન આદર્શ અગ્રણી શ્રેયસ્સાધક બની રહયા.

૫-૧૦ મિનિટના જ અંતરે આવેલી કડિયા ખડકીમાં આવીને સાત્ત્વિક-આધ્યાત્મિક આબોહવા જમાવી હતી ! જાણે સદ્ગુરુ પોતે જ, ટૂંક ભવિષ્યમાં સ્થપાનાર "વર્ગ"ના કુશળ આયોજક અને સંનિષ્ઠ પટ્ટશિષ્ય સાધકશિરોમણિની જ પ્રતીક્ષા કરી રહ્યા હતા !

શિક્ષક તરીકે છોટાલાલભાઈએ વિદ્યાર્થીગણમાં અને શિક્ષક-વાલીસમાજમાં વિલક્ષણ છાપ પાડી. પહેરવેશ અને સર્વસામાન્ય વ્યવહારમાં તેમની સાદાઈ, સુઘડતા અને સ્વચ્છતા ધ્યાનપાત્ર હતાં. તેમાં ય ચીલાચાલુ પધ્ધતિથી જુદી તરી આવતી તેમની લાક્ષણિક અધ્યાપનશૈલી, વિદ્યાર્થીઓ પ્રત્યે સતત વહેતું વાત્સલ્ય અને અભ્યાસક્રમ ઉપરાંત મર્માળી મનોરંજક શૈલીમાં વહેતી ધર્મની તિબોધક જ્ઞાનસરણીએ વિદ્યાર્થીઓમાં તો કાયમ ટકે એવો પૂજ્ય આદરભાવ સ્થાપિત કર્યો જ. પરંતુ સમાગમમાં આવનાર અન્ય વિચારશીલ તરુણો અને પ્રૌઢોના દિલમાં પણ નિર્હેતુક સન્માનની જ્યોત જગાવી. છોટાલાલના સમદર્શી હૃદયમાં વહેતો સ્નેહનો ઝરો સૌ કોઈ પર એટલો બધો મૌનપ્રભાવ પાડી રહેતો કે "ધી સરદાર સ્કૂલ"ના હેડમાસ્તર પ્રતિ જમૈયો ઉગામી ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલા તાજુમિયાં નામના વિદ્યાર્થીએ, માસ્તર સાહેબનો હસ્તસ્પર્શ થતાં જ, જમૈયો ફેંકી દઈ, સલામ કરી, માફી માગતાં કહ્યું, "આપ તે હમારે ઓલીયા પીર હૈ".

આ અરસામાં દામોદરભાઈ નામના એક સંસ્કારી શિક્ષક તથા ઈચ્છાશંકરભાઈ, જેઠાલાલભાઈ વગેરે સજ્જનો નિઝામપુરામાં નૃસિંહાચાર્યનો સત્સમાગમ સેવી કૃતકૃત્ય થયાનો અનુભવ કરી રહ્યા હતા. તેઓએ છોટાલાલ માસ્તરને પણ નૃસિંહાચાર્યનાં દર્શન-સમાગમનો લાભ લેવા વારંવાર આગ્રહપૂર્વક વિનંતી કરી.

પરંતુ તે વખતે છોટાલાલભાઇ વિલક્ષણ મનોમંથનમાંથી પસાર થઇ રહયા હતા. છેલ્લાં બેત્રણ વર્ષના અનુભવોને પરિણામે તેમની મનોવૃત્તિએ ધર્મ, નીતિ, ધર્મગુરુ વગેરે વિષયોની વિરુધ્ધ પ્રબળ આઘાતો ઝીલ્યા હતા. ધર્મનીતિક્ષેત્રના કોઇ વધુ નેતા કે સાધુ-સંન્યાસીનાં દર્શન માટેની તેમની તીવ્રતા અત્યંત મંદ બનતી જતી – લગભગ ઠરી જવા પામી હતી ! પ્રાર્થનાસમાજ આદિ સંસ્થાઓમાં પણ છેવટે તેમને કડવા અનુભવો થયાનું અનુમાન થાય છે. તો બીજીબાજુથી થિયોસૉફિકલ સોસાયટીની તાજેતરમાં શરૂ થયેલી પ્રવૃત્તિઓ પ્રતિ – તેમાં તાર્કિક પધ્ધતિથી સમજાવવાની રીતિનીતિને લીધે તથા કોઇ ગુરુ કે ગ્રંથ વિશેની અંધશ્રધ્ધાનો આગ્રહ નહીં હોવાને લીધે – તેમનું મન થોડું થોડું ખેંચાવા લાગ્યું હતું. પરંતુ ત્યાં પણ તેમના મનને કાંઇ "કળ" વળી નહીં. પરંતુ સોસાયટીનાં વ્યાખ્યાનો અને સાહિત્યગ્રંથોમાંથી એક વિચારે તેમના હૃદયનો કબજો પકડયો ; અને તે યોગરહસ્યને જાણનાર અનુભવી યોગીજનોની હયાતી વિશેનો. આમ નાસ્તિકતા પ્રતિ ઢળતી વૃત્તિ અને કોઇક સાચો યોગી મળે તો તેને મળવાની ઉત્કંઠા વચ્ચે ઝોલા ખાતું મન વારંવાર એક જ દિવાસ્વપ્નમાં મગ્ન બની ગયું હતું કે આકાશમાર્ગેથી, સરિતા-સરોવરમાંથી કે વૃક્ષવૃંદની વચ્ચેથી – કઇ દિશામાંથી કયારે કોઇ સિધ્ધ યોગી આવી મળશે ?...... અને એક વાર સાંજે કેમ્પના રસ્તે ફરવા જતાં તેમણે કોઇ વિલક્ષણ મૂર્તિને નિઝમપુરાની દિશામાં વિદ્યુલ્લેખાની જેમ ઝડપથી પસાર થતી – અદૃશ્ય થતી જોઈ ! સંકલ્પનું કેવું સામર્થ્ય ?

ત્યારપછી તરત જ તેમણે ઈચ્છાશંકર અને દલપતરામની વિનંતિનો સ્વીકાર કરી શ્રીમન્નૃસિંહાચાર્યજીના દર્શનની તક ઝડપી લીધી. પોતે દિવાસ્વપ્નમાં જેને ઝંખેલી અને ફરવા જતાં

જેને જોયેલી તે જ તેજોમય ભવ્ય પ્રતિમાનાં પ્રત્યક્ષ દર્શન અને સમાગમથી છોટાલાલ તો આશ્ચર્યાનંદમહોદધિમાં ડૂબી ગયા ! પ્રથમ દૃષ્ટિપ્રપાતે જ પ્રેમનો પ્રવાહ પારાવાર ઉછળ્યો. સ્પર્શ થતાં તો સદ્દ્ગુરુબુધ્ધિ જાગ્રત થઇ.....અને પ્રશ્નોત્તર-ચર્ચાને અંતે તો જગત અને જીવના સ્વરૂપ વિશેના અજ્ઞાનજન્ય ભ્રમ-સંશયો છેદાઇ ગયા. અહીં તો આ મહાપુરુષના ચરણે બેસવાથી સત્ય-સાક્ષાત્કારની પોતાની તીવ્ર તૃષા જરૂર છીપાશે એવી શ્રધ્ધાની દીવડી અંતરના ખૂણેખૂણામાં ઝળહળવા લાગી. છતાં પ્રથમ મુલાકાતમાં નરેન્દ્રે રામકૃષ્ણ પરમહંસને સીધેસીધો પ્રશ્ન નિખાલસ હૃદયથી પૂછયો હતો કે, "તમે ઇશ્વરને જોયો છે ? મને બતાવી શકશો ?" અને તેનો "હા"માં જવાબ મેળવ્યો હતો ; તેવો પ્રશ્ન પૂછવાની છોટાલાલે હિંમત કરી તો નહીં પરંતુ માનસિક ભૂમિકા પર જાણે મૌન-વૈખરી દ્વારા તેણે નરેન્દ્ર જેવો જ પ્રશ્ન પૂછયો અને નૃસિંહાચાર્યજીએ પણ રામકૃષ્ણ પરમહંસે આપ્યો હતો એવો જ ઉત્તર આપ્યો !.....એવા આંતરિક અનુભવથી આનંદાશ્રુ વહાવતા છોટાલાલ માસ્તરે ઊઠતી વખતે પ્રપન્નતાપૂર્વક સૌથી પ્રથમ જ વાર આચાર્યશ્રીના ચરણારવિંદમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં.[૧]

અંગ્રેજીમાં જેને autobiographical elements એટલે કે આત્મવૃત્તાંતના સંકેતોને વણી લેતી નવલકથા કહે છે એ પ્રકારની "યોગિનીકુમારી" ભા.૧-૨ નામની કૃતિનું છોટાલાલ માસ્તર સાહેબે વાસ્તવ અનુભવની ભૂમિકા પર સર્જન કર્યું છે. {તેનો વિસ્તૃત પરિચય આ મહાનિબંધમાં શ્રી વિશ્વવંદ્યના સાહિત્યની સમાલોચનામાં કરવામાં આવશે}. તેમાં હરિહરરાય, મણિધરરાય વગેરે પાત્રોનાં નામ છે.

---

૧. સરખાવો -

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् | (श्री भ.गीता, २,७)

તે નવલના પ્રથમ ભાગમાં "શ્રીમન્નૃસિંહાચાર્યજી" નામના ૧૭મા પ્રકરણમાં સદ્ગુરુના આદર્શ શિષ્ય હરિહરરાયના પત્રથી તેમના ડૉક્ટર મિત્ર મણિધરરાય, તાર કરી રાત્રે મેલમાં નીકળી, વડોદરા આવ્યા અને સવારે સદ્ગુરુના દર્શન માટે નીકળ્યા. એ વર્ણનમાં, શ્રી નૃસિંહાચાર્યજીના પ્રથમ સમાગમ વખતે છોટાલાલ માસ્તરના હૃદયમાં ઊઠેલા ભાવોનું તથા ત્યાંના વાતાવરણનું અને આચાર્યશ્રીના વ્યક્તિત્વ-વર્ચસ્વનું સુરેખ શબ્દચિત્ર ઉપસેલું જોવા મળે છે. તેથી તેમાંથી અત્રે થોડોક ભાગ ઉધૃત કરવો યોગ્ય લાગે છે :

"પ્રાતઃકાળે વહેલા ઊઠી સ્નાનાદિથી પરવારી આઠ વાગે અમે ઉભય શ્રીમન્નૃસિંહાચાર્યજીના આશ્રમ પ્રતિ જવા નીકળ્યા. આશ્રમ બહુ દૂર ન હતો ; દશ મિનિટનો જ માર્ગ હતો, તેથી સ્વલ્પ સમયમાં અમે ત્યાં આવી પહોંચ્યા. આશ્રમનું મકાન બહુ જ સાદું હતું. વૈભવનું ભાન થાય, એવું કશું જ આશ્રમ બહાર કે આશ્રમની અંદર હતું નહિ. ઉપરથી જોતાં કવચિત્ જ કોઇને ભાન થાય કે એવા સાદા ઘરમાં, સેંકડો મનુષ્યો જેમને ઈશ્વરરૂપે માને છે તથા પૂજે છે, એવા સમર્થ મહાત્મા રહેતા હશે. પરંતુ જેમ તુચ્છ માટીમાં અત્યંત મૂલ્યવાન હીરો ગુપ્ત રહે છે, અને ક્ષુદ્ર છીપમાં મહામૂલ્યવાન મૌક્તિક કોઇ ન જાણે તેમ ઢંકાયલું પડી રહે છે, તેમ આ સમર્થ મહાપુરુષ આ રંક આશ્રમમાં રહેતા હતા. અમે ગયા ત્યારે શ્રી નૃસિંહાચાર્યજી અંદરના ખંડમાં સંધ્યામાં હતા. મને મારા મિત્રે સર્વને બેસવાના મુખ્ય સ્થળમાં બેસાડ્યો. એ ખંડમાં એક વૃધ્ધ પુરુષ એક ખુણે બેઠો બેઠો કોઇ પુસ્તક વાંચતો હતો. તથા એક બીજા ખુણામાં એક મનુષ્ય પદ્માસન બાંધી ધ્યાનમય સ્થિતિમાં બેઠો હતો, તે વિના બીજું કોઇ મનુષ્ય ત્યાં હતું નહિ. પાએક કલાક અમે બેઠા નહિ

હોઇએ, એટલામાં પાદુકાના ખડકારા થયા, અને મારા મિત્રે મને જણાવ્યું કે મહારાજ પધારે છે. અમે તત્કાળ ઉભા થયા, અને તેમને આવતા જોઇ હરિહરરાયે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. મેં કોઇને કોઇ દિવસ સાષ્ટાંગ પ્રણામ કર્યા ન હતા, અને તેથી મારા મિત્રની પેઠે કરતાં, મને સ્વાભાવિક રીતે સંકોચ થયો. તેથી મેં તો માત્ર પાસે જઇને નીચા નમી ચરણને સ્પર્શ જ કર્યો. એટલું કરવું તે પણ મારા મનને તો બહુ થઇ પડયું હતું. પરંતુ એટલા સ્પર્શમાત્રથી પણ મારામાં કોઇ વિલક્ષણ ફેરફાર થયો હોય એમ મને ભાન થયું. જેમ કોઇ ખૂબ નિશા કરેલા માણસને ઘી પાવામાં આવે છે, અને તે સમયે અત્યંત ઊંડાણમાં ઉતરી ગયેલા તેના જીવને બે ચાર પડદા ઉઘડી ગયા હોય, અને તે અંધકારમાંથી જાણે બહાર આવ્યો હોય તેવું ભાન થાય છે, તેમ મને થયું. મારા અંતઃકરણ ઉપરથી કેટલાક પડદા જાણે ફાટી જતા હોય એમ મને લાગ્યું, અને સ્વભાવથી જાણે તે મહાપુરુષ ઉપર મને ભક્તિ પ્રકટતી હોય એમ ભાસ્યું. મેં વિધિથી નમન ન કર્યું માટે મને સહજ ગ્લાનિ થઇ. પણ હવે પશ્ચાત્તાપ નિરર્થક હતો. અમારું નમન સ્વીકારીને તે મહાપુરુષ, તેમને માટે નાંખેલા એક સાદા આસન ઉપર બેઠા, અને અમને પણ સંમુખ નાંખેલા આસન ઉપર બેસવા કહ્યું. હવે મને તે મહાપુરુષને યથાર્થ રીતે નિરીક્ષણ કરવાનો સમય મળ્યો. તેમની મુખમુદ્રા અત્યંત પ્રતાપમય, પ્રૌઢ, તેજસ્વી તથા જોનારના હૃદયને હરણ કરે એવી મોહક હતી. તેમનું વય ત્રિશ વર્ષની અંદર લાગતું હતું, તથાપિ તેમના મુખ ઉપર જે ગાંભીર્યની છાયા વ્યાપી રહી હતી, તે તેમના અસાધારણ અનુભવને તથા જ્ઞાનને પ્રદર્શિત કરતી હતી. તેમનો વર્ણ ગૌર હતો, તથા તેમનું વર્ચસ્ એવું તો અદ્‌ભુત પ્રકારે પ્રકાશતું હતું કે સમીપસ્થ મનુષ્યો તેના પ્રખર પ્રતાપમાં દબાઇ જતાં, અને એક અક્ષર પણ

બોલવાની હિંમત કરી શકે એમ ન હતું. તેમનાં નેત્ર અત્યંત સૌમ્ય, અમૃતમય તથા જેના ઉપર દૃષ્ટિ પડે તેના તાપને શમાવે એવા સામર્થ્યવાળા હતાં. અને તેમાંથી શુધ્ધ પ્રેમનો અભય આપનાર ઓજસપ્રવાહ ન વહેતો હોત તો તેમની સમીપતાથી મનુષ્યોને ભય ઉપજત, પરંતુ ઉક્ત હેતુથી તેમની પાસે બેસી રહેવાથી પણ નિર્ભયતા અને આનંદનું ભાન થતું હતું......."[૧]

પ્રથમ પ્રશ્નોત્તરી સમયના અનુભવનું આલેખન છોટાલાલ માસ્તરે "ઉદ્ગાર"[૨] નામના ૭૬ પંક્તિના કાવ્યમાં કર્યું છે. તેમાં પોતે પોતાના વિશે સ્પષ્ટ ઉદ્ગાર કાઢ્યા છે કે :

"વેદધર્મનિંદક હતો, બાળપણે હું મૂઢ,
નાસ્તિક અવિચારી અતિ, અભિમાને આરૂઢ".

તેમાંથી આચાર્યશ્રીએ અનુગ્રહ કરી પ્રેમપૂર્વક ઉપાસનાક્રમથી તેમને આગળ અને આગળ દોરી જઇ સ્વસ્વરૂપનું ભાન કરાવ્યું. આચાર્યશ્રીના સ્વરૂપશમન પછી એક ધન્ય પળે અનુભવ થયો :

"હું ઇશ્વર એ ગુરુતણો, સમજયો બોધ યથાર્થ,
મુજ પ્રભુપદને ભેટીને, થયો હું સદ્ય કૃતાર્થ".

પછી તો શાળાની નોકરીના સમય સિવાયનો બધો જ સમય છોટાલાલ માસ્તર શ્રીમન્નૃસિંહાચાર્યજીના સાંનિધ્યમાં જ ગાળવા લાગ્યા. આચાર્યશ્રી તેમને "માસ્તર" શબ્દથી સંબોધન કરવા લાગ્યા અને ધીમેધીમે સદ્ગુરુસેવા, ગુરુ-ઉપદિષ્ટ ક્રમ પ્રમાણે

---

૧. શ્રી વિશ્વવંદ્ય : "યોગિનીકુમારી" ભાગ ૧ - પૃ. ૨૪૦
૨. શ્રી વિશ્વવંદ્ય : "ઉદ્ગાર" કાવ્યમાંથી
(જુઓ મહાકાલ, સંવત્ ૧૯૬૧ અંક ૩ પૃ. ૯૧)

સાધનાભ્યાસ અને ઉજ્જવળ ચારિત્ર્યપ્રભાવથી સૌ કોઇના હૃદયમાં અપૂર્વ સન્માનને પાત્ર બનેલા છોટાલાલ માસ્તરને બધા "માસ્તર સાહેબ"ના નામથી જ ઓળખવા લાગ્યા. (આચાર્યશ્રીને તેમના શિષ્યો પછીથી "બાપજીશ્રી" શબ્દથી સંબોધતા).

આસન, પ્રાણાયામ, પ્રત્યાહારથી માંડી અનેકવિધ સાધનોનો સર્વને અધિકાર પ્રમાણે ઉપદેશ અને પ્રત્યક્ષ પાઠ આપનાર નૃસિંહાચાર્યજી યોગવિદ્યા ઉપરાંત જયોતિષશાસ્ત્રનાં રહસ્યોના પણ પ્રખર જ્ઞાતા હતા. કપરી અને કારમી કસોટીમાંથી અણીશુધ્ધ ઉત્તીર્ણ નીવડેલા માસ્તર સાહેબને છ માસ પછી જ એક શુભ ઘડીએ આચાર્યશ્રીએ મંત્રદીક્ષા આપી....અને એક સિધ્ધ પુરુષના મહાન આત્માનો, સિધ્ધિના શિખરે પહોંચવાની અભિપ્સા અને પ્રચંડ પુરુષાર્થ સેવનારા સાધકવર્યના આત્મા સાથે, ગુરુશિષ્યભાવે અદ્વૈતયોગ સધાયો. ઇષ્ટગુરુના અનુગ્રહથી અને વિલક્ષણ શ્રધ્ધા-સંકલ્પના સામર્થ્યથી પૂર્વજન્મોના સંસ્કારોના કારણે અવશિષ્ટ રહેલા વિકારો, વિક્ષેપો અને અવિદ્યાજન્ય આવરણોનું અપાકરણ થતું ગયું અને દિવ્ય દૃષ્ટિ ખુલવાથી માસ્તર સાહેબ શ્રીમન્નૃસિંહાચાર્યજીના દિવ્ય માહેશ્વર સ્વરૂપની પ્રતીતિ કરવા ભાગ્યશાળી બન્યા. પરમાત્મતત્ત્વની જે આરૂઢ અવસ્થામાં આચાર્યશ્રી નિત્યવિહાર કરતા હતા, તેની આછીપાતળી ઝાંખી માસ્તર સાહેબને સદ્ગુરુના અનુગ્રહથી કદી કદી થઇ હતી અને એ ઝાંખીના પ્રકાશમાં તેમણે પોતાના સમસ્ત જીવનમાં સમૂળી ક્રાન્તિ કરવાનો સુદૃઢ સંકલ્પ અને અવિશ્રાન્ત પુરુષાર્થ કર્યો હતો. આચાર્યશ્રીના જેવી સંપૂર્ણ સમાધિસ્થિતિનો અનુભવ તો તેમને આચાર્યની અનુપસ્થિતિમાં (લગભગ ૧૯૦૦ પછીથી) થયો હતો, તેમ તેમનાં પત્રો અને કાવ્યોમાંથી ધ્વનિત થાય છે.

કામક્રોધ પર સાહજિક વિજય, વાસનાક્ષય દ્વારા મનોજય, જપના અભ્યાસ દ્વારા વૃત્તિનિરોધ અને ધ્યેયૈકરૂપતા, નિત્યના

લૌકિક વ્યવહારમાં મૈત્રી મુદિતા, કરુણા અને ઉપેક્ષાનો યથાર્થ વિનિયોગ.... વગેરે દ્વારા માસ્તર સાહેબના આત્માની યાત્રા અત્યંત ઉજ્જવળ અને ઊર્ધ્વ માર્ગે વહી રહી હતી. તનની ઉપરાંત મનની દુર્બલતા અને દીનતા યોગમાર્ગમાં પ્રગતિ કરનારને ડગલેને પગલે બાધક નીવડે છે.... એ વિચારોની ચર્ચા એમના સાહિત્યની સમાલોચના કરતી વખતે થશે. અત્રે તો એક ઐતિહાસિક પ્રસંગનો હું સંક્ષેપમાં ઉલ્લેખ કરીશ.

મણિલાલ ન. દ્વિવેદી

નડિયાદના સાક્ષર શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદી કેટલાંક વર્ષોથી મેસ્મેરિઝમ અને હિપ્નોટિઝમ (પ્રાણવિનિમય) વિશેના સાહિત્યનો અભ્યાસ કરતા હતા, એટલું જ નહીં પણ તેમાં ઊંડો રસ લઇ તદ્વિષયક કેટલીક પ્રક્રિયાઓમાં પણ તેમણે અમુક હદ સુધી નૈપુણ્ય પ્રાપ્ત કર્યાનું કહેવાય છે. આ વિષયમાત્ર સિધ્ધાન્તનો નથી, યોગનો-પ્રયોગનો છે. અને તેમાં યથાર્થ ગુરુના માર્ગદર્શન વિના પ્રવૃત્ત થવાથી કેટલીક વખત હિત કરતાં હાનિ થવાનો જ મોટે ભાગે સંભવ રહે છે. વળી, એ પ્રક્રિયાઓનો પાર પામીને અધ્યાત્મ-માર્ગમાં અદ્વૈતસિધ્ધિ પ્રતિ પ્રગતિ કરવાનું સાધકનું જો પ્રયોજન ન હોય તો તો જરૂર તે વિનિપાતની ખાઇમાં હડસેલાઇ જાય છે, એવો યોગશાસ્ત્રનો સિધ્ધાન્ત શ્રીમન્નૃસિંહાચાર્યજીએ તથા શ્રી માસ્તર સાહેબે એમના ગ્રંથોમાં વિવિધ રીતે સમજાવ્યો છે.

અત્રે શ્રી મણિલાલના પ્રયોજન વિશે ઉલ્લેખ કરવાનો આશય નથી. એ બાબત અત્રે અપ્રસ્તુત છે. પરંતુ તેમણે "પ્રાણવિનિમય" નામનો ગ્રંથ પ્રસિધ્ધ કર્યો અને તેમાં તેમણે આ પ્રકારનો ઉલ્લેખ કર્યો હતો :

"વડોદરાવાળા નૃસિંહાચાર્ય ગુરુના વડા શિષ્ય છોટાલાલ માસ્તર ઉપર મારે પ્રયોગ કરવાનો પ્રસંગ આવ્યો હતો. ઓબ્જેક્ટ (વિધેય) એવો હઠીલો હતો કે તેને અસર થવા છતાં તે કબૂલ જ કરતો ન હતો. આથી છેવટે ઘણો કંટાળો આપતો હોવાથી મેં તેને છોડી દીધો".

શ્રી માસ્તર સાહેબે તેમને પત્ર લખી જણાવ્યું કે તેમનું લખાણ સત્ય હકીકતથી વિરુધ્ધ છે. તેમણે : મણિલાલભાઇએ : તો તે પ્રસંગે આ પ્રમાણે જણાવ્યું હતું :

"This object seems to be more positive on the contrary, I feel myself mesmerised. I am really tired to mesmerise this man. .......આ પાત્ર બહુ પોઝિટિવ (સબલ) જણાય છે. ઉલટો હું જ પોતે મેસ્મેરાઇઝ થતો હોઉં એમ લાગે છે. હું ખરેખર આ માણસ ઉપર મેસ્મેરિઝમ કરતાં કંટાળી ગયો છું, આમ બોલી મને છોડી ખોલીની બહાર જઇ અમારા સદ્‌ગુરુશ્રી પાસે જઇ પૂછ્યું હતું કે આ માણસ યોગની કોઇ ક્રિયા કરે છે કેમ ? ત્યારે પોતેશ્રીએ હકારમાં જવાબ આપવાથી તમે બોલી ઉઠ્યા કે "તેમાં જ તેમના ઉપર મારા પ્રયોગની અસર થતી જણાતી નથી". તમે જાણતા પણ હતા કે અમારી સંસ્થાનો દરેક દીક્ષિત સાધક યોગની કોઇ અને કોઇ ક્રિયા કરનારો હોય છે..... મેસ્મેરિઝમના દરેક પુસ્તકમાં એમ સ્પષ્ટ જ લખેલું હોય છે કે હિપ્નોટિઝમ એ Black યોગ (મેલી વિદ્યા :નો એક ભાગ છે અને તેથી White (શુધ્ધ) યોગની ગમે તેવી હલકી ક્રિયા પણ આના કરતાં લાખોગણી ચઢિયાતી હોય છે....... White (શુધ્ધ) યોગની ક્રિયા કરનાર ઉપર તમારી Black (અશુધ્ધ-મેલા) યોગની ક્રિયા કશી જ અસર કરી શકે નહિ, એ

તમારા યોગના સિધ્ધાંતથી પણ સ્પષ્ટ જ છે. ખરી હકીકત તો આવી છે છતાં સ્મરણદોષથી જો આ લખાયું હોય તો તેને બનતી ત્વરાએ સુધારી લેવા કૃપા કરશો વગેરે. આના ઉત્તરમાં તેમણે જણાવ્યું :

"હું કાંઇ ડાયરીબાયરી રાખતો નથી. મને જે સ્મરણ છે તે મેં લખ્યું છે. અને તે સુધારવા મને જરૂર નથી. તમે ડાયરી રાખતા હો તો આ લખાણવિરુધ્ધ તેને આધારે જે કાંઇ લખવું હોય તે લખવા તમને હરેક પ્રકારની છૂટ છે". [૧]

..... ..... .....

શ્રી નૃસિંહાચાર્યજી પાસે સુશિક્ષિત સંસ્કારી તથા શ્રીમંત અને સરદાર કુટુંબમાંથી તથા અમલદાર વર્ગમાંથી ગુજરાતભરમાંથી અસંખ્ય ભાવિક જિજ્ઞાસુજનો આવતા થયા. તેમાંના ઘણા તો શ્રી માસ્તર સાહેબના જીવન પરિવર્તનથી પ્રેરાઇને આવતા થયા.

સૌરાષ્ટ્રનો પ્રવાસ

શ્રીમન્નૃસિંહાચાર્યજીની સર્વોપરિ મહત્તાનો ડંકાનાદ છેક સૌરાષ્ટ્ર સુધી અને આ બાજુ મુંબઇ સુધી પહોંચ્યો હતો. માસ્તર સાહેબ અને અન્ય સાધકો દ્વારા આચાર્યશ્રીની પધરામણી માટે ભાવભર્યાં નિમંત્રણોનો પાર ન હતો. પરંતુ આચાર્યશ્રીએ બે ત્રણ અપવાદ સિવાય પ્રવાસ અને પ્રચારની પ્રવૃત્તિ માટે કદી પણ આગ્રહ કે વલણ દર્શાવ્યાં નથી. સુરત-કડોદ અને એક બે વખત સૌરાષ્ટ્રનો પ્રવાસ - સંજોગવશાત્ - ખેડયા પછી કદી પણ તેઓશ્રી વડોદરા

---

૧. શ્રી ચુનીલાલ જ. ઓઝા : "શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ : શ્રીમાન્ વિશ્વવંદ્ય" - પૃ. ૬૮

બહાર વિચર્યા નથી. લીંબડીનરેશના વારંવારના આગ્રહને કારણે તથા જૈનેરિકાયાત્રા જેવાં બીજાં પણ નિમિત્તોને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રીએ ઇ.સ.૧૮૮૧માં કેટલાક અગ્રણી સાધકો સાથે લીંબડી જવાનું સ્વીકાર્યું. પ્રેમપ્રવાહમાં ડૂબેલા ભાવકવૃન્દે તો અલ્પકાળના વિરહના વિચારથી પણ કલ્પાંત કરી મૂક્યું. તેમને પણ પદાર્થપાઠ આપવાનો આચાર્યશ્રીનો ગર્ભિત હેતુ હશે ! વિદાયવેળાએ ઉચિત બોધવચનો કહી તેમણે સાધકો પ્રતિ આશ્વાસન રૂપે કાવ્ય સ્વકંઠે ગાઈ સંભળાવ્યું. એ પ્રાસંગિક હોવા છતાં તેમાં કેવો ગૂઢ તત્ત્વવિચાર ઝળકે છે !

રાગ – અગમ ઉદાસી

"સજ્જન સહુ સુણજો રે વચન વિવેકનાં
અમે પ્રવાસી કરીશું આજ પ્રયાણ જો ;
સ્વરૂપ વિષે શમી રહેજો પ્રિય જન માહરા,
જેહ અનાદિ છે મુજ પદ નિર્વાણ જો".

આગળ તેઓશ્રી "શબ્દરૂપી શસ્ત્રો બાંધીને" વિવેકમગ્ન રહેવા જણાવી પોતાના વિકટ પ્રવાસને રૂપકનું રૂપ આપે છે :

"વિકટ ભૂમિમાં વાહનની આશા નથી,
વળી નહિ કો બોજ ઉપાડણહાર જો ;
ચેતી સવેળા વાળી દેજો માલને,
નહિ તો શિરપર કયાં લગી વહેશો ભાર જો".

આ અસાર સંસારના સ્વરૂપને જાણી સાધકોના વીરત્વને જગાડતાં તેઓ કહે છે કે,

"વીર વિચારો અંતે જવા એકલું,
મધ્યે પણ કો સંગી નથી નિરધાર જો ;
કોઇક દોષ થકી વૃત્તિ વળગી રહે,
વીરપણું ગ્રહી થાજો તત્વાકાર જો.

સુજન વિયોગ થતાં તો કહે છે એટલું,
લીધો છે કાંઇ ઝાઝો સંગનો લ્હાવ જો ;
પ્રાણ જતાં પણ અંતરથી ના છાંડશો,
સ્વરૂપતણો જે નિશ્ચય દ્વૈતઅભાવ જો".

છેવટે કૃપાળુ આચાર્યશ્રી આત્મદષ્ટિ પર ધ્યાન ખેંચી તેમનામાં પુનઃ સંયોગની શ્રધ્ધાનું સિંચન કરે છે :

"છે સંયોગ સ્વરૂપે દેહ વિયોગ છે,
આદિ નીતિ છે ત્યાં શો ધરવો શોક જો ;
આનંદે રહી કલેશ થકી થઇ વેગળા,
પ્રવાસ અંતે આવી મળજો છયોક જો સજ્જન".[1]

લીમડીમાં આચાર્યશ્રી ૧૮ દિવસ રહ્યા તે દરમ્યાન લીમડીનરેશ શ્રી જશવંતસિંહજી ઉપરાંત અનેક વિદ્વાનો, શાસ્ત્રીઓ, પંડિતો સાથેના હ્રદયંગમ સંભાષણોમાં અને કવચિત્ થતા વિદ્વત્તાભર્યાં વિવાદોમાં આચાર્યશ્રીનું અપ્રતિમ જ્ઞાનગૌરવ અને યોગસામર્થ્ય પ્રકટ થતું. લીંબડીના તે સમયના પ્રસિધ્ધ કવિરાજ રવિરાજે તો નૃસિંહાચાર્યજીની પ્રતિભાથી મુગ્ધ બનીને પ્રશસ્તિનું સ્તુતિકાવ્ય રચી તેમને અર્પણ કર્યું હતું.[2]

---

૧. શ્રીમન્નૃસિંહાચાર્યજી : "શ્રી નૃસિંહવાણીવિલાસ" દ્વિતીય પુસ્તક - પદ ૩૭માંથી.

૨. "જ્ઞાન કે પ્રકાશ ત્યોં વિજ્ઞાન કે વિલાસ કહે
નાશક અજ્ઞાન કે, પ્રતાપ જાકો નીકો હે,
જાનત સ્વરૂપ નિજ તત્ત્વ પહિચાનત હે,
જાકે આગે ફોકટ કર્મવાદ ફીકો હે ;
મિથ્યા જગરૂપ માયા જાને છાયા ધૂપવત
પ્રકટ પ્રભાવ જૈસે પારસમનિકો હે,
કહે રવિરાજ સબ સંતનકે સિરતાજ
નૃસિંહ અનુપ બ્રહ્મરૂપ અવનીકો હે".
(શ્રીમાન્ માસ્તર સાહેબની નોંધપોથીમાંથી શ્રી ઓઝાએ કરેલું ઉધ્ધૃત અવતરણ)

<u>શ્રેયસ્સાધક અધિકારી વર્ગ</u>

લીમડીથી તેઓશ્રી ધોળા, જૂનાગઢ, માણાવદર, બાંટવા, પોરબંદર, લખતર, પાલિતાણા, જામનગર જેવાં સ્થળોએ કરેલા પ્રવાસમાં તે તે સ્થાનોનાં રાજા, મહારાજા, ઠાકોર કે દરબાર ઉપરાંત પંડિતસમાજ અને જાહેરજનતાએ તેમનું બહુમાન કર્યું હતું. આ પ્રવાસથી સમસ્ત ગુજરાત-સૌરાષ્ટ્રમાં એક અસાધારણ જ્ઞાની યોગી મહાત્મા તરીકે તેમની પ્રતિષ્ઠા અને ખ્યાતિ પ્રથમ કરતાં વિશેષ પ્રમાણમાં પ્રસરી ગઇ.

આ પ્રમાણે આચાર્યશ્રીની આસપાસ અને આચાર્યશ્રીની જ પ્રેરણા અને કરુણાથી પાંગરતી અને પ્રસરતી પ્રવૃત્તિઓનું ચોક્કસ આયોજન કરવાની પ્રેરણા એક ધન્ય પળે શ્રી માસ્તર સાહેબ, શ્રી કૌશિકરામ, શ્રી નગીનદાસ સંઘવી જેવા અગ્રણી સાધકોના મનમાં જાગી ઊઠી. આચાર્યશ્રીની અનુમતિ માંગતાં....મળી ગઇ....., અને સમસ્ત ગુજરાતને પોતાના ઉચ્ચકોટિના અધ્યાત્મજ્ઞાનના સાહિત્યનું અને સાંસ્કારિક પ્રવૃત્તિઓનું પરમોજ્જવલ પ્રદાન કરનાર આ અવિધિસરના બંધારણ વિના આપોઆપ સુંદર આકાર પામેલા મંડળને ઇ.સ. ૧૮૮૨માં "શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ની ઉચ્ચાદર્શ-ધ્યેયની ધ્વનિપૂર્ણ સંજ્ઞા મળી. વર્ગનું આચાર્યસ્થાન તો નિઃસ્પૃહવૃત્તિના સમર્થ સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીને અનાયાસે સાધકો તરફથી આવી મળ્યું હતું. તેનું નિર્વહન કરવા સાધકોની ભક્તિભાવપૂર્વક વિજ્ઞપ્તિ થતાં, પ્રસ્તુત સંસ્થા દ્વારા બહુજનસમાજને વાસ્તવ કલ્યાણને માર્ગે દોરી લઇ જવાની નિષ્કામ ભાવનાથી આચાર્યશ્રીએ તે કબૂલ્યું. તેમણે માસ્તર સાહેબ અને અન્ય સત્શિષ્યોના સદાગ્રહને માન્ય રાખી, પરિવર્તન પામી રહેલા સમાજને અનુરૂપ અને અનુકૂળ થવાય એ રીતે સંસ્કૃતિ-સમુધ્ધારના

સેવાકાર્યને વ્યાપક સ્વરૂપ આપવા નિર્ધાર કર્યો. માસ્તર સાહેબ સાધકની પ્રયોગદશાને ક્યારની વટાવી ગયા હતા. પોતે પોતાને સદ્ગુરુના વિનમ્ર સાધક કે શિષ્ય હોવાનું માનતા અને મનાવતા. પરંતુ વાસ્તવમાં તો તેઓ હવે મધ્યમાધિકારી સાધકની ભૂમિકા પર પણ રહયા ન હતા. સદ્ગુરુના અનુગ્રહથી તેઓ સાધકવર્ગની અસાધારણ ભૂમિકા પર વિહાર કરવા શકિતમાન બન્યા હતા. આચાર્યશ્રીની કરુણાના પાત્ર બની, તે પાત્રતાને દીપાવી-ટકાવી રાખનાર માસ્તર સાહેબ આચાર્યશ્રીનું બીજું હૃદય બની ચૂકયા હતા ! આથી સંસ્થાની દૃષ્ટિએ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સંચાલનનાં સૂત્રો આચાર્યશ્રીએ જાણે કે તેમને સોંપ્યાં હતાં ! પોતાના પરમ પ્રેમ અને વિશ્વાસને પાત્ર બનેલા, માનવમાંથી મહાત્મા બની રહેલા માસ્તર સાહેબ પોતાના સાધુચરિત્રથી સાધકમાત્રની વંદનીય વિભૂતિ બની રહયા.....અને આચાર્યશ્રીની અનુકંપાએ એમને "વિશ્વવંદ્ય" પદવીથી વિભૂષિત કર્યા. આજે કેટલેક સ્થળે પાત્રાપાત્રવિવેક વિના અપાતી ઉપાધિ (degree) ની જેમ "વિશ્વવંદ્ય"નો ઉપનામવિધિ મિથ્યા ન હતો. પોતાના સમર્થ સદ્ગુરુના ચૈતન્યભાન (Consciousness)સાથે એકતાર બનીને પોતે વિશ્વથી વંદવા યોગ્ય બની ચૂકયા હતા. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ "ભામિનીભૂષણ" : ૧થી ૫ અલંકાર : ગ્રંથોમાં વાર્તાનાં પાત્રો તરીકે કેટલાંક સાંકેતિક નામો આપ્યાં છે તે કાલ્પનિક નથી. પરંતુ આચાર્યશ્રીની પ્રેરણા-પ્રીતિથી પોષણ મેળવી સ્વરૂપસાક્ષાત્કારની દિશામાં અધિકારાનુસાર ઉચ્ચ પ્રગતિ સાધનાર કેટલાક સાધકોનાં જીવનનો નિર્દેશ કરનારાં છે ; તેમાંનું સર્વોપરિ પાત્ર નામ "વિશ્વવંદ્ય" છે.

વિશ્વવંદ્ય વિભૂતિઓ માત્ર સ્થૂળરીતે અથવા તો કેવળ શબ્દાર્થપૂરતા વિશ્વવંદ્ય કહેવાતા નથી. તેઓ પોતાના વિચાર

અને આચાર દ્વારા સૂક્ષ્મરીતે સમગ્ર જીવનને વ્યાપી લેતા હોય છે. શ્રી માસ્તર સાહેબે જેમને માહેશ્વર સ્વરૂપે જાણ્યા, માન્યા નહીં પણ માણ્યા : અનુભવ્યા : અને જેમની સર્વોચ્ચ ભૂમિકાના ગગનવિહારને આત્મસાત્ કરવાનું સામર્થ્ય પોતાનામાં પ્રતીત થતું અનુભવ્યું તે સદ્‌ગુરુવર્યના કૃપાપાત્ર બનવાનું સદ્‌ભાગ્ય મેળવ્યું.... એમાં જ વ્યક્તિમાંથી વિભૂતિ બનવાની જીવનસાધનાનો સાર આવી જાય છે. યાદવોના વિશાળ સમૂહની વચ્ચે વિચરતા શ્રીકૃષ્ણને ભગવાન કે યોગીશ્વર તરીકે પામીજનાર કેટલા ? એક શ્લોકમાં આવે છે તેમ સમુદ્રમાં પડેલા દિવ્યચંદ્રના પ્રતિબિમ્બને લાખો માછલીઓ માછલી તરીકે જ જાણે અને એ પ્રમાણે વ્યવહાર કરે ને ?.....તેમ સમર્થ સદ્‌ગુરુ કે યોગીશ્વર લીલાતનુંનું શિષ્યવૃન્દ કે મિત્રમંડળ ભલે મોટું હોય પરંતુ તેમના યોગસામર્થ્ય કે લીલાવિગ્રહનો પાર પામવાની દૃષ્ટિથી સંપન્ન થનાર વિભૂતિ તો વિરલ જ હોય છે. સ્વામી વિવેકાનંદ પણ શ્રી રામકૃષ્ણ પરમહંસને સાચા અર્થમાં પામ્યા અને વિશ્વવંદ્ય બન્યા. શાસ્ત્રીય તથા શાસ્ત્રોક્ત દૃષ્ટિ શ્રી રામકૃષ્ણ કે શ્રીનૃસિંહાચાર્યજીને "લીલાતનું" તરીકે અને શ્રી વિવેકાનંદ કે શ્રી માસ્તરસાહેબ (વિશ્વવંદ્ય) જેવી ઉચ્ચાધિકાર અને ગુરુના અનુગ્રહને પ્રાપ્ત દૃષ્ટિસંપન્ન વ્યક્તિઓને "અદૃષ્ટજન્યવિભૂતિ" તરીકે ઓળખાવે છે. આવી અદૃષ્ટજન્ય વિભૂતિઓ અવતારવિભૂતિના કાર્યમાં સવિશેષપણે સહાયભૂત કે અંકોડારૂપ તેમની શક્તિના વાહકરૂપ બની રહે છે. શ્રી માસ્તર સાહેબના સંબંધમાં વર્ગના દ્વિતીય આચાર્ય શ્રી ઉપેન્દ્રભગવાનનો જ સુંદર ઉદ્‌ગાર જોઇએ :

"વિશ્વવંદ્ય એટલે નૃસિંહગુરુનો ટકોરી જોયેલો શિષ્ય
નૃસિંહ ઉપદેશનો મધુર આચાર
નૃસિંહ મન્દિરનો કીર્તિકલશ
નૃસિંહ ચરણ કમલનો પરાગ
નૃસિંહદેહની નિર્મલકાન્તિ
નૃસિંહવૃષ્ટિનું સ્વાતિબિન્દુ
નૃસિંહનયનનું પ્રસાદકિરણ
નૃસિંહમુખનો અમૃતરસ
નૃસિંહવાદ્યનો ષડ્જસ્વર
નૃસિંહહસ્તનું અભયબલ
નૃસિંહહૃદયનું સ્પન્દન
નૃસિંહદેવનું દૈવત".[1]

## વર્ગની ધ્યાનપાત્ર વિશિષ્ટતાઓ

### વર્ગ: સંજ્ઞા-ધ્વનિ

આ કારણથી, વર્ગની તમામ પ્રવૃત્તિઓના નિયામક, સંયોજક, દ્રષ્ટા અને પરોક્ષ રીતે નિર્વાહક પણ શ્રી વિશ્વવંદ્ય બની રહ્યા. કારણ કે આચાર્યશ્રીની અલૌકિક જ્ઞાનસત્તાનો દિવ્યપ્રભાવ શ્રી વિશ્વવંદ્યમાં સવિશેષપણે વિલસતો હોવાની સાધકમાત્રને પ્રતીતિ થઇ હતી. આચાર્યશ્રીની અનુમતિ અને પ્રેરણાથી શ્રી વિશ્વવંદ્યે વર્ગની પ્રવૃત્તિઓમાં અવનવો પ્રાણ પૂરવા, તથા વિશાળ જનસમુદાયને વૈયક્તિક ઉપરાંત સામુદાયિક રીતે વાસ્તવ હિતમાં ભાગીદાર બનાવવા ઉત્સવ, સંમેલન અને

---

૧. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી : "શ્રી વિશ્વવંદ્ય વિભૂતિવૈભવ" - પૃ. ૭૫

સાહિત્યિક સર્જન-પ્રકાશનની વિવિધ રસપ્રદ યોજનાઓ ઘડવા માંડી, એટલું જ નહીં પરંતુ તેને મૂર્ત સ્વરૂપ આપવા અહર્નિશ પરિશ્રમ સેવ્યો. આ સંબંધમાં સવિગત વિવેચન યોગ્યસ્થાને કરવામાં આવશે. અહીં તો માત્ર આ વર્ગ પ્રત્યે, સામાન્યથી માંડી સુશિક્ષિત વિરલ વિદ્વાનો સુધીના વિશાળ જનસમૂહનું અસાધારણ આકર્ષણ થવામાં કારણભૂત બની રહેલી કેટલીક આગળ પડતી તરી આવતી વિશિષ્ટતાઓનો જ નિર્દેશ કરવો જરૂરી છે.

..... ..... .....

સૌથી પ્રથમ તો વર્ગનું નામાભિકરણ જ તેના વિલક્ષણ કોટિના ધ્યેયનું સુંદર રીતે સૂચન કરે છે. ધર્મ શબ્દની અનેકવિધ શાસ્ત્રોક્ત વ્યાખ્યાઓનો અર્ક એક સુંદર[1] વ્યાખ્યામાં સમાયેલો છે અને તે મનુષ્યમાત્રને દેશકાળની મર્યાદાઓના સંદર્ભમાં રહીને પણ દેશકાળની મર્યાદાઓથી નિરપેક્ષ રીતે સમાન રીતે લાગુ પડે છે. ઐહિક આબાદીની અવગણના કર્યા સિવાય અથવા તો પ્રાપ્તવિહિત લોકોભ્યુદયને પામતાં પામતાં પારલૌકિક નિ:શ્રેયસ્‌ની સિધ્ધિ મેળવવી એ માનવધર્મનું ચરમ લક્ષ્ય છે, હોવું ઘટે. આ સંસારમાં પ્રકૃતિની પકડમાં રહીને અથવા પ્રકૃતિનાં પરિબળો પર – શકય તેટલું – પ્રભુત્વ મેળવીને વિવિધ પ્રકારનાં પોતે માનેલાં ઇપ્સિત સુખોનો યેનકેન પ્રકારેણ યોગ – ઉપભોગ કરવા પાછળ જ કરોડો મનુષ્યોનું જીવન વ્યતીત થતું હોય છે. કેટલાક આગળ વધી રહેલા વિરલ અધિકારી જીવોનું જીવન ત્યાગ અને ભોગની વચ્ચે ઝોલાં ખાતું હોય છે. પરંતુ શાસ્ત્રપુરાણ અને વિજ્ઞાનના સૂક્ષ્મ અભ્યાસ અને સ્વાનુભવની સૂઝથી ઈશ્વરી યોજના

---

૧. यतोऽभ्युदयनिःश्रेयस्सिद्धिः स धर्मः । (वैशेषिक न्यायदर्शन)

તથા વિશ્વના વાસ્તવ સ્વરૂપનો વિચાર કરી, પારમાર્થિક કલ્યાણના શાશ્વત સુખના માર્ગે પ્રયાણ-પ્રગતિ કરવાનો સંકલ્પ સેવનારા સંસ્કારી સજ્જનોની સંખ્યા વિરલ હોય છે. આવા સદ્વિવેકી નરનારીઓનો "સાધક" શબ્દમાં સમાવેશ કરવાથી અતિવ્યાપ્તિ-દોષ લાગુ પડતાં, સંસ્થાના અત્યંત ઉચ્ચ આદર્શને અધિકાંશમાં હાનિ પહોંચવાનો સંભવ રહે છે. તેથી શ્રેયસ્‌ના સર્વોચ્ચ શિખર પર્યંત પહોંચવા માટે શ્રેયસ્‌નાં સાધનો પ્રતિ જ અનુરાગ અને અભિગમ ધરાવતા વિરલ બંધુઓના[1] સમૂહ કે સમાજનો "શ્રેયસ્સાધક વર્ગ" દ્વારા સંકેત કરવામાં આવ્યો છે. વળી, આધુનિક મનોવિજ્ઞાનના નિષ્ણાતો પણ મનની ઉચ્ચાવચ ભિન્નભિન્ન ભૂમિકાઓ અને તેનાં સ્તરોનાં લક્ષણોની પ્રયોગો સહિત ચર્ચા કરે છે. જો કે માનસશાસ્ત્ર તો અંતરમનની પેલે પારનાં પ્રજ્ઞા વગેરે કારણોની પ્રક્રિયાઓનું પૂરેપૂરું પૃથક્કરણ કરવા હજુ સમર્થ બની શક્યું નથી. તો પણ પ્રાચીનકાળના મનીષીઓએ સ્થાપેલા સિધ્ધાન્તો તો આ વિલક્ષણ मनस् तत्त्वना સામર્થ્ય વિશે પૂરતો અને પૂરેપૂરો પ્રકાશ પાડે છે. તદનુસાર, વિશ્વની વિરાટ માનવમેદનીમાં સર્વનાં મનની સરખી ભૂમિકાઓ હોવી અશક્ય છે એટલું જ નહીં પણ ભિન્નભિન્ન ભૂમિકા કે ભૂમિકાઓનું અતિક્રમણ પણ સૌ કોઇને માટે, સર્વ તબક્કાઓમાં, એકસરખી રીતે થવું તદ્દન અશક્ય છે. આથીકરીને આપણા શાસ્ત્રકારોએ માનવમાત્રની કલ્યાણભાવનાના દષ્ટિબિંદુથી જ "અધિકાર"નો સિધ્ધાન્ત પ્રસ્તુત કર્યો છે. અત્રે તેના વિશે વિવેચન કરવાની અગત્ય નથી. પરંતુ ભિન્નભિન્ન દેશોના અને ભિન્નભિન્ન ધર્મોના તાત્ત્વિક સાહિત્યનું ઊંડું પરિશીલન કરનારને

---

૧. "બંધુ" શબ્દ સજ્જનો અને સન્નારીઓ - ઉભયનો સમાવેશ કરનાર વ્યાપક અર્થનો ધોતક છે.

જણાયા વિના નહીં રહે કે જુદાં જુદાં નામરૂપે અધિકારનું વર્ચસ્વ સર્વત્ર પ્રવર્તી રહેલ છે. વ્યક્તિ અને સમષ્ટિની ઉન્નતિ તેના ક્રમિક અધિકારસંક્રમણની પ્રક્રિયા અને તેના સ્વરૂપ પર મોટો આધાર રાખે છે. આમ, સદાય બ્રાહ્મી સ્થિતિમાં અવિચલપણે રહીને લોકકલ્યાણના શ્રેયસ્કાર્યમાં પરાયણ રહેતા આચાર્યશ્રીના હૃદયમાં ઝબકતી નિર્વિકલ્પ અવસ્થાના અલૌકિક સ્વરૂપાનંદને, સદ્ગુરુપ્રબોધિત સાધનો સાધીને અનુભવી કૃતકૃત્ય થવાની ઉગ્ર અભીપ્સાવાળા ઉચ્ચાધિકારસંપન્ન વ્યક્તિઓનો સમૂહ "શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ના સ્વતઃસ્ફુરિત નામે પ્રખ્યાતિની પરાકાષ્ઠાએ પહોંચવા લાગ્યો. તેમાં વર્ગના સાધકની માત્ર બે જ મર્યાદાઓ-શક્તિસ્વરૂપા મર્યાદાઓ - અને તે પણ સર્વલૌકિક મર્યાદાઓના અતિક્રમણ કરવાના ઉદ્દેશથી જ ધ્યાનપાત્ર બની રહી :

(૧) ઉપર વર્ણવેલા "અધિકાર"ને સંપન્ન સાધક અથવા "અધિકાર"ને પ્રાપ્ત કરવાની ઉત્કટ અભીપ્સાવાળો સાધક ;

(૨) પ્રધાનતઃ શ્રેયસનાં સાધનોમાં જ, અથવા શ્રેયસ્ તરફ અભિગમન કરાવનાર વ્યાવહારિક લાગતી પ્રવૃત્તિઓમાં જ રચ્યોપચ્યો રહેનારો સાધક.

કઠોપનિષદમાં મહર્ષિ ગૌતમકુમાર નચિકેતાએ જીવનના મહાન આચાર્ય યમદેવ પાસે આત્મતત્ત્વ વિશેનું ત્રીજું વરદાન માગવાનો જ આગ્રહ રાખ્યો ત્યારે મૃત્યુદેવે ઉપદેશ કર્યો કે : વિવેકી પુરુષ આ સંસારમાં પ્રિય સાંસારિક સુખભોગનાં પ્રેયસ્કર પદાર્થોને બદલે જન્મમરણને ટાળનાર બ્રહ્મજ્ઞાન-આત્મસાક્ષાત્કારનાં

શ્રેયસ્કર સાધનોને પસંદ કરે છે.[1]

અહીં શ્રેયસ્ અને પ્રેયસ્ શબ્દોને એવા આત્યન્તિક અર્થમાં ઘટાવી ન શકાય કે જેથી બન્ને પરસ્પર વિરુધ્ધાર્થી હોવાનો ભાસ ઉત્પન્ન કરે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ "ભામિનીભૂષણ", "સિધ્ધાન્તસિંધુ", "ત્રિભુવનવિજયીખડ્ગ" જેવા ગ્રંથોમાં જે પાત્રચરિત્રોનું આલેખન કર્યું છે તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓશ્રી પ્રેયસનો-ધર્મશાસ્ત્રવિહિત પ્રેયસનો સમાદર કરે છે. જે પ્રેયસ્ શાસ્ત્રસંમત અથવા આત્મકલ્યાણમાં ઉપકારક નીવડે તેમ હોય તે ક્રમશઃ અભ્યુદય અને નિઃશ્રેયસને સધાવવામાં ઉપયોગી નીવડે છે. માટે જ તેનો નિર્ણય કરવામાં વિવેકની જરૂર રહે છે. આથી વ્યવહાર અને પરમાર્થ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કર્મયોગી અને સંન્યાસી.....વગેરેનો આ વિષયમાં કૃત્રિમ ભેદ ઉભા કરવાની જરૂર નથી. શ્રીકૃષ્ણ ભગવાને પોતે જ ફેંસલો આપ્યો છે કે :

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥
(श्री. भ. गीता ५,२)

---

1. अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेय-
स्ते ऽभे नानार्थे पुरुषं सिनीतः ।
तयोः श्रेय आददानस्य साधु-
र्भवति हीयतेऽर्थाद्य ऽ प्रेयो वृणीते ॥१॥

श्रेयश्च प्रेयश्च मनुष्यमेत-
स्तौ सम्परीत्य विविनक्ति धीरः ।
श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते
प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥२॥

(कठोपनिषद्, अध्याय १, वल्ली २)

<u>સભ્યપદ !</u>

વળી, બીજી અનેક સામાજિક, ધાર્મિક કે વિવિધ ક્ષેત્રોમાંની સંસ્થાઓની સ્થાપનાઓમાં હોય છે તેવા પ્રકારની સભ્યપદ માટેની બાહ્ય લાયકાતોની અગત્ય આ વર્ગમાં સ્વીકારવામાં આવી ન હતી. સભ્યો બનાવી, સભ્યોનાં નામ નોંધવાં, સભ્યપદનું લવાજમ નક્કી કરી તે ઉઘરાવવું તથા સભ્યોનાં નામોની નોંધવહી (રજિસ્ટર) રાખવી.....એવા બાહ્ય ઉપચારના કોઇપણ પ્રકારના વિધિને અહીં મહત્ત્વ આપવામાં આવ્યું નથી. બલ્કે, આ વ્યાપક સંસ્થામાં તો "સભ્ય" કે "સભાસદ" જેવા શબ્દોનો કદી પરસ્પર વ્યવહારમાં કે વર્ગના સાહિત્યમાં પણ ઉપયોગ થયો જાણ્યો નથી. એ જ એની વિલક્ષણતા દર્શાવે છે કે આ સામાન્ય પ્રકારની સંસ્થા નથી. તેમાં તો ઉપર વર્ણવેલા પ્રકારની આંતરિક પાત્રતાને કેળવવા માગતા સૌ સદ્વિવેકી "સભ્યતા"- સંપન્ન સજ્જનો ગૌરવાન્વિત સાધકપદને (સભ્યપદને નહીં) પામતા હોય છે. મુખ્યત્વે ધર્મશોધન અને અધ્યાત્મચિંતનની પ્રવૃત્તિને પોષણ આપનારી તથા સદ્ગુરુકેન્દ્રગામી "વર્ગ"ની સંસ્થા હોવા છતાં, તેની બીજી બે ત્રણ વિલક્ષણતાઓએ પણ હજારો સાધકને મુગ્ધ કર્યાં હતા. પધરામણી, ભેટ વગેરે નિમિત્તો ઉપજાવીને અનુયાયીઓનું આર્થિક શોષણ કરવાની પ્રથા અહીં મૂળથી જ રાખવામાં આવી ન હતી. સાધકો કે ભાવિક સજ્જનો પોતે સદ્ગુરુ પ્રત્યેની ભક્તિભાવનાને લીધે શુભ પ્રસંગોએ કૃતકૃત્યતાનો સંતોષ લેવા, શાસ્ત્રમર્યાદા પ્રમાણે સદ્ગુરુચરણમાં દ્રવ્યાદિનું નિવેદન કરે તો તેનો વિનિયોગ પણ સાધકોના કલ્યાણાર્થે જ કરવામાં આવતો હતો. (શ્રીમન્નૃસિંહાચાર્યજીના "અયાચકવ્રત"ની કસોટીના કેટલાય પ્રસંગો માટે જીવનચરિત્રનું અવલોકન કરવું). પધરામણી અને ભેટના મુદ્દા પર પ્રકાશ પાડનારા અનેક પ્રસંગોને છોડી દઈ, એક જ પ્રસંગનો અતિસંક્ષેપમાં હું ઉલ્લેખ કરીશ.

વીરમગામમાં જીવરામભાઇ સાધારણ સ્થિતિના સાધક હતા. તે પોતાના ક્રોધી સ્વભાવનો નિગ્રહ કરવા પુષ્કળ પ્રયત્નો કરવા છતાં નિષ્ફળ નીવડવાથી નિરાશ થઇને નૃસિંહાશ્રમમાં આવી "બાપજી" પાસે એકવખત રડી પડયા. આચાર્યશ્રીએ આશ્વાસન આપી તત્ત્વબોધ આપ્યો કે, ક્રોધ જેવા દોષનો સ્વભાવ અલ્પાંશ પ્રમાણમાં હોય તો પણ આવિષ્કારની રીતે ખીલવાનો હોય છે; જ્યારે વ્યભિચારાદિ વિકારો પ્રચ્છન્ન રહીને જ પોષણ પામે છે. માટે ક્રોધી મનુષ્યને તો વિકારો પર વિજય મેળવવાની દિશામાં વિકાસ સાધવાની વધારે તકો મળે છે. ભવિષ્યમાં આચાર્યશ્રી વીરમગામ પોતાને ત્યાં પધારે તો કેવું, એવો સંકલ્પ જીવરામભાઇના હૃદયના ઊંડાણમાં અનાયાસ ઉઠયો..... અને એનો પડઘો કરુણાનિધાન સદ્ગુરુના હૃદયમાં જાણે પડ્યો.

"કેટલાંક વર્ષો પછી, જ્યારે શ્રી નૃસિંહાચાર્ય વીરમગામ પધાર્યા, ત્યારે કોઇ અન્ય સાધકને ત્યાં આવવાનો અવસર આવતાં, શ્રી નૃસિંહાચાર્યજી શ્રી જીવરામભાઇને ત્યાં પણ અનુગ્રહ કરવાની ઇચ્છાથી પધાર્યા. ભાવવિધિ વડે પૂજનાર્ચનાદિ સ્વાગતાભિનંદન થયા પછી તેઓશ્રીના બોધામૃતનું સહુએ પાન કર્યું. વિદાય વખતે શ્રી જીવરામભાઇએ સદ્ગુરુના ચરણસમીપ સાષ્ટાંગ પ્રણામ સહ, પાંચ રૂપિયા ભેટ મૂકી. સાધકના દિલની ભાવનાની ભેટનો પ્રથમ સ્વીકાર કરી, શ્રી નૃસિંહાચાર્યજીએ થોડીવાર પછી શ્રી જીવરામભાઇને પાંચ રૂપિયા પાછા આપ્યા. તેમણે બહુ આનાકાની કરી, પણ આખરે સદ્ગુરુએ પ્રેમપૂર્વક પૈસા પરત લેવા ફરજ પાડી અને નેહ નીતરતાં નયને દૃષ્ટિપાત કરી કહ્યું,

"જીવરામજી ! તમે ખુશ હો તો આજે હું માગું તે વસ્તુ આપશો ?".

"જરૂર, બાપજી. મારા એવા ક્યાં ભાગ્ય કે આપ મારાથી અપાયેલી ભેટ પ્રસાદી તરીકે પાછી આપીને, સ્વમુખે મનપસંદ વસ્તુની માગણી કરો !".

"પાંચ "રૂપિયા" તો તમે આપી ચૂક્યા છતાં તમારી પાસે "રૂપિયા" જેવી વસ્તુ તો રહેવાની જ. વસ્તુનો ત્યાગ નિરંતર હોવો જોઇએ. તમે મને એ ચીજ આપો – અને તે તમારી પાસે છે જ – કે જેનું તમે હંમેશને માટે મને અર્પણ કરી શકો. મને આપી દીધા પછી ફરી એ ચીજનાં કોઇ તમારી પાસે દર્શન કરી શકે નહિ".

જીવરામભાઇ ગંભીર વિચારણામાં પડી ગયા. પણ પોતાના સાધકોનું કલ્યાણ કરવા સિવાય અન્ય કોઇ હેતુથી શ્રી નૃસિંહાચાર્યજીની પ્રવૃત્તિ હોવી ઘટતી નથી, એવી એમનામાં અનન્ય શ્રધ્ધા હોવાથી તેમણે હસતે મુખે જણાવી દીધું.

"બાપજી ! સારું ખોટું જે કંઇ મારી પાસે છે તે આપનું જ આપેલું છે. આપ તેને સ્વેચ્છાથી સદાને માટે લઇ શકો છો", એમ કહી તેમણે પ્રેમથી આનંદાશ્રુપૂર્ણ આંખો વડે, મસ્તક નમાવી, જાણે શિવસ્વરૂપ સદ્ગુરુચરણમાં અભિષેક કર્યો ! શ્રી નૃસિંહાચાર્યજીએ તેમના શિર ઉપર હાથ મૂકી, વાત્સલ્ય રેડ્યું, અને ગૌરવભરી છટાથી કહ્યું,

"જુઓ જીવરામભાઇ ! તમારા કહેવા પ્રમાણે તમે જેનો ત્યાગ કરવા ઇચ્છતા હોવા છતાં, ત્યાગ કરી શકતા ન હતા, એ તમારી ક્રોધની કમાણીનું હું સ્વેચ્છાથી સ્વાર્પણ માગું છું. આપશોને મારી ભેટ !".

જીવરામજી તો ક્ષણભર સજડ થઇ ગયા. પણ શ્રી નૃસિંહાચાર્યજીની આંખોમાં પોતાનું પ્રતિબિંબ પેખતાં સાવધ થઇ ગદ્ગદ્ થઇ બોલ્યા.

"ધન્ય, બાપજી ધન્ય ! આપશ્રી જેના ઉપર અનુગ્રહ કરવા ધારો છો તેની પાસેથી કદી ભીખ માગીને, કદી લૂંટ તો કદી અપહરણ કરીને, લેવા યોગ્ય લઇ લ્યો છો. પણ પછી જેનો કદી બદલો વાળી ન શકાય એવી કૃપાવર્ષણનું દાન કરો છો !".

આ પ્રસંગ પછી, કહે છે કે, શ્રી જીવરામભાઇ તેમના ક્રોધનિરોધના પ્રયત્નમાં સત્વરે સફળ થઇ, સ્વભાવવિજયને પામ્યા હતા. સ્વલ્પ સમયમાં અંત:કરણની ઉચ્ચ અધિકારયુકત સ્થિતિને પામી, વૃત્તિને શ્રી નૃસિંહાનુસંધાનમાં રાખી તેઓ સ્થૂળ જગતનો ત્યાગ કરી ગયા હતા.

ક્રોધની ભેટ મુકાવે એવા પરોપકારી નિર્લોભી ગૃહસ્થાશ્રમી સદ્ગુરુઓ સમાજમાં વિરલ અને દુર્લભ હોય છે. કેવી અનોખી પધરામણી ! કેવી અપૂર્વ ભેટ !".[1]

<u>બિનસાંપ્રદાયિકતા</u>

વર્ગનું બીજું આકર્ષક તત્ત્વ તેની બિનસાંપ્રદાયિકતા હતી. આ મહત્ત્વના મુદ્દા વિશે ગુજરાતના સમર્થ વિદ્વાનોએ જયારે જયારે પ્રસંગો પ્રાપ્ત થયા છે ત્યારે ત્યારે પ્રશંસાત્મક ઉદ્ગારો કાઢેલા છે. અને આ વિશે આગળ ઉપર વિવેચન કરવામાં આવશે. પ્રધાનત: સનાતન વેદધર્મ અને શાંકરમતનાં તત્ત્વોનો જ આ વર્ગ પુન:પ્રસાર – નવા વેશે અને આગવી ઢબે – કરતો હોવા છતાં તેમાં સર્વ ધર્મો કે સંપ્રદાયોના મનુષ્યોને પોતાના હિત અર્થે સાધનામાર્ગમાં સુદૃઢ બનવાનું બળ મેળવવા માટે આહ્વાન – પ્રબળ

---

૧. શ્રી મહેન્દ્રકુમાર મો. દેસાઇ : "શ્રીમન્નૃસિંહાચાર્યજી" – પૃ. ૩૬૦

આકર્ષણ – હતું. તેમાં અમુક જ માન્યતાઓ ધરાવનાર કે સ્વીકારનાર સંપ્રદાયની સંકીર્ણતા માટે સહેજ પણ અવકાશ નહોતો. વર્ગના કોઇપણ સાધકને પોતાનો સ્વમત–સંમત ધર્મ કે સંપ્રદાય છોડવાની જરૂરિયાત ઊભી થતી નહીં. બલ્કે, વર્ગના સત્સંગ અને સાધનાભ્યાસથી સાધક પોતે કુલપરંપરાથી કે ગતાનુગતિક ચાંત્રિક ઢબે સ્વીકારેલા ધર્મ કે સંપ્રદાયના સિધ્ધાન્તોને વધારે સારીરીતે સમ્યક્ સ્વરૂપમાં સમજવા અને સમજપૂર્વક આચરવા સમર્થ બનતો. અસંખ્ય પારસી, ખોજા, મુસલમાન અને ખ્રિસ્તી ઉપરાંત [૧]જૈન, વૈષ્ણવ, સ્વામીનારાયણ વગેરે હિંદુ ધાર્મિક સંપ્રદાયોના અનુયાયી વિદ્વાનો, બૅરિસ્ટર–વકીલો, ડૉકટરો, મામલતદાર કે ટ્રેઝરી ઓફિસર અને રાજ્યના દીવાનપદની કક્ષાએ પહોંચેલા અધિકારીઓએ તથા ગુજરાતી, દક્ષિણી, તેલૈંગી, પંજાબી, રાજસ્થાની – સજ્જનોએ આ વર્ગના સંસર્ગમાં રહી અથવા વર્ગના સાધક બની પોતાના જીવનનો ઉત્તરોત્તર ઉત્કર્ષ સાધવામાં સફળતા મેળવી છે, – એના સેંકડો આધારો મળવા છતાં, અહ્રે (વિસ્તારભયને લીધે) માત્ર પ્રો. મૌલાબક્ષના પ્રસંગનો આછો ઉલ્લેખ કરીને સંતોષ માનીશું.

## પ્રો. મૌલાબક્ષ

વડોદરાની મ.સ.યુનિવર્સિટીના આશ્રયે આજે ચાલતા સંગીત મહાવિધાલયનો પ્રારંભિક પાયો નાખી સંગીતશિક્ષણની નવી પધ્ધતિની પ્રણાલિકા શરૂ કરનાર ભૂતપૂર્વ વડોદરા રાજ્યના રાજ્યગાયક અને કલકત્તામાં મહારાણી વિકટોરીઆના દરબાર વખતે શ્રેષ્ઠ ગાયક તરીકેનો સુવર્ણપદક મેળવનાર પ્રો. મૌલાબક્ષ નૃસિંહાચાર્યજીના જ્ઞાનૈશ્વર્ય ઉપરાંત તેમના સંગીત વિશેના જ્ઞાનથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે આચાર્યશ્રીનો રોજ સમાગમ સેવીને

૧. કેટલાંક નામો આ પ્રમાણે છે: સર્વશ્રી નૂર મહંમદ મનજીભાઈ ઈન્શ્યુરન્સ, ગુલામહુસેનભાઈ, રહેમતબહેન ખોજા, અમીનાબહેન મહંમદભાઈ જૂસાણી, મહંમદઅલી ગુલામહુસેન વજીર, પીરભાઈ અબ્દાલ્લા વકીલ, હરિલાલ મોહનલાલ વકીલ (જૈન), હરિ તુકારામ દાતાર, આચાર્યશ્રીની છડી પુકારનાર અગ્નિહોત્રી અધ્યાજી, રામચંદ, બસરવાળાજી, બેરિસ્ટર હોડીવાલા... વગેરે.

માત્ર હિંદુધર્મનાં તત્ત્વો વિશે જ નહીં પરંતુ ઇસ્લામનાં ગૂઢ રહસ્યો વિશે પણ સાચી સૂઝ પ્રાપ્ત કરી. તેમના કાજીસાહેબો તરફથી કુરાનેશરીફ વિશેની જે શંકાઓના ખુલાસા મૌલાબક્ષને થતા ન હતા તે સર્વનું બુધ્ધિ-યુક્તિપૂર્વકનું સમાધાન તેમને નૃસિંહાચાર્ય પાસેથી મળતું. તેમના પોતાના જ નિવેદન પ્રમાણે, અન્ય મુસલમાનોની માફક તે કદીપણ તેમના પીર સિવાય કોઇના પગે હાથ પણ અડકાડતા નહીં પરંતુ નૃસિંહાચાર્યના ચરણમાં તો તેઓ આદરપૂર્વક પોતાનું માથું નમાવી - અડકાડીને પ્રણામવિવેક કરતા એટલું જ નહીં પણ પુષ્પહાર પણ ચઢાવતા. તે માટે તેમના કાજી અને મૌલવીઓ તેમને "કાફર" ગણી, તેમનો અત્યંત તિરસ્કાર પણ કરતા.

એક દિવસે આચાર્યશ્રી તરફની પોતાની પૂજ્યભાવનાનો હૃદયમાં અતિઉદ્રેક જાગતાં, મૌલાબક્ષે આચાર્યશ્રી પાસે મુક્ત મનથી આર્દ્રતાપૂર્વક વિનંતિ કરી કે તેમનું કુટુંબ કસીદાનું કામ કૌશલપૂર્વક કરી શકતું હોવાથી, તેમના સ્વહસ્તે બનાવેલી સીજની (પહેરણ) નો અલ્પભેટ તરીકે આચાર્યશ્રી અંગીકાર કરે. પાઘડીધારી વર્ણાશ્રમી હિંદુ પંડિતોની વચ્ચે વિરાજતા ધર્માચાર્ય પાસેથી અપેક્ષા રાખી ન શકાય એવો પ્રત્યુત્તર મળતાં મૌલાબક્ષ તો વિસ્મયચકિત થઇ ગયા ! - "હવેથી ઉત્સવને દિવસે હું તમારી આપેલી પ્રેમકફનીને જ પહેરીશ". ચુસ્ત હિંદુઓ જેના દેહને ધાર્મિક વહેમના કારણે "મ્લેચ્છ" - અસ્પૃશ્ય ગણતા તેવા મુસલમાનની કફની પહેરીને જન્મોત્સવ કે ગુરુપૂર્ણિમાના ઉત્સવે વ્યાસપીઠ પર ધર્માચાર્ય પોતે બિરાજે અને સૈંકડો સનાતની ભાવિકો (આજથી ૭૫ વર્ષ પહેલાંના જમાનામાં) પૂજન - અર્ચન કરે..... એનાથી બીજો બિનસાંપ્રદાયિકતાનો ચમત્કારિક વ્યતિકર કયો હોઇ શકે ?

સરકારી સંગીતશાળામાં વિદ્યાર્થીઓને નવી નોટેશન (સ્વરલિપિ) પધ્ધતિથી તાલીમ આપવા માટે ભિન્નભિન્ન રાગ–તાલનાં કાવ્યોની જરૂર હતી. તેમણે નૃસિંહાચાર્યજીને વિનંતી કરી. આચાર્યશ્રીએ તેમને, શબ્દ અને સ્વરનો વિરલ સુયોગ સાધનારાં કેટલાંય પદો[1] રચી સંભળાવ્યાં હતાં. તેની સ્વરલિપિ બાંધીને પ્રો. મૌલાબક્ષ વિદ્યાર્થીઓને શીખવાડતા એટલું જ નહીં પણ પોતે તો આશ્રમમાં તથા અન્યત્ર પ્રેમભક્તિની મસ્તીપૂર્વક આલાપ સાથે એ પદોનું ગાન કરતાં. "શ્રી નૃસિંહવાણી વિલાસ" – પ્રથમ પુસ્તકમાં ઘણાં પદોના ઉપર ખમાચ, કાફી, હોરી, યમન, કલ્યાણ, કેદાર, જોગીઆ, બિલાવલ વગેરે રાગોનાં નામ લખેલાં છે તે પરથી તથા મૌલાબક્ષ જેવા પ્રથમ કોટિના સંગીતજ્ઞને પ્રસન્નતાની પ્રતીતિ થઇ હતી તે પરથી સ્પષ્ટ થાય છે કે નૃસિંહાચાર્યજીનું સંગીતનું જ્ઞાન પણ અદ્દભુત હતું. તેઓશ્રી વર્ગના ઉત્સવ પ્રસંગે રાત્રિકીર્તનોમાં અથવા આશ્રમમાં કદીકદી એકતારો કે મંજીરા લઇને સુમધુર કંઠથી સ્વરચિત પદો લલકારતા ત્યારે શ્રોતાઓનાં હૃદયો આનંદમાં તરબોળ બની જતાં. નૃસિંહાચાર્યજીનાં સંગીતમય પદોની અને મૌલાબક્ષની ગાયકીની વિશિષ્ટતા જ એવી હતી. લીંબડીના મહારાજા જશવંતસિંહજીના નિમંત્રણથી પ્રો. મૌલાબક્ષ લીમડી ગયા હતા અને દરબારમાં તેમણે અનેક ચીજો ગાઇ અને છેવટે શ્રીમાન્ નૃસિંહાચાર્યજીનું રાગ જંગલાની ઠુમરીનું નીચેનું સુંદર પદ ગાયું.

---

1. (૧) ચેત કે ચિત્ત લગાના, જગતમેં ચેત કે ચિત્ત લગાના
(૨) રામ રટેસે, પાપ કટે હે, લોભી કો સબ માન ઘટે હે.
(રાગ કાફી)
(૩) તારવો તેહારો અખત્યાર હે તારો ન તારો (રાગ માંઝી)
(૪) જગ યહ હય ક્ષણિક, તાતેં અસત, તદાપિ, જન સબ
માનત સતાવત. (રાગ – ખમાચ)

: રાગ – જંગલાની ઠુમરી :

કોઉ હૈ રે શુધ્ધ ઝવેરી, પરખે મેરી, હિરદાકેરી, કોઉ૦
એક અદલ સેજપૈ પોઢે, કબહુ ન માન કિસીકા મોડે,
વાં મગન હોય અતિ કોડે, સુરતા ઘેરી – કોઉ૦
નિરંતર સત્ય શબ્દ ઉચ્ચારે, નહિ આપ અરૂ પર ધારે,
ભય દુઃખ સબહિ દિલસેં નિકારે, નિશદિન ટેરી – કોઉ૦
નહિ જયાં સિધ્ધપદકા અભિમાના, લહે જો રંકરાવકું સમાના,
લિજે સો સદ્ગુરુકા પરવાના, મિટે અંધેરી – કોઉ૦
કરકે સુખસ્વરૂપમેં બાસા, છાંડી અન્ય દૃશ્યકી આશા,
નરસિંહ આપહી કીયા પ્રકાશા, કાટી ફેરી –
કોઉ૦[1]

પદના સંગીત તત્ત્વ ઉપરાંત કવિત્વ તથા તેમાં રહેલા ઉચ્ચભાવની ખુમારીથી મુગ્ધ બનેલા લીંબડીનરેશે પદના રચયિતા વિશે પૂછપરછ કરી માહિતી મેળવી અને પછીથી તેમની વારંવારની વિનંતિઓને લીધે, નૃસિંહાચાર્યજી ઇ.સ. ૧૮૮૧ની વસંતમાં લીમડીમાં ૧૮ દિવસ રહયા હતા, તે આગળ કહેવાઇ ગયું છે.

નૃસિંહાચાર્યની, તેમના વર્ગની અને વર્ગના સાહિત્યની બિનસાંપ્રદાયિકતા વિશે તો હમણાં જ, હાસ્યરસના વિદ્વાન સાહિત્યકાર શ્રી જયોતીન્દ્ર દવેએ "શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ શ્રીમાન્ વિશ્વવંધ" જીવનચરિત્રની પ્રસ્તાવનામાં કહયું છે તે મનનીય છે.

---

૧. "શ્રી નૃસિંહવાણી વિલાસ" – પ્રથમ પુસ્તક : પૃ.૧૨૫

"એ કાળે ધર્મસંસ્થાપનાર્થ, દેશના જુદા જુદા ભાગમાં જે અનેક સાધુસંતોએ અવતાર લીધો તે આપણી મંદ થઇ ગયેલી સંસ્કારજ્યોતને પુનરપિ પ્રદીપ્ત કરી તેમાં શ્રીમન્ નૃસિંહાચાર્યજીનું સ્થાન ગુજરાતમાં ઘણું મહત્ત્વનું ગણાવી શકાય.

સૂર્યમાળામાં સૂર્યની આસપાસ જેમ અનેક તેજસ્વી ગ્રહો પરિભ્રમણ કરે છે, તેમ એમના મંડળમાં પણ અનેક તેજસ્વી ને ચારિત્ર્યવાન વ્યક્તિઓ આવીને એમના સદુપદેશનો પ્રચાર કરવા લાગી. એમને મળેલાં એવાં અનેક પુરુષરત્નોમાં સૌથી વિશેષ દીપ્તિથી દીપતું રત્ન તે માસ્તર શ્રી છોટાલાલ જીવનલાલ.

શ્રી રામકૃષ્ણ પરમહંસને વિવેકાનંદ મળ્યા, તેમ શ્રીમન્નૃસિંહાચાર્યજીને છોટાલાલ માસ્તર મળ્યા. એમનો પરસ્પરનો સંબંધ શ્રી રામકૃષ્ણ પરમહંસને સ્વામી વિવેકાનંદ જેવો જ હતો. સ્વામી વિવેકાનંદે આવતાં ને વાર જેમ શ્રી રામકૃષ્ણ પરમહંસના પટ્ટ શિષ્યનું પદ પ્રાપ્ત કરી લીધું, તેમ શ્રી છોટાલાલ માસ્તરે પણ શ્રી નૃસિંહાચાર્યજીના "પટ્ટ શિષ્યના અતિ અભિલષણીય પદને" પ્રાપ્ત કરી લીધું.

શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગમાંના અનેક સનિષ્ઠ ને તેજસ્વી પુરુષોએ કેવળ ધર્મ અને સંસ્કારની દૃષ્ટિએ જ નહિ પણ સાહિત્યની દૃષ્ટિએ પણ જે અમૂલ્ય કાર્ય કર્યું છે તેનું મૂલ્યાંકન જોઇએ તેવું થયું નથી. એ વર્ગના સાહિત્યને કેવળ "સાંપ્રદાયિક સાહિત્ય" સમજવાની ભૂલ ઘણાઓ કરે છે. પરંતુ શ્રીમન્નૃસિંહાચાર્યજી કોઇ વિશિષ્ટ સંપ્રદાયના સંસ્થાપક નહોતા. આપણા ધર્મને સંસ્કારના સનાતન, સર્વદેશીય ને સર્વકાલીન તત્ત્વોનો જ એમણે

પુનરુધ્ધાર કર્યો છે. એ વર્ગનું સાહિત્ય, ધર્મના રંગે રંગાયેલું છતાં, કોઇપણ સંપ્રદાય કે શાખાના જડ કે વિશિષ્ટ લક્ષણોથી કેવળ મુક્ત છે."[1]

ગુરુશિષ્ય સંબંધ

ઉપર દર્શાવેલી વિશિષ્ટતાઓ ઉપરાંત, વર્ગ તરફ જનતાનું પ્રબળ આકર્ષણ થવામાં આચાર્યશ્રીની સર્વ સાથેની વ્યવહાર કરવાની રીતિનીતિ, ઉપદેશશૈલી અને હૃદયનાં ઔદાર્ય, આર્જવ અને ઓજસ્વમય પ્રતાપી વ્યકિતત્વનો પણ ફાળો નાનોસૂનો ન હતો. આ નિરંહકાર વૃત્તિના મહાન આચાર્ય કદી કોઇની ય સાથે - સાધક, શિષ્ય કે સંભાવિત સજ્જનો સાથે - પોતાના ગુરુભાવને પ્રકટ થવા દીધો નથી. તે એટલે સુધી કે તેમના જ દીક્ષિત શિષ્યો અંદરઅંદર વાર્તાલાપમાં પ્રેમભાવથી ગુરુશિષ્યના સંબંધના સૂચક શબ્દોનો પ્રયોગ કરતા તો તેનો પણ તેઓશ્રી વિરોધ કરતા. સદ્ગુરુપદના અભિમાનને તેઓશ્રી ગુરુનું દૂષણ માનતા. "અમુક મારા શિષ્ય છે" એવો એમણે કદી વાક્યપ્રયોગ કર્યાનું જાણમાં નથી. "અમુક આપણે ત્યાં આવે છે" એ ભાવનું તેઓ બોલતા. પોતે કદી કોઇને આજ્ઞારૂપે કાંઇ કહેતા નહીં - પછી તે ભાવિ પ્રસંગની આગાહી હોય, કર્તવ્યનો નિર્દેશ હોય કે કોઇએ શ્રધ્ધાપૂર્વક માગેલ માર્ગદર્શન કે સલાહ-સૂચન હોય. એવા તો સૈંકડો પ્રસંગો છે કે જેમાંથી આચાર્યશ્રીના આ વિલક્ષણ સદ્ગુણની પ્રતીતિ થાય. ૧૨-૭-૧૯૭૭ના આષાઢી પૂર્ણિમાના દિવસે કપડવણજના વતની પણ કલકત્તામાં પ્રખ્યાત વ્યાપારી તરીકે પ્રતિષ્ઠા પામેલા શ્રી પીતાંબરદાસ બાબુને એક સાધકે વિવેકવાણીમાં માત્ર એટલું જ કહ્યું કે :

---

૧. શ્રી જ્યોતીન્દ્ર હ. દવે : "શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ શ્રીમાન્ વિશ્વવંધ" - પ્રસ્તાવના પૃ.૪

બધાને આજ્ઞા થઇ છે કે કોઇ બોલે નહિ.

અંદરના ઓરડામાં બેઠેલા આચાર્યશ્રીના કાન પર આ શબ્દો પડતાં તરત જ તેમણે બહાર આવી તે સાધકને સહેજ ગ્લાનિ દર્શાવતાં ઉપાલંભરૂપે કહ્યું કે : "આજ્ઞા થઇ એવું કહેવાય કે ?.... મારામાં મને ગુરુપણું લાગે તો ગુરુ નહિ લઘુ થાઉં ।" આવા પ્રતિપળે સાવધાન રહેનારા આચાર્યશ્રી પોતે ઉચ્ચઆસને બેસે અને સાધકો નીચે બેસે એમ કદી બનતું નહીં. સાધકોની વિનંતીને અને હૃદયની લાગણીને માન આપીને તે પાથરેલી ગાદીની માત્ર કિનાર પર જ બેસતા. ઘણુખરું તો તે જમીન પર જ બેસતા.

સાધકોના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે તેઓશ્રી કદી સીધો ઉપદેશ આપતા નહીં ; પરંતુ યોગ્ય પ્રસંગે જીવનના જ દૃષ્ટાંત વ્દારા સાધકોનાં ચિત્તમાં કર્તવ્યબોધ કે જ્ઞાતવ્ય સિધ્ધાન્તનાં ગૂઢ રહસ્યો સહજ ભાવે પણ સુદૃઢ રીતે સ્થાપિત થઇ જતાં. આચાર્યશ્રી વિવિધ સાધકોને વિવિધ પ્રસંગોએ અધિકારપરત્વે સંયમ, નિયમ અને નિરોધના માર્ગનું દર્શન કરાવતાં કરાવતાં બહિસ્સંગપૂર્વકનો અંતસ્ત્યાગ, તિતિક્ષા, મનોજય અને તત્ત્વવિચારના પથ પર પણ સુગમતાથી લાવી મૂકતા..... અને પછીથી તેમને, પોતે જ પોતાનો સાચો સદ્ગુરુ, ઉધ્ધારક છે.[1] એવા સર્વોચ્ચ સ્વાતંત્ર્ય-સિધ્ધાન્તના અનુભવપદે સ્થાપતા. શિષ્ય હંમેશાને માટે दासोऽहम् નો જપ જપ્યા કરે, દીનહીન બની પામરતામાં સડ્યા કરે એ આચાર્યશ્રીની વિચારસરણીની વિરુધ્ધ હતું. સમર્થ સદ્ગુરુનો શિષ્ય છેવટે સદગુરુના સામર્થ્ય સાથે એકતા અનુભવે.....એમાં સદગુરુનું તેમ જ શિષ્યનું સાચું ગૌરવ રહેલું છે, એમ તેઓશ્રી માનતા.

---

૧. उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥
(श्री भ. गीता, ६,५).

સાધકો અને સજ્જનોના બુધ્ધિસ્વાતંત્ર્યને પરોક્ષ રીતે પણ હરી લેવાનો કદી તેમણે વિચાર કે ઉપચાર સેવ્યો નથી. અલબત્ત વાદવિવાદ, શંકાસમાધાન અને પ્રશ્નોત્તર જેવા પ્રસંગોમાં આચાર્યશ્રીનું વાક્કૌશલ અને યુક્તિપાટવ અપ્રતિમ નીવડતું. પરંતુ તેઓ કદી પણ કોઇના પ્રતિ આક્ષેપ કરવાનું કે હલકાં વચનોથી સામાને ઉતારી પાડવાનું વલણ દાખવતા નહીં. પોતે ઉચ્ચ આચાર્યસ્થાને છે એ સત્તાના પ્રભાવ નીચે કોઇને આંજી નાંખીને કે અન્યની ઉતરતી કક્ષા-સ્થિતિનો લાભ લઇને તેનો પરાભવ કરવાની કે ખોટી રીતે શરમમાં નાખીને કબૂલ કરાવવાની વંચકવૃત્તિનો તેમણે કદી આશ્રય લીધો નથી. પરંતુ પ્રશ્નો કરનારને મુક્તમનથી વિચારો અને મૂંઝવણો વ્યક્ત કરવાનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપી, તેના પ્રશ્નનું તેને સંતોષ થાય એવી વિલક્ષણ રીતે અનાયાસ ભાવે સમાધાન કરતા. વિશેષતઃ આચાર્યશ્રીનું સાધકો પ્રતિનું અપૂર્વ વાત્સલ્ય તથા તેઓશ્રીની મૂક જ્ઞાનપ્રેરણા તેમના પ્રતિ સર્વને પ્રેમબધ્ધ રાખતાં અને સર્વનાં હૃદયમાં જ્ઞાનપ્રકાશ વિસ્તારતાં.

વ્યાવહારિક એષણાઓ અને પ્રિય પદ-પદાર્થો કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિની લાલસાથી આવનાર મંદાધિકારી - અર્થાર્થી[1] - સાધકોની સંખ્યા ઓછી હતી. છતાં એવાં હૃદયોને સાન્ત્વન મળી રહે એ રીતે ધીમે ધીમે ક્રમિક બોધ આપી આચાર્યશ્રી તેમને મંદાધિકારીમાંથી મધ્યમાધિકારી બનવામાં અદ્ભુત રીતે સાહાય્ય કરતા. સાધકોને પોતાના અંતઃકરણમાં

---

૧. चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥
(श्री भ.गीता, ७,१६)

થતા પરિવર્તનની પ્રક્રિયાની સહેજ પણ ખબર પડતી નહીં..... અને છતાં તેઓ પ્રસન્નતાપૂર્વક ઉચ્ચાધિકારને પ્રાપ્ત કરતાં કરતાં પ્રગતિને માર્ગે આગળ ધપે જતા.

વળી આચાર્યશ્રીએ ચમત્કારના પ્રેતને વર્ગના શરીરમાં પ્રવેશવા દીધું ન હતું. તેમનો તો મનુષ્ય માત્ર પ્રતિ સીધો સચોટ ઉપદેશ હતો કે :

તમે પોતે જ મોટામાં મોટા ચમત્કાર રૂપ છો. તમારી અંદર ચિતિ–ચૈતન્યનો અનંત ઉદધિ ઉછળી રહ્યો છે. त्वमेव चमत्कृतिः સ્વરૂપ સાક્ષાત્કારથી પરમ કે ઉચ્ચતર કોઇ સિધ્ધિ નથી.

આથી જેમ કેટલીક પ્રભાવશાળી વ્યક્તિઓ પ્રતિ સામાન્ય જનસમૂહ આકર્ષાય છે અને પછી અંતરની આશા તૃપ્ત કે અતૃપ્ત થતાં અથવા નિરાશામાં પરિણમતાં એ આકર્ષણ ઓસરી જાય છે, તેમ અહીં બનતું નહીં. અહીં તો પ્રતિદિન ચમત્કારિક ઘટનાઓ બનતી પરંતુ એને ચમત્કારનું સ્વરૂપ આપવામાં આવતું નહીં. ઘેલાં લોકટોળાંને આવવાનો અને કૃત્રિમ રીતે થોડો સમય સુધી આકર્ષણને ટકાવી રાખવાનો અહીં તો અવકાશ જ મળતો નહીં. આચાર્યશ્રીનો આશ્રય લેનારા અથવા એમના પ્રતિ પ્રબળ આકર્ષણ અનુભવનારા સાધકો અને સંભાવિતોનો મોટાભાગનો સમુદાય તો સુશિક્ષિત અધ્યાત્મસંસ્કારવિશિષ્ટ અધિકારીજનોનો જ હતો, કે જેમાંની કેટલીક અગ્રણી વ્યક્તિઓ તો વ્યવહારમાં ઉચ્ચપદ–અધિકારને પ્રાપ્ત હોવા ઉપરાંત, લૌકિક અને અલૌકિક, પૌર્વાત્ય અને પાશ્ચાત્ય ધર્મતત્ત્વવિધાના જ્ઞાનને પચાવીને બેઠેલી હતી. તેઓમાંના ઘણા સમાજના ઉપલા થરમાંથી આવેલા હતા. તેઓ આડંબર અને અંધશ્રધ્ધાને ચલાવી નહીં લેનાર તથા તર્કબુધ્ધિની ઉપલી ભૂમિકાથી

વિચારનાર અને અનુભવપ્રમાણને આધારે જ આગળ વધવાનો આગ્રહ રાખનાર જિજ્ઞાસુ વિદ્વાનો હતા. ઘણાખરા મધ્યમ અને કેટલાક મધ્યમોત્તમાધિકારી સાધકો હતા. એટલા જ માટે વર્ગ બહારના વિદ્વાનોમાં એવી છાપ પ્રકટ થતી કે : શ્રેયસ્સાધક અધિકારી વર્ગ એ કોઇ વાડો નથી અને જો એને વિશાળ અર્થમાં (સાંપ્રદાયિક અર્થમાં નહીં) વાડો કહેવો હોય તો તે સિંહોનો વાડો છે, બકરીઓનો નહીં...... નૃસિંહનાં બાળકો સમર્થ સિંહની જ ગર્જના કરે ને ?

<u>દીક્ષાક્રમ</u>

સર્વ ધર્મોમાં ગુરુશિષ્યના સવિશેષ સંબંધના સંસ્કારને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેનો અર્થ માત્ર બાહ્ય (તિલક, કંઠી, જનોઇ, ક્રોસ ...વગેરે : ચિહ્નો તથા શાબ્દિક મંત્રોચ્ચારનો સ્વીકાર કરવામાં જ પર્યાપ્ત થતો નથી. Baptism અને Initiation નાં સૂક્ષ્મ સામર્થ્ય વિશે આપણાં શાસ્ત્રો ઉપરાંત આધુનિક પાશ્ચાત્ય તત્ત્વચિંતકોએ પણ સ્પષ્ટ અભિપ્રાયો આપેલા છે. કોઇ ધન્ય પળે શિષ્યના હૃદયમાં – અણુએ અણુમાં – વિલક્ષણ ચેતનાનો વિદ્યુત્પ્રવાહ વહેતો કરનારી અને ગૂઢ તત્ત્વરહસ્યોનો પ્રકાશ ઝીલવા યોગ્ય માધ્યમ ઘડનારી દીક્ષા તો આધ્યાત્મિક પ્રક્રિયા છે. તેમાં સમર્થ સદ્ગુરુના અનુગ્રહથી અભિષિક્ત થતી સાધકની ચેતનામાં નવો પ્રાણ પ્રસરે છે અને બાહ્યસંબંધ અથવા સ્વરૂપાવબોધ માટેની ભૂમિકા તૈયાર થવામાં સાધકના પુરુષાર્થને અવિજ્ઞાતપણે સૂક્ષ્મ વેગ મળે છે. અધ્યાત્મગગનમાં ઊર્ધ્વારોહણ કરવા માટે ઇષ્ટાનુગ્રહનું સામર્થ્ય પ્રાપ્ત કરવા, દીક્ષા દ્વારા સાધક અને સદ્ગુરુની ચેતના વચ્ચે સૂક્ષ્મ સેતુ રચાતો હોય છે. આ સેતુની સુદૃઢતા ઉભય પક્ષની સાત્ત્વિક અને તાત્ત્વિક કક્ષા પર અવલંબે છે. સદ્ગુરુના ઓજસનો

અંશ, અધિકારાનુસાર, દીક્ષિત સાધકના અંતઃકરણમાં મંત્રશક્તિના પ્રકાશના પ્રભાવને પ્રસારે છે અને એ રીતે સાધકની શ્રેયસ્સાધનામાં વિલક્ષણ વિદ્યુત વેગ, ભાવ અને બળનું વિતરણ-વિસ્તરણ થાય છે.

"ગુરુપૂર્ણિમાને દિવસે સંન્યાસીઓ વ્યાસપૂજા કરે છે, અને શિષ્યો પોતાના ગુરુશ્રીની પૂજા કરે છે. ગુરુશ્રી શિષ્યોને આશીર્વાદ આપી ભવિષ્યના કાર્યને માટે વધારે યોગ્ય બનાવે છે, કેટલાક અધિકારી શિષ્યોમાં પોતાની શક્તિનો પાત કરીને ઊર્ધ્વગતિએ લઇ જાય છે, અને બીજા અનેક શિષ્યોનાં ત્રિવિધ દુઃખો દૂર કરે છે. શિષ્યો "સદ્ગુરુદેવકી જય" એ પ્રમાણે ભક્તિ અને આનંદથી ઘોષ કરે છે, અને આશ્રમનાં વાતાવરણની દિવ્યતાનો અનુભવ કરાવે છે. શ્રીનૃસિંહાશ્રમમાં દરેક ગુરુપૂર્ણિમાએ આ પ્રકારનો અલૌકિક આનન્દ અનેક સાધકો લેતા હતા. શ્રી ગોવર્ધનરામભાઇએ સરસ્વતીચન્દ્રમાં સુંદરગિરિ ઉપર આવેલા વિષ્ણુદાસ મહારાજના મઠનું જે વર્ણન કરેલું છે તેનો સાક્ષાત્કાર શ્રીનૃસિંહાચાર્યજીના આશ્રમમાં થતો હતો. થૉમસ મૂરનું યુટોપિઆ કે પ્લેટોનું આદર્શનગર જાણે નૃસિંહાશ્રમમાં ન હોય એમ લાગતું હતું. ગુરુપૂર્ણિમાને દિવસે સાધકો પોતાનું ભાન ભૂલી જતા હતા, રાગદ્વેષી અને વેર્ઝોથી મુક્ત બની જતા હતા, વિશ્વબંધુત્વની ભાવના અનુભવતા હતા, અને સદ્ગુરુશ્રીનાં કીર્તનો શ્રવણ કરીને મુગ્ધ બનતા હતા, અને એક દિવ્ય સૃષ્ટિમાં વિચરતા હોય એવો અનુભવ થતો હતો".[1]

શ્રીમન્નૃસિંહાચાર્યજી અદ્ભુત શક્તિપ્રપાત કરનારા આ વિલક્ષણ સાંકેતિક કહી શકાય એવા દીક્ષાક્રમને બહુ સસ્તો બનાવીને તેનું આધ્યાત્મિક મૂલ્ય ઘટાડતા નહીં. સામાન્યતઃ સાધકની

---

૧. પ્રો.ગોવિંદલાલ હ. ભટ્ટ : "શ્રીમન્નૃસિંહાચાર્યજી"ની - પ્રસ્તાવનામાં, પૃ.૧૭

ચેતનાને પ્રબુધ્ધ કરનાર આવી અપૂર્વ દીક્ષા જેને તેને – બહુજનસંખ્યાને – આપવાની અને એ રીતે શિષ્યસંખ્યા વધારવાની તેઓ બિલકુલ વિરુધ્ધ હતા. શ્રી વિશ્વવંધ, શ્રી ઈશ્વરભાઈ વગેરે ઉત્તમાધિકારી ભક્તો પણ કપરી કસોટી અને દીર્ઘકાળપર્યન્તની અભીપ્સાને અંતે જ દીક્ષિત થયા હતા. ખરેખર તો આચાર્યશ્રીએ, આ સંબંધમાં સંપૂર્ણ નિઃસ્પૃહ હોવાથી, કદી પોતે અથવા તો અગ્રણી સાધકો દ્વારા પરોક્ષ રીતે કોઇના ય દિલમાં દીક્ષા માટેની પ્રેરણાને પ્રદીપ્ત કરી નથી. આ ઉદારમતવાદી આચાર્ય તો કંઠી – મંત્રવિધિ વગેરેનું મર્યાદિત મૂલ્ય આંકીને – અથવા ઘણી વખત તો માર્મિક રીતે તેની ઉપેક્ષા પણ કરીને – સૌના ચિત્ત પર એક જ વાત પ્રેમપૂર્વક ઠોકતા કે, આ બધા બાહ્ય ઉપચાર-પ્રયાસો ઠીક છે. કરો. ના નથી. જરૂરના છે. પરંતુ કર્તવ્ય માત્ર હોય તો એક જ છે :

> "બ્રહ્મસો નામ નહિ, મન નિશ્ચય કરો, સત્ય પહોંચાન કે પાર જાના
> કહે નરસિંહ કોઇ પંથમેં મત ફસો, તત્ત્વ બિચારકેં આપ પાના".[1]

આમ આચાર્યશ્રી માનવમાત્રના "માંસ"ને પૂર્ણ રીતે મુક્ત કરી તેના સ્વસ્વરૂપના સત્ય-સ્વાતંત્ર્યમાં નિત્ય વિહાર કરાવવાની ઉચ્ચ અભિલાષા રાખતા. આવા જ્ઞાની પ્રતાપી યોગીશ્વર મહાત્માનું શરણ સ્વીકારનારા અસંખ્ય બુધ્ધિવૈભવી સાધકો અપૂર્વ ભક્તિભાવથી સદ્ગુરુમાં પરમાત્મભાવનું આરોપણ કરે અને એ રીતનો જ તેઓશ્રી સાથે સઘળો વ્યવહાર કરે એમાં શું આશ્ચર્ય ! અનેક સાધકોએ આચાર્યશ્રીના દિવ્યભવ્ય વ્યક્તિત્વનું મનોહારી વર્ણન

---

૧. "શ્રીનૃસિંહવાણી વિલાસ", પ્રથમ પુસ્તક : પદ ૩૭

કરેલું છે. આજે પણ શ્રીનૃસિંહાશ્રમમાં વિશાળ ખંડમાં લગભગ આખી ભીંતને રોકતી આચાર્યશ્રીની વિરાટ ભવ્ય પ્રતિમા પ્રતિ મીટ માંડતાં જોનારની આંખોને તૃપ્તિ થતી નથી – જાણે જોયા જ કરીએ એમ થાય છે ! સુવર્ણનું પતરું જાણે અગ્નિમાં તપાવ્યું હોય એવી હિંગળોક જેવી દેદીપ્યમાન દેહકાંતિ, અંગ પર ધવલ વસ્ત્રપરિધાન, ખભા પર ઝૂલતી આકર્ષક કેશની લટો, વિશાલ ભાલ પર ભસ્માવલેપ અને મધ્યમાં વિલસતું કેશરત્રિપુંડ, સાધકોએ પ્રેમપૂર્વક સમર્પણ કરેલી સુગંધી ફૂલોની માળાથી ઢંકાયેલો કંઠ – આવી મનોહર તેજસ્વી તપોમૂર્તિ પૃથ્વી પર ગૌરવભર્યા પગ માંડે ત્યારે કાષ્ઠપાદુકાઓનો શ્રવણમધુર ખખડાટ, મૌનભર્યા વાતાવરણમાં પ્રસરતો પ્રસન્નતાનો પરાગ, નેહભર્યાં વિશાલ નેત્રોમાંથી વહેતી શીતલ આહ્લાદક અમીધારા અને શ્રવણ કરનારની હૃદયગુહાના ગાઢ અંધકારને ભેદતી સુધાસ્ત્રવતી વાણીની રમણીય મધુરતા..... એ દિવ્ય રમ્ય મનોરમ વ્યક્તિત્વ સૌને આકર્ષક લાગતું.

આવા અવર્ણનીય પ્રતાપ અને ઓજસની સાથે સ્નેહમાધુર્ય અને વાત્સલ્યનો સુમેળ દાખવનાર આચાર્યશ્રીને એક અગ્રણી વિદ્વાન સાધક સંસ્કૃતમાં રચેલી આરતિ-સ્તુતિમાં પવનજિત એવા યોગી-યતિજનોના ગન્તવ્ય ધ્યેયરૂપ, દિક્કાલાદિથી અમેય, નિગમવચનલક્ષ્યાર્થ સકલાતીત વિમલપરમતત્ત્વરૂપે અને शिष्यसमूहे सदय समित्रवत् सभ्य: । વગેરે સંબોધનોથી વર્ણવે એમાં શું આશ્ચર્ય ?[1]

..... ..... .....

---

૧. सुरवरनिकरैर्वन्द्य: पवनजितां ध्येय: ।
यतिजनगतिरविनाशो दिक्समयामेव: ॥
जयसि नृसिंहगुरो ॥

– શ્રી નગીનદાસ પુ. સંઘવી.

## થિયોસૉફિકલ સોસાયટીના નેતાઓ આચાર્યશ્રીની મુલાકાતે

આપણે પાછળ પૃ. ૧૦૧પર વડોદરાના મુખ્ય ન્યાયાધીશ ગાડગીલના તથા સંન્યાસી યોગી મહાત્મા ગુંગીબાવા તથા તેના સંન્યાસી મંડળના પ્રસંગનો ઉલ્લેખ કરી ગયા છીએ. થિયોસૉફિકલ સોસાયટીના સભ્યોને યોગવિદ્યામાં સારો રસ હતો. પરંતુ તેમા પ્રત્યક્ષ ક્રિયા બતાવનારા – જાણનારા બહુ ઓછા સભ્યો હતા. તેઓનું જ્ઞાન પણ પુસ્તકિયા વધારે. પ્રેતાવાહન વિદ્યાની કેટલી તામસી ઉપાસનાઓ સિધ્ધ કર્યા પછી શ્રી એ.પી.સીનેટનો સંબંધ થતાં સોસાયટીના પ્રમુખ મૅડમ બ્લૅવેટ્સ્કીએ તિબેટમાં રહી યોગવિદ્યાનો તથા ઉપનિષદોનો શક્તિ અનુસાર અભ્યાસ કર્યો હતો. તેથી પ્રમુખ પોતે જ જિજ્ઞાસુઓને યોગની કેટલીક ધારણાઓનું પત્રો દ્વારા અને શકય હોય ત્યાં પ્રત્યક્ષ શિક્ષણ આપતા. પરંતુ તેમાં અધિકારની યોગ્યાયોગ્યતાનો વિચાર ભાગ્યે જ કરવામાં આવતો. ગુંગીબાવાના કેટલાક યોગવિષયક ચમત્કારોથી અંજાઇને જિજ્ઞાસુ થિયોસૉફિસ્ટ બંધુઓ તેમનો સમાગમ પણ સેવતા. ગુંગીબાવા વડોદરા આવતા ત્યારે અગ્રણી થિયોસૉફિસ્ટ ન્યાયમૂર્તિ ગાડગીલને ત્યાં ઉતરતા. તે વખતે થિયોસૉફિસ્ટ બંધુઓ યોગ વિશે જાણવાની ઈચ્છાથી તેમને ત્યાં એકત્ર થતા. તેમાં શ્રીહરિ દામોદર પંડિત નામના થિયોસૉફિસ્ટ પણ આવતા. ચર્ચાઓ પણ થતી. છતાં ગુંગીબાવાથી તેઓને પૂરતો સંતોષ મળતો નહીં.

શ્રીહરિ પંડિતની આગ્રહભરી વિનંતિને લીધે મેડમ બ્લૅવેટ્સ્કીએ તેમને સૂર્યની ધારણાનો યૌગિક વિધિ બતાવ્યો હતો. અને તે પ્રક્રિયા વિશે કેટલાંક સૂચનો પણ કર્યાં હતાં. તે તો પછી વડોદરા છોડી જતા રહ્યા. મૅડમે દર્શાવેલા

MEHT LIB THE M. S. UNIVERS

શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીહરિ પંડિતે તો એકનિષ્ઠા અને એકાગ્રતાથી રવિધારણા શરૂ કરી. ઉપાસના ફળી. ઉપાસ્ય દેવતા દિવાકરનાં તેમને દર્શન થવા લાગ્યાં. પરંતુ પ્રકાશની સાથે સાથે તેમના સમસ્ત દેહના અણુઅણુમાં લ્હાય લાગી. અગ્નિજવાળાઓએ જાણે રોમરોમને દગ્ધ કરવા માંડ્યું. પંડિતે પોતાના ગુરૂ મૅડમ બ્લૅવેટ્સ્કીને પત્ર લખી પુછાવ્યું પરંતુ કોઇ ખુલાસો મળ્યો નહીં. ક્યાંથી મળે ? મારણ-નિવારણના વિધિની ખબર હોય તો ને ! છતાં તેમણે, પોતે પરદેશથી વડોદરા આવે ત્યાં સુધી રાહ જોવા પત્રમાં સૂચવ્યું પરંતુ દાહમુક્તિ માટેની કોઇ પ્રતિક્રિયા તેઓ સૂચવી શક્યા નહીં ! આવી રીતે રાહ જોતાં જોતાં - પ્રચંડ જ્વલનને સહન કરતાં કરતાં - વર્ષ નીકળી ગયું. પછી જ્યારે મૅડમ આવ્યા અને પંડિતને મળ્યા ત્યારે એ ભાવનું કહ્યું કે : તમારા કહેવાથી મેં આ પ્રયોગ બતાવ્યો હતો તે ફળ્યો છે. પરંતુ તમારી દાહમુક્તિ માટે મેં ઘણા ગ્રંથો ઉથલાવ્યા પરંતુ કોઇ ઉપાય મને જડ્યો નથી. તમારા કોઇ સાધુ-યોગીને પૂછી જુઓ. કદાચ કોઇ જાણકાર મળી આવે તો તમને દર્દમુક્તિ મળે. મૅડમની લાચારીથી પંડિત, ગાડગીલ અને બીજા થિયોસૉફિસ્ટ સભ્યો આશ્ચર્ય અવાક્ બની ગયા !

ચુંનીબાવાના સૂચનથી ગાડગીલ બંધુ અનલદગ્ધ પંડિતજીને શ્રીનૃસિંહાશ્રમમાં લઇ ગયા અને સર્વ હકીકત નિવેદન કરી કૃપા કરવા વિનંતિ કરી[1] યોગીવર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીએ દુઃખનું

---

1. સરખાવો :- "In about 1885 Madam Blavatsky and Col.Olcott happened to arrive in Baroda. An ardent theosophist had been ailing from the after-effects of some Yogic Kriya incorrectly done by him. His case was brought to the notice of Bapji-Shri, who was requested to examine the patient and see if his ailment could be cured. Bapjishri prescribed some Kriyas to counteract the bad effects of the wrong Kriya done by him. The patient followed the advice and was cured of the ailment. This fact was reported to Madam Blavatsky who expressed a desire to meet Bapji Shri. An interview between the two personalities was arranged and they had a three hours' very cordial interview at the Ashram. Madam Blavatsky requested BapjiShri to become a member of the Theosophical Society and become the Head of the branch of the Society for Gujarat. Bapjishri naturally declined the offer with thanks. Mr.Gadgil the Naib Diwan of Baroda who was present at the interview, requested Bapjishri to reconsider the matter as in his opinion. Bapjishri would gain popularity by joining the Theosophical Society. Bapjishri replied that he did not have any ambition for popularity or reward for the work that he was doing in his own humble way. While leaving the Ashram, Col. Olcott remarked, "I have never seen a more charming personality."

- H.M.M. : 'Shri Nrusinhacharyaji',

Page - 12.

નિદાન કરી તરત જ બીજી પ્રક્રિયા બતાવી અને એ પ્રમાણે પ્રયોગ કરતાં, સવા વર્ષથી સતત અગ્નિસ્નાન કરી રહેલા પંડિતજી અલ્પ સમયમાં જ રોમરોમમાં શીતળતા અને પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા. તે જ પળે યોગીશ્વર શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં ચરણોમાં દંડવત પ્રણામ કર્યા. થિયોસૉફીનો ત્યાગ કરી તેઓ સહકુટુંબ આચાર્યશ્રીના પરમ શ્રધ્ધાળુ શિષ્ય બની રહયા. તેમની સાથે બીજા પણ કેટલાક થિયોસૉફિસ્ટ વિદ્વાન બંધુઓ - વહેલામોડા - વર્ગમાં જોડાયા.

મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલ્કોટે શ્રીમન્નૃસિંહાચાર્યજીના યોગૈશ્વર્ય ઉપરાંત સિધ્ધાવસ્થા વિશે ખૂબ ખ્યાતિ સાંભળી હતી અને તેથી આચાર્યશ્રીનાં દર્શન-સમાગમ માટે તીવ્ર અભીપ્સા સેવી હતી. તેમણે ચુંગીબાવા દ્વારા આચાર્યશ્રી પ્રતિ સંદેશો પણ મોકલાવ્યો હતો. એક દિવસે સાંજે કર્નલ ઑલ્કોટનું વડોદરા કોલેજમાં પ્રવચન હતું. તેમાં તેમણે સૂક્ષ્મ શરીરો અને તેનાં કાર્ય તથા સંબંધો વિશે ચમત્કાર જેવી વિગતો ચર્ચી હતી. પરંતુ મૅડમ બ્લૅવેટ્સ્કીએ તો સામાન્ય જનોને "જાદુ" જેવું લાગે એવા Astral Bell આકાશી ઘંટ વગાડવા જેવા પ્રયોગો કર્યાં હતા. લોકો તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા ! શ્રી માસ્તર સાહેબ પણ તે સભામાં હાજર હતા.

મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલ્કોટ તે દિવસે અથવા સવારે નૃસિંહાશ્રમમાં નૃસિંહાચાર્યજીને મળવા આવ્યાં હતાં. કેટલીક જ્ઞાનચર્ચા કર્યા પછી મૅડમ બ્લૅવેટ્સ્કીએ આચાર્યશ્રીને ખૂબ વિનયપૂર્વક થિયોસૉફિકલ સોસાયટીનું અધ્યક્ષપદ સ્વીકારવા વિનંતિ કરી. સોસાયટીનું સારીરીતે સંચાલન કરી શકે એવા જે નેતાની તેઓ શોધમાં હતા, તે નેતા હવે તેમને મળી ગયા છે એમ જણાવી, મૅડમે

સોસાયટીના વિશાળ ગ્રન્થાગારનો અને સોસાયટીના નેતાપદનો સ્વીકાર કરી તેમના પર મહાન ઉપકાર કરવા પુનઃપુનઃ આગ્રહ કર્યો. પાછળથી ગુંગીબાવાએ અને શ્રી માસ્તર સાહેબે પણ તેમની પ્રસ્તાવનાનો સ્વીકાર કરવા ખૂબ પ્રેમપૂર્વક ભલામણ કરી. પરંતુ લોકેષણા કે સર્વ લાલસાથી મુક્ત નિરંતર નિઃસ્પૃહ વિરાગવૃત્તિને વરેલા આચાર્યશ્રીએ વિવેકપૂર્વક ના પાડતાં જણાવ્યું કે, તત્કાલ તો એવી પ્રવૃત્તિમાં પડવાની તેમની ખાસ ઈચ્છા અને અનુકૂળતા નથી.

આ મુલાકાત વખતે કર્નલ ઓલ્કોટની દૃષ્ટિ આચાર્યશ્રીના મુખની આસપાસ પ્રવર્તી રહેલા સૂક્ષ્મ અદૃશ્ય તેજોમંડળ (Halo) પર મીટ માંડી રહી હતી. તેઓ આચાર્યશ્રીની પ્રતિભાથી મુગ્ધ બન્યા હતા.

.... .... ....

સોસાયટી જેવી વિશ્વવિખ્યાત સંસ્થાના પ્રમુખપદનો પોતે ત્યાગ કર્યો તે જ રીતે બ્રહ્મચારી મોહનસ્વરૂપની મઠમિલ્કત અને તેમના સેવકમંડળના સ્વામી બનવાના પ્રસંગને તેમણે યુક્તિપૂર્વક ટાળ્યો હતો, તેનો આગળ નિર્દેશ થઇ ગયો છે. તે જ પ્રમાણે વડોદરામાં સુરસાગર તળાવ પર આવેલી કબીરપંથીની ગાદી પર ગેબીદાસ નામના ૯૦ વર્ષના વૃધ્ધ સાધુ હતા. તે નૃસિંહાચાર્યજીનો સમાગમ કરતા અને તેમના પ્રત્યે પૂજ્યભાવ રાખતા; એટલું જ નહીં પણ પોતાના સ્થાનકે નૃસિંહાચાર્યજીને બોલાવી તેમનો આદર-સત્કાર કરી શિષ્યોની શંકાઓનું સમાધાન કરાવતા. આવા શક્તિશાળી આચાર્યશ્રીને સોંપવાથી પોતાની ગાદી વધારે પ્રભાવશાળી બની સારી રીતે ચાલશે એ હેતુથી ગેબીદાસ સાધુએ મોટો ઉત્સવ યોજ્યો. તેમાં અતિથિવિશેષ તરીકે શ્રીમન્નૃસિંહાચાર્યજીની પૂજા કરી-કરાવી. છેવટે પોતાની ગાદી ઉપર તેમને બેસાડી

પટ્ટાભિષેકવિધિ કર્યો. સાક્ષીભાવે આ બધું થવા દીધા પછી આચાર્યશ્રીએ પોતાને સમર્પિત "ગાદી" સુપાત્રને દાન કરી દેવા જણાવી પોતે ત્યાંથી નૃસિંહાશ્રમમાં પધાર્યા. ત્યારપછી ફરીથી તેઓશ્રી કદી ત્યાં ગયા નથી !

.... .... ....

શ્રીમંત સયાજીરાવ મહારાજ સાથે

શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબ મકરપુરા નિવાસ કરતા હતા. શ્રી ગાડગીલની સાથે તેઓ ઘણી વખત અગમનિગમની વાતોની ચર્ચા કરે પરંતુ સંતોષ થાય નહીં. વિચક્ષણબુધ્ધિના આ રાજવીને તો નવી પધ્ધતિથી શાસ્ત્રના સિધ્ધાંતો સમજવાની લગની લાગી હતી. નૃસિંહાચાર્યજીનું નામ તેમણે સાંભળેલું. હૃદયમાં દર્શનેચ્છા તો સ્ફુરેલી. તેમાં ગાડગીલે વાતવાતમાં એ ભાવનું જણાવ્યું કે : ઝટ ગળે ઉતરી જાય એવી સુંદર અને સચોટ પધ્ધતિથી તત્ત્વજ્ઞાનનાં રહસ્યો સમજાવવામાં કોઈ સમર્થ યોગીવર્ય હોય તો તે શ્રીમન્નૃસિંહાચાર્યજી જ છે..... અને નિમંત્રણ થયું. ગાડી મોકલી. રાજમહેલમાં મુલાકાત થઇ. કલાકો સુધી પ્રશ્નોત્તર-ધારા વહેવા લાગી. રાજાની સત્ત્વશીલ બુધ્ધિ અને સત્સંસ્કાર વિશે આચાર્યશ્રીના હૃદયમાં સારી છાપ પડી. આચાર્યશ્રીની પ્રતિભા, જ્ઞાનકલા અને સમજાવવાની વિલક્ષણ શકિતથી પ્રભાવિત થયેલા મહારાજાએ કૃતકૃત્યતા અને કૃતજ્ઞતા વ્યકત કરતાં જણાવ્યું કે, તેમની ઈચ્છા તો આચાર્યશ્રી પાસેથી બધાં જ ધર્મશાસ્ત્રો સારી રીતે સમજી લેવાની છે. પરંતુ બીજા જ દિવસે તેમનો પ્રવાસનો કાર્યક્રમ પૂર્વયોજિત હતો એટલે તેમણે આચાર્યશ્રીને થોડા દિવસો પ્રવાસમાં તેમની સાથે વિચરવા અને જ્ઞાનચર્ચા ચાલુ રાખવા વારંવાર વિનંતિ કરી. પરંતુ સ્વતંત્ર નિઃસ્પૃહવૃત્તિના આચાર્યશ્રીએ બીજા જ દિવસે પ્રવાસમાં જવાની વૃત્તિને વેગ આપ્યો નહીં.

## વર્ગનાં સામયિકોનો પ્રારંભ

આમ શ્રીનૃસિંહાચાર્યજી અને તેમની પ્રેરણાનુમતિથી શ્રી વિશ્વવંદ્યના નિવ્યાજ નિઃસ્પૃહ પ્રયાસોથી શ્રેયસ્સાધક અધિકારી વર્ગની પ્રવૃત્તિઓએ વ્યાપક સ્વરૂપ ધારણ કરવા માંડ્યું હતું. તેમાં જ્ઞાનપ્રદીપના પ્રોજ્જવલ પ્રકાશને વધુ વિસ્તૃત અને સુસ્પષ્ટ સ્વરૂપ આપવાના શુભ આશયથી સાહિત્યિક પ્રવૃત્તિના પ્રકાશનને વેગ મળે એવું નિમિત્ત મળ્યું. આચાર્યશ્રીનાં "ભામિનીભૂષણ" અને "નૃસિંહવાણીવિલાસ"નાં પદો વગેરેનું કેટલુંક સાહિત્ય તો પ્રસિધ્ધ થઇ ચૂક્યું હતું. તે સમયે ગુજરાતમાં "સુદર્શન" માસિકમાં આ સંબંધી ચર્ચા પણ આવતી હતી. તે પરથી વર્ગના વિદ્વાન સાધક નગીનભાઈ સંઘવીએ શ્રી માસ્તર સાહેબ અને અન્ય અગ્રણી સાધકો સમક્ષ, પ્રજામાનસના ઘડતર માટે "વર્ગ"નું સ્વતંત્ર માસિક હોવા બાબત વિચાર વહેતો મૂક્યો. એ વિચાર સૌના દિલમાં વસી ગયો. આચાર્યશ્રીની અનુમતિ મળી ગઇ..... અને ઇ.સ.૧૮૮૯માં "મહાકાલ"[1] માસિકનો પ્રારંભ થયો. "વાણી-નિરોધ" વિશે શ્રીમાસ્તર સાહેબના એક લેખ સિવાય આચાર્યશ્રીના જ સરળ સુબોધમય શૈલીના લેખો "મહાકાલ"ના આરંભના અંકોમાં પ્રકટ કરવામાં આવતા. વર્ષો પછીથી તેમાં મુખ્યત્વે શ્રીમાસ્તર સાહેબ ઉપરાંત પ્રો. કણિયા, નર્મદાશંકર મહેતા, કૌશિકરામ મહેતા, નગીનદાસ સંઘવી.... વગેરે વિદ્વાનોના વેદાન્ત, યોગ અને ધર્મનીતિવિષયક વિચારોની શાસ્ત્રીય મીમાંસા કરનારા લેખો આવવા લાગ્યા. ૧૯૦૩માં "પ્રાતઃકાળ" નામનું બીજું માસિક પણ ખાસ કરીને નવયુવાનોને

---

૧. આ સંબંધી સવિગત વિવેચન પ્રકરણ ૭ માં કરવામાં આવશે.

દૃષ્ટિમાં રાખીને શરૂ કરવામાં આવ્યું. અને જોતજોતામાં તો આચાર્યશ્રીએ ગુજરાતને ચરણે દશેક મૂલ્યવાન પુસ્તકોની ભેટ ધરી. આમ વર્ગની પ્રવૃત્તિઓએ પાંખો પ્રસારી હતી ત્યાં વર્ગની સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્ર સમા, વર્ગના પ્રાણ-આત્મા સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોતાની ૪૩મી જયન્તીના ઉત્સવદિને પોતાના અમૃતમય પ્રવચનમાં જાણે આગાહી આપતા હોય તેવા ઉદ્ગારો કાઢયા હતા :

"સાધકોએ સદ્ગુરુતત્ત્વને ભૌતિક તનુમાં જ મર્યાદિત રૂપે ન જોતાં તે તત્ત્વ સમસર્વત્ર વ્યાપક છે, એ જોવાનો અભ્યાસ પાડવો જોઇએ".

## સ્વરૂપાવસ્થાન

અને સંવત ૧૯૫૩ (જુલાઇ ૧૮૯૭)ના પવિત્ર શ્રાવણ માસની નાગપંચમીનો (શુકલ ૫) મંગલ મંગળવાર આવ્યો ! મધ્યાહ્નના સંધિ સમયે નૃસિંહાશ્રમમાં ભોજનથી પરવારી આચાર્યશ્રી ઉપરના ખંડમાં કંઇક લખવા કે વાંચવા બેઠા. અંતેવાસી સાધકબંધુ શ્રી ત્રિકમલાલભાઇએ પાનનું બીડું આપ્યું તે પોતે પ્રેમથી આરોગ્યું અને આરામ લેવાની ચેષ્ટા કરી. થોડી જ વારમાં ત્રિકમલાલભાઇએ આચાર્યશ્રીના મુખમાંથી "ગુરુ ગુરુ" શબ્દનો મંદધ્વનિ સાંભળ્યો..... અને સ્વરૂપાવસ્થાનની સ્થિતિ સમજી જતાં દંડવત ભરી ભારે હૈયે શ્રી માસ્તર સાહેબ તથા અન્ય સૌને ખબર આપી. સમાચાર તો શહેરમાં અને બહારગામ પણ વાયુવેગે પ્રસરી ગયા. સૌ કોઇ શોકસાગરમાં ડૂબી ગયું. સાધકોનાં તો જાણે હૃદય ચિરાઇ જતાં હતાં. દોઢહજાર ઉપરાંત સાધકો, સજ્જનો, અધિકારીઓ અને શાળાઓ અને કૉલેજના વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં આશ્રમ પાસે કલ્પાંત કરતા બેઠા હતા. તેઓ સૌ બાપજીશ્રીના અંતિમ દર્શને આવ્યા હતા. શ્રી વિશ્વવંદ્યે મહામુશ્કેલીએ સંયમ સાચવીને સર્વને

આશ્વાસન આપતાં જણાવ્યું કે : આત્મજયોત બ્રહ્મજયોતમાં ભળી જવાના આ સ્વરૂપશમનના પ્રસંગે, બાપજીશ્રીના ઉપદેશ અનુસાર, મિથ્યા શોકવિલાપ કરવો જોઇએ નહીં પરંતુ તત્ત્વચિંતનથી ભાવનાને સુદૃઢ કરવા પ્રયત્ન કરવો જોઇએ કે : સદ્‌ગુરુનું કદી વિલોપન થતું નથી. જયારે જયારે સાધક ભક્તિભાવપૂર્વક માર્ગદર્શન માટે પ્રાર્થના કરે છે ત્યારે ત્યારે સદ્‌ગુરુતત્ત્વની પ્રેરણા-સહાય અવશ્ય મળતી રહે છે. માટે સાધકોએ ચિત્તની વૃત્તિને વિકલ-વિચલિત થવા ન દેતાં શાંતિ અને ધૃતિ ધારણ કરવી જોઇએ. લીલાવિગ્રહ બાપજીશ્રીના તનુથી અભિન્ન એવા શ્રી ઉપેન્દ્રભગવાન[1] હવે વર્ગના આચાર્ય તરીકે પિતાશ્રીનાં આદરેલાં કાર્યોને આગળ ચલાવશે, એમાં શંકા નથી." સદ્‌ગુરુદેવકી જય"ના ઘોષ સાથે, સૌ કોઇએ બીજે દિવસે ગંભીરવદને શ્રીમન્નૃસિંહાચાર્ય રચિત ગુરુગૌરવનું મંગલ ગાન કર્યું :

રાગદેશ

"જય જય સદ્‌ગુરુરાય, જગમાં જય જય સદ્‌ગુરુરાય.
(જેના) હરિહરઅજ ગુણ ગાય, જગમાં૦ ટેક.
અધોગતિથી આ સઉ જીવને, તારિ લિયે ક્ષણમાંહ્ય, જગમાં૦૧
જે સત્તાનો વેગ મળ્યેથી, સહજે ઉર્ધ્વ વહાય. જગમાં૦૨
જેનું કૃપાબલ પાપ સકલને, સત્વર કરતું વિદાય, જગમાં૦૩
જેના સત્ત્વપ્રસાદવડે આ, - જીવથી શિવ થવાય, જગમાં૦૪
લહી મહિમા જે પદનો અમરો, મનમાં અતિ મુઝાય, જગમાં૦૫
પ્રબલ પુણ્યના બળથી જીવથી, જે પદ સધે પમાય, જગમાં૦૬
સકલ કલાને વિધા સઘળી, જે પદપ્રતિ આળપાય, જગમાં૦૭
જે સત્તાબલથી ખેંચાયા, જીવ સુપંથે ધાય, જગમાં૦૮
જે સ્વરૂપે જઇ ઢળતા સઘળા, કલેશ સમૂલ શમાય, જગમાં૦૯
નૃસિંહ પ્રભુપદ તે સુખદાતા, મળતાં જયયશ થાય, જગમાં૦૧૦"[2]

---

૧. આ સમયે શ્રી ઉપેન્દ્રભગવાનની વય ૧૨ વર્ષની હતી.
૨. "શ્રીનૃસિંહવાણીવિલાસ" તૃતીય પુસ્તક : પદ ૧.